ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



03
DECEMBER, 2025
WEDNESDAY

પેજ 2  ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ

પેજ 3  અમદાવાદ ઈન્દોર હાઈવે પર ખાડાનો ત્રાસ

પેજ 7  બંધ કારમાં ઓક્સિજન મેન્ટેટ થશે, પેટન્ટ વિકસાવી

પેજ 5 ઈડર મામલતદાર કચેરીનું ઝડપભેર પૂર્ણ થતુ કામકાજ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 258 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### 2020થી વર્તમાન વર્ષ સુધીના આંકડા કેન્દ્રની ભાજપા સરકારએ સંસદમાં રજુ કર્યા

# વિકાસની વાતો પોકળ ! : પાંચ વર્ષમાં બે લાખ કંપનીને 'તાળા'

### વર્ષ 2022-23માં સૌથી વધુ 83,452 કંપનીઓને બંધ થઇ, આ વર્ષે જ જુલાઇ સુધીમાં આઠ હજારથી વધુ કંપનીઓને તાળા લાગ્યા

નવી દિલ્હી : બેરોજગારીનો મુદ્દો ચર્ચામાં છે એવામાં છેલ્લા પાંચ વર્ષમાં દેશભરમાં બે લાખથી વધુ પ્રાઈવેટ કંપનીઓ બંધ થઈ ગઈ છે. આ ખુલાસો ખુદ કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં કરવામાં આવ્યો હતો. કેન્દ્રએ લોકસભાને જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં ૨,૦૪,૨૬૮ કંપનીઓ બંધ થઈ ગઈ છે. સૌથી વધુ કંપનીઓ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમિયાન બંધ થઈ ગઈ હતી. જ્યારે જે પણ કુલ કંપનીઓ નોંધાયેલી છે તેમાંથી પણ માત્ર ૬૫ ટકા જેટલી જ સક્રિય સ્થિતિમાં છે.

કોર્પોરેટ બાબતોના કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રાએ લોકસભામાં લેખિતમાં આ આંકડા રજૂ કર્યા હતા. તેમણે છેલ્લા પાંચ વર્ષમાં દર વર્ષે કેટલી કંપનીઓ બંધ થઈ તેની આંકડાકીય માહિતી આપી હતી. સંસદમાં રજૂ થયેલા આ આંકડા મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૫,૨૧૬ કંપનીઓ બંધ થઈ ગઈ હતી જ્યારે તે પછીના વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૪,૦૫૪ કંપનીઓ બંધ થઈ ગઈ. સૌથી વધુ ૮૩,૪૫૨ કંપનીઓ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન બંધ થઈ ગઈ હતી. તે પછી વર્ષ ૨૦૨૩-૨૪માં આ આંકડો ૨૧,૧૮૧એ પહોંચ્યો હતો. આ તમામ આંકડાને જોડીએ તો પાંચ વર્ષમાં કુલ ૨.૦૪ લાખ કંપનીઓ બંધ થઈ ગઈ.

જોકે સરકારે દાવો કર્યો હતો કે આ કંપનીઓ બંધ થવા પાછળનું કારણ કોઈ આર્થિક સંકટ નથી, કંપનીઓએ ખૂદ કહ્યું છે કે તે બિઝનેસ કરવા નથી માગતી. કેટલીક કંપનીઓ નિષ્ક્રિય રહી જેને કારણે લિસ્ટમાંથી હટાવી દેવાઈ જ્યારે કેટલીક કંપનીઓ મર્જર થઈ ગઈ કે વિલય થઈ ગયો. વર્તમાન નાણાકીય વર્ષમાં ૧૬ જુલાઈ સુધી ૮૬૪૮ કંપનીઓ બંધ કરી દેવાઈ હતી.

શું આ બંધ થયેલી કંપનીઓના કર્મચારીઓનો પુનર્વાસ કરાયો કે કેમ તેવા સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે સરકારને આવો કોઈ પ્રસ્તાવ નથી મળ્યો.

આ પહેલા આ વર્ષે જ જાન્યુઆરી મહિના સુધીના આંકડા સામે આવ્યા હતા જે મુજબ દેશમાં ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં દેશભરમાં નોંધાયેલી કુલ કંપનીઓનો આંકડો ૨૮ લાખથી પણ વધુ હતો જેમાંથી માત્ર ૬૫ ટકા એટલે કે ૧૮ લાખ જેટલી કંપનીઓ જ સક્રિય ભૂમિકામાં હતી.

આ કંપનીઓમાં વિદેશી કંપનીઓની સંખ્યા માત્ર ૫૨૧૬ છે જેમાંથી માત્ર ૬૩ ટકા એટલે કે ૩૨૧૮ વિદેશી કંપનીઓ જ સક્રિય છે. આ આંકડા પણ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરાયા હતા. અત્યાર સુધીમાં ૯.૪૫ લાખથી વધુ કંપનીઓ બંધ થઈ ગઈ છે. જે પણ કંપનીઓ સક્રિય ભૂમિકામાં છે તેમાં ૨૭ ટકા બિઝનેસ સર્વિસ, ૨૦ ટકા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની હતી. સૌથી વધુ સક્રિય કંપનીઓ મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં છે.




### 2012માં કોલકાતા એરપોર્ટ પર બોઈંગ 737-200 વિમાન ગ્રાઉન્ડેડ કરાયું

## એર ઈન્ડિયા એરપોર્ટ પર વિમાન ભુલી ગઈ, 13 વર્ષ સુધી પડયું રહ્યું

કોલકાતા : નાની મોટી વસ્તુઓ ભુલી જવાય તે સમજી શકાય પણ શું કરોડો રૂપિયાનું વિમાન કોઈ ભુલી જાય? કોલકાતા એરપોર્ટ પર એર ઈન્ડિયા એક વિમાન ભુલી ગઈ હતી. છેલ્લા ૧૩ વર્ષથી આ વિમાન એરપોર્ટ પર પડયું રહ્યું, હવે જ્યારે કંપનીને અચાનક યાદ આવ્યું તો આ વિમાન છોડાવવામાં આવ્યું અને બાદમાં તેને વેચી દેવામાં આવ્યું. જોકે આ ભુલને કારણે એર ઈન્ડિયાએ કોલકાતા એરપોર્ટને વિમાન રાખવા બદલ એક કરોડ રૂપિયાનું ભાડુ ચુકવવુ પડયું હતું.

કોલકાતા એરપોર્ટે અંતે ૧૩ વર્ષ બાદ એર ઈન્ડિયાના આ ૪૩ વર્ષ જુના વિમાન બોઈંગ ૭૩૭-૨૦૦ એરક્રાફ્ટને વિદાય આપી હતી, ભુલાઈ ગયેલા આ વિમાનને કોલકાતા એરપોર્ટ પર ૨૦૧૨માં પાર્ક કરવામાં આવ્યું હતું, જે બાદ તેને છોડાવવાનું કે ત્યાંથી અન્ય સ્થળે ખસેડવાનું એર ઈન્ડિયા ભુલી ગઈ હોય તેમ ૧૩ વર્ષ સુધી તેને ત્યાં જ પડયું રહેવા દીધુ હતું. અચાનક યાદ આવ્યું કે કરોડો રૂપિયાનું આ વિમાન એરપોર્ટ પર ધૂળ ખાઈ રહ્યું છે તો કંપનીએ એરપોર્ટ ઓથોરિટીનો સંપર્ક કર્યો હતો.

સપ્ટેમ્બર ૧૯૮૨માં આ વિમાન ઈન્ડિયન એરલાઈન્સને સોંપવામાં આવ્યું હતું. બાદમાં ૧૯૯૮માં એલાયંસ એરને લીઝ પર આપવામાં આવ્યું હતું. બાદમાં જુલાઈ ૨૦૦૭માં ઈન્ડિયન એરલાઈન્સ પાસે કાર્ગો વિમાન તરીકે પરત આવ્યું હતું, ઓગસ્ટ ૨૦૦૭માં ઈન્ડિયન એરલાઈન્સ મર્જ થતા એર ઈન્ડિયા પાસે આ વિમાન આવ્યું હતું. બાદમાં ૨૦૧૨માં આ વિમાનને ડિકમિશન કરાયું હતું એટલે કે તેનો ઉપયોગ બંધ કરાયો હતો. ત્યારથી આ વિમાન કોલકાતા એરપોર્ટ પર પાર્કિંગમાં રખાયું હતું. શરૂઆતમાં આ વિમાન હેંગરમાં હતું બાદમાં ખુલ્લી જગ્યાએ રાખવામાં આવ્યું હતું. ખુદ એર ઈન્ડિયાના સીઈઓ કમ્પબેલ વિલ્સને કહ્યું હતું કે તાજેતરમાં જ અમને જાણકારી મળી કે આ વિમાનના અમે માલિક છીએ. આ વિમાનને બાદમાં ટ્રાન્સપોર્ટની મદદથી બાય રોડ બેંગલુરુ રવાના કરાયું હતું. આ વિમાનનો ઉપયોગ હવે એન્જિનિયર્સની તાલિમ માટે કરાશે. નોંધનીય છે કે એર ઈન્ડિયા વર્ષ ૨૦૨૨ સુધી સરકાર હસ્તક રહી, જે બાદ ટાટા ગુરપે તેની માલિકી લીધી હતી.

## પ્રમુખ પુતિનની ભારત મુલાકાત દરમિયાન ઘણા મહત્વના સોદા થશે

નવી દિલ્હી : રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનની તા. ૨૪-૫ ડિસેમ્બરની ભારત યાત્રા અતિ મહત્વની બની રહી છે. તેઓ ૨૩મી ભારત-રશિયા શિખર પરિષદમાં ઉપસ્થિત રહેવા ભારત આવી રહ્યા છે. જેમાં ઊર્જા, વ્યાપાર અને સૌથી વધુ સંરક્ષણ ક્ષેત્ર વિષે ચર્ચા થવાની છે. અને તે ક્ષેત્રોમાં કેટલાએ સોદા થવાના છે. પ્રમુખ પુતિન ભારત યાત્રાએ તેવા સમયે આવે છે કે જ્યારે ટ્રમ્પે રશિયા સાથે વ્યાપાર કરવા માટે ભારત સાથે સખ્તાઈ કરી છે.

વાસ્તવમાં ભારત સ્વતંત્ર થયું ત્યારથી ભારતના રશિયા સાથે ઘનિષ્ટ સંબંધો રહ્યા છે. તે સમયે તો રશિયા ઉપર લોખંડી પ્રમુખ સ્ટાલિન સર્વ સત્તાધિશ હતા. ત્યારે ભારતના સૌથી પહેલા રાજદૂત એસ. રાધાકૃષ્ણજી હતા.

પ્રમુખ પુતિન યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી પહેલી જ વાર ભારત આવે છે. આ પૂર્વે કાઝાનમાં મળેલી બ્રિક્સ દેશોની શિખર પરિષદમાં નરેન્દ્ર મોદી, પુતિનને મળ્યા હતા. તે સમયે પ્રમુખ પુતિનના હસ્તે મોદીને રશિયાનું સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું હતું. આમ બંને દેશો વચ્ચે સંબંધો હુંફાળા બની રહ્યા છે.

સૌથી મહત્વના સોદાઓમાં એસ-૪૦૦ એર ડીફેન્સ સીસ્ટીમ્સનો સોદો છે. પાંચ અબજ ડોલરનો આ સોદો પહેલેથી જ થઈ ચૂકયો છે. તેની ૩ સીસ્ટીમ્સ તો પહેલેથી જ મળી ચૂકી છે. અન્ય બે આગામી વર્ષમાં મળી જવાની છે. હવે તો તે ઉપરાંત વધુ એસ-૪૦૦ એર ડીફેન્સ સીસ્ટીમ્સ ખરીદવાની વાત ચાલે છે. ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાનના વિમાનોએ હુમલા કરતા કરેલા તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા.

### અમેરિકાની લોકહીડ-માર્ટીન નોર્થ-રોપ ગ્રૂમાન અને જનરલ ડાયનેમિક્સની આવકમાં 334 બિલિયન ડોલરનો જંગી વધારો

## વૈશ્વિક શસ્ત્ર બજાર ઓલ-ટાઈમ-હાઈ પર 2014માં 679 બિલિયન ડોલરનાં શસ્ત્રો વેચાયાં

સ્ટોકહેમ : દુનિયાભરમાં ચાલી રહેલા અનેક સશસ્ત્ર સંઘર્ષને લીધે શસ્ત્રાસ્ત્ર ઉત્પાદક કંપનીઓની આવકમાં જંગી વધારો થયો છે. ૨૦૨૪માં ૧૦૦ જેટલી શસ્ત્ર ઉત્પાદક કંપનીઓએ તેમના નફામાં ૫.૯ ટકાનો વધારો ગત વર્ષ કરતાં વધુ કર્યો છે, તે કંપનીઓનું એકીકૃત વેચાણ ૨૦૨૪માં ૬૭૯ બિલિયન ડોલર જેટલું થયું છે જે હજી સુધીમાં નોંધાયેલા વેચાણના આંકમાં સૌથી વધુ છે.

આ માહિતી આપતાં સ્ટોકહેમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ (સીપી)એ સોમવારે જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ અને ગાઝા યુદ્ધ સહિત દુનિયાના અનેક દેશોમાં થઈ રહેલા નાના-મોટા સંઘર્ષોને લીધે શસ્ત્ર ઉત્પાદક કંપનીઓનો નફો ઘણો વધી ગયો છે. કારણ કે વેચાણમાં જંગી વધારો થયો છે.

ઉલ્લેખનીય તે છે કે, આ શસ્ત્ર ઉત્પાદન વધારો યુરોપીય અને અમેરિકી કંપનીઓ દ્વારા કરાયો છે. તેમનો નફો પણ વધ્યો છે.

આ કંપનીઓ પૈકી લોકહીડ-માર્ટીન નોર્થહોપ ગુમાન અને જનરલ ડાયનેમિકસનો નફો તો સૌથી ઊંચો ગયો છે. તેઓની સંયુક્ત આવકમાં ૩.૮ ટકાનો વધારો, ૨૦૨૪માં નોંધાયો હતો. ટકાવારી ઘણી નીચી દેખાય છે પરંતુ રકમ ૩૩૪ બિલિયન ડોલર્સ જેટલી પહોંચી ગઈ છે. તેવામાં અમેરિકા હવે તેના અત્યંત આધુનિક યુદ્ધ વિમાનો એફ-૩૫ બજારમાં મુકવાનું છે. પરિણામે શસ્ત્ર ઉત્પાદન આંક વધીને ક્યાં પહોંચશે તે કહી શકાય તેમ નથી.

કેટલીક શસ્ત્ર ઉત્પાદક કંપનીઓએ સારો એવો વિસ્તાર કર્યો છે. તેમ નોંધતાં આ રીપોર્ટ જણાવે છે કે ઝેક રીપબ્લિકના ઝેકોસ્લોવાક ગ્રૂપે તો ૧૯૩ ટકા જેટલો વધારો હાંસલ કર્યો છે. તેનું કારણ તે છે કે, ઝેક સરકારે યુક્રેનને આર્ટિલરી શેલ્સ (તોપ-ગોળા) આપવા બહુ મોટો સોદો કર્યો છે. જ્યારે યુક્રેનની જ 'જેએસસી ડીફેન્સ ઈન્ડસ્ટ્રી'એ ૪૧ ટકા વધારો કર્યો છે. રશિયાની કંપની 'રોસટેક' અને 'યુનાઈટેડ શિપબિલ્ડીંગ કોર્પોરેશન'ની રેવન્યુમાં ૨૩ ટકાનો વધારો થયો છે. તેનું એકંદર ઉત્પાદન વધીને ૩૧.૨ બિલિયન ડોલર્સ પહોંચ્યું છે, તેનું કારણ તેની આંતરિક જરૂરિયાતો જ છે. તેથી નિકાસમાં થયેલી ઘટ સરભર થઈ છે.

ઈઝરાયલી કંપનીઓએ ૧૬ ટકા ઉત્પાદન વૃદ્ધિ કરી છે. તેનું કુલ ઉત્પાદન ૧૬.૨ બિલિયન ડોલર્સ પહોંચ્યું છે. જોકે ચાઈનાની કંપનીઓનું ઉત્પાદન ૧.૨ ટકા જેટલું ઘટયું છે, ત્યાં ભ્રષ્ટાચારે આ ઘટાડામાં મહત્વનો ભાગ ભજવ્યો છે

## એઆઈનો પ્રભાવ વિશ્વમાં અમીર-ગરીબ વચ્ચેના ભેદને વકરાવી શકે

### યુનોના અહેવાલમાં ટેક વિભાજનની ચિંતા વ્યક્ત કરાઈ

બેંગકોક : આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ)ના બેવડા પ્રકારને ઉજાગર કરતા યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા જારી કરાયેલા તાજેતરના એક અહેવાલમાં તેનાથી થનારા સંભવિત લાભ તેમજ તેનાથી ઊભા થનારા પડકારો બંને પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ખાસ કરીને વંચિત વસતી માટે તેના નકારાત્મક પ્રભાવ વધુ થઈ શકે છે. અહેવાલમાં ઔદ્યોગિક ક્રાંતિના ગ્રેટ ડાયવર્ઝન સાથે તેની સરખામણી કરવામાં આવી છે અને તર્ક કરાયો છે કે સાવચેતીના પગલા નહિ લેવાય તો સમૃદ્ધ રાષ્ટ્રો એઆઈના મોટાભાગના લાભ આંચકી લેશે.

એઆઈથી ઉદ્યોગોમાં પરિવર્તન આવી શકતું હોવાથી તેમજ તેનાથી પૂરતા સમર્થન અથવા કુશળતાથી વંચિત કામદારો બેરોજગાર થવાની સંભાવના હોવાને કારણે અહેવાલમાં તેના સામાજિક પ્રભાવો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અહેવાલમાં એઆઈ પર થતી ચર્ચામાં માનવીય તત્વ સામેલ કરવાના મહત્વ પર ભાર મુકાયો છે, ખાસ કરીને પહેલેથી કૌશલ્ય તાલીમ, વીજળી અને ઈન્ટરનેટ જોડાણ જેવા મૂળભૂત સ્રોતોથી વંચિત રહેલા સમુદાય પર ધ્યાન આપવાની ભલામણ કરાઈ છે. અહેવાલમાં ડાટાના બળે ચાલતા વિશ્વમાં આ જૂથો ગાયબ થવાના જોખમ પર ભાર મુકાયો છે. કૃષિ, આરોગ્ય સંભાળ અને કટોકટી તરફ પ્રતિસાદ જેવા ક્ષેત્રોમાં સુધારા ઓફર કરીને એક તરફ એઆઈમાં ઉત્પાદન વધારવાની તેમજ ઈનોવેશનમાં ઉછાળો લાવવાની ક્ષમતા છે તો બીજી તરફ એવી પણ નોંધ કરાઈ છે કે વિસ્તરતા એઆઈ માળખાથી વીજ અને પાણીની વધતી માગને કારણે કાર્બન ઉત્સર્જન અને આરોગ્ય જોખમ તીવ્ર બની શકે. ઉપરાંત એઆઈના આગમનથી ગોપનીયતા ઉલ્લંઘન, સાયબર સુરક્ષા જોખમ અને ગેરમાહિતી માટે ડીપફેકના ઉદ્ભવ જેવી નૈતિક ચિંતાઓ પણ તોળાઈ રહી છે.

વધુમાં અહેવાલમાં એશિયામાં નોંધપાત્ર અસમાનતાઓ પ્રત્યે પણ ઈશારો કરવામાં આવ્યો છે જ્યાં ચીન અને જાપાન જેવા રાષ્ટ્રો અસરકારક રીતે એઆઈ અપનાવી શકે જ્યારે અફઘાનિસ્તાન અને મ્યાનમાર જેવા દેશો પાસે જરૂરી માળખા અને કૌશલ્યનો અભાવ હોય છે. વધી રહેલા ડિજિટલ ભેદને કારણે વિસ્તરતી એઆઈ પ્રેરિત વૈશ્વિક અર્થવ્યવસ્થામાંથી લાખો લોકો બાકાત રહી શકે છે.

### દેખો ત્યાં ઠારનો હુકમ

## 144મી કલમ છતાં ઈમરાનના હજારો સમર્થકો રસ્તા પર ઉતર્યા

નવી દિલ્હી : પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની તંદુરસ્તી વિષે કોઈ આધારભૂત સમાચાર જ પ્રસિદ્ધ થતાં નથી. આ સાથે તેઓની રાવલપિંડી પાસેની કુખ્યાત અડીયાલા જેલમાં જ હત્યા કરાઈ હોવાની અફવાએ જોર પકડયું છે. આ સાથે ઈમરાનની પાર્ટી પીટીઆઈના સભ્યો તેના સમર્થકો અને સામાન્ય નાગરિકો સહિતના હજારો લોકો કલમ ૧૪૪ને પણ અવગણી અડીયાલા જેલ તરફે ધસી જતાં તેમને રોકવા પોલીસને લાઠીચાર્જ કરવો પડયો હતો, તે પછી ટીયર ગેસ પણ નિષ્ફળ જતાં શૂટ-એટ-સાઈટ (દેખો ત્યાં ઠાર કરોનો હુકમ આપવો પડયો છે.)

ઈમરાન ખાનની જેલમાં જ હત્યા કરાઈ હશે તેવી અફવા ત્યારે શરૂ થઈ કે જ્યારે આ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને 'પાકિસ્તાન તેહરિક એ ઈન્સાફ' (પીટીઆઈ)ના જ વરિષ્ઠ નેતા અને ખૈબર-પખ્તુનવા પ્રાંતના મુખ્ય મંત્રી તથા ઈમરાન ખાનનાં બહેનોને અને તેઓના વકીલોને કે એક વકીલને પણ તેમને મળવા દેવાનો ઈનકાર કરાય છે.

પાકિસ્તાનની વર્તમાન સરકાર કેટલી હદે નીચે ઉતરી ગઈ છે તે પાકિસ્તાનના કાનૂન મંત્રી આગમ નઝીમ તરારે સમવાઈતંત્રી સંસદમાં આપેલાં વક્તવ્યમાં કહ્યું હતું કે જેલ સત્તાવાળાઓએ હમણાં જ સંદેશો મોકલ્યો છે કે કેદી નંબર ૮૦૪ની તંદુરસ્તી સારી છે. ખેદની વાત તે છે કે પૂર્વ વડાપ્રધાન માટે પાકિસ્તાનની સમવાયતંત્રી સંસદમાં કેદી નંબર ૮૦૪ તરીકે ઉલ્લેખ કરાયેલ તેઓનું નામ પણ ઉચ્ચાર્યું ન હતું. આ સંયોગોમાં વ્યાપક હિંસા થાય તેમાં આશ્ચર્ય નથી.

## પાકિસ્તાને શ્રીલંકાને એક્ષપાયરી ડેઈટના ફૂડ પેકેટસ મોકલ્યા

### દૂધ પણ એક્ષપાયરી ડેઈટનું પહોંચાડયું

કોલંબો : શ્રીલંકા સહિત દક્ષિણ પૂર્વ એશિયાના કેટલાએ દેશોમાં ચક્રવાતે તબાહી ફેલાવી દીધી છે. આ પૈકી સૌથી વધુ પ્રહાર શ્રીલંકાને સહન કરવો પડયો છે. ભારતે તો તત્કાળ સહાય જંગી સહાય તથા તબીબી ટુકડીઓ અને ડિઝાસ્ટર રીલીફ ટીમ રવાના કરી દીધી હતી. આ પછી પાકિસ્તાને પણ રહી રહીને શ્રીલંકાને ફૂડ પેકેટસ અને દૂધ રવાના કર્યા. તેની દરેક થેલી ઉપર શ્રીલંકા અને પાકિસ્તાનના ધ્વજો પણ છાપ્યા હતા. તેના ફોટોગ્રાફ્સ અહીં રહેલા પાકિસ્તાનના હાઈકમિશને પ્રસિદ્ધ પણ કર્યા. તે ફોટોગ્રાફ્સ જોતા તે જોનારા આંચકો ખાઈ ગયા. કારણકે તે પેકેટસ ઉપર છાપ્યું હતું 'પેકડ ૧૦/૨૦૨૨, એક્ષપાયર્ડ : ૧૦/૨૦૨૪.'

આ અંગે એક યુઝરે લખ્યું, સમય રેખા પૂરી થયેલો ખોરાક અને દૂધ પણ મોકલવા તે શ્રીલંકાની માનવીય સહાય દર્શાવે છે. શ્રીલંકા તેને માનવીય સહાય માનતું હશે. એક અન્ય યુઝરે લખ્યું શ્રીલંકાને મોકલેલી સહાયનો અર્થ પાકિસ્તાન ઓક્યુપાયર્ડ ફૂડ સપ્લાય માનતું હશે. જો કે, આ અંગે પાકિસ્તાનના સત્તાવાળાઓ કે શ્રીલંકાના સત્તાવાળાઓ ઘેરૂં મૌન સેવે છે. જે સહજપણ છે. પરંતુ, વિશ્લેષકો આને માનવીય સહાય નહીં પરંતુ માનવતા



સામેનો ઘોર-અપરાધ કહે છે. તેઓ કહે છે કે, સમય વીતી ગયેલું ખાદ્યાન્ન તો જોખમી છે જ પરંતુ સમય વીતી ગયેલું (એક્ષપાયરી ડેઈટ પછીનું) દૂધ તો મૃત્યુ જ લાવે. આશા રાખીએ કે કોઈ શ્રીલંકાના ચક્રવાત તબાહીગ્રસ્ત લોકોને સમયસર ચેતવે નહીં તો બીજી આપત્તિ આવી પડશે. આ વિશ્લેષકો તે પણ યાદ આપે છે કે એક સમયે પાકિસ્તાન- શ્રીલંકા વચ્ચેની ક્રિકેટ મેચ સમયે પાકિસ્તાનના કટ્ટરપંથીઓએ પથરા ફેંકયા હતા અને નાના હાથ બોંબ પણ ફેંકતા તે ટીમ પાછી આવી ગઈ હતી.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ગાંધીનગર સિવિલમાં ઉંદરોના આતંકથી દર્દીઓથી માંડી સ્ટાફ ત્રાહિમામ પોકાર્યા

### દાખલ દર્દીઓને ચેપ અને બીમારીનું જોખમ

• ગાંધીનગર

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને હોસ્પિટલના સ્ટાફ માટે ઉંદરોનો ત્રાસ એક કાયમી અને ગંભીર સમસ્યા બની ગઈ છે. માત્ર ગોડાઉન કે ખૂણાઓ પૂરતો સીમિત ન રહેલો આ ઉપદ્રવ હવે દાખલ દર્દીઓના વોર્ડ સુધી પહોંચી ગયો છે. ઉંદરોનું પ્રમાણ એટલું વધી ગયું છે કે તેઓ હવે સીલિંગની પાઈપો પર એટલે કે દર્દીઓના માથા પર જ આટાંફેરા મારતા જોવા મળે છે. જેના કારણે દર્દીઓ સતત ભયના ઓથાર હેઠળ સારવાર લઈ રહ્યા છે. સિવિલમાં નાના-મોટા ઉંદરોનો વસવાટ વર્ષો જૂનો છે, છતાં તંત્ર



કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યું છે. ઉંદરોના ત્રાસ પાછળનું એક મુખ્ય કારણ દર્દીઓના સગાંઓ દ્વારા વોર્ડની આસપાસ ફેંકવામાં આવતો એંઠવાડ છે. આ ત્રાસને કારણે ઘણીવાર દર્દીઓ આરામ કરી શકતા નથી અને હોસ્પિટલના અગત્યના દસ્તાવેજો પણ કાપી નાખવાના બનાવો બન્યા છે. થોડા વર્ષો પહેલાં સિવિલના ICU વોર્ડમાં વેન્ટિલેટર પર રહેલા એક દર્દીની ઉંદરે આંખ કરડી ખાધી હોવાની ગંભીર ફરિયાદ ઉઠી હતી. આટલી ગંભીર ઘટના બાદ પણ તંત્ર દ્વારા માત્ર પાંજરા ખરીદવા જેવા કામચલાઉ પગલાં લેવાયા છે, જે સમસ્યાને નિયંત્રિત કરવામાં તદ્દન નિષ્ફળ રહ્યા છે. દર્દીઓની સલામતી અને આરોગ્યને ધ્યાનમાં રાખીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્રએ આ ગંભીર ત્રાસથી મુક્તિ માટે તાત્કાલિક અને કાયમી ધોરણે નક્કર પગલાં લેવા માગ ઉઠી છે.

## ઉમરાળામાં કચરાના નિકાલની કાયમી સમસ્યા

ઉમરાળા : ઉમરાળા તાલુકામાં કચરાના કાયમી નિકાલની વ્યવસ્થાના અભાવે ઠેર ઠેર કચરાના ગંજ જામેલા જોવા મળી રહ્યા છે. ત્યારે ચોક્કસ સ્થળો પર કચરા પેટી મુકવા સહિત નિયમિત બે ટાઈમ કચરો સફાઈ કરાય તેવી માંગણી ઉઠી છે.

આમ તો ઉમરાળા ગામના અનેક રસ્તાઓના ખુણે ખાંચરે કચરો જોવા મળવો તથા કેટલીક જગ્યાએ રસ્તા પર ગટરની કુંડીઓ અવારનવાર ઉભરાવી એ અહીંની તાસીર થઈ પડી છે, પરંતુ અહીં કાળુભાર નદી કાંઠા પરના ગઢના રસ્તા પર ઠેર ઠેર કચરાનાં ગંજ કાયમી સમસ્યા છે અને તેમાંયે પૂર્વ દરવાજા નજીક આવેલ મહિલાઓ માટેના જાહેર સ્નાનગૃહના પ્રવેશ દ્વારની ાગળના ભાગમાં કાયમ કચરાના ઢગલા જામેલા રહે છે. બજાર અને કેટલીક શેરીઓના ઘરોથી કચરો એકઠો કરવા ગ્રામ પંચાયતનું ટ્રેકટર સવારમાં ફરતું હોય છે. પરંતુ પછી આખા દિવસ દરમિયાન જે કચરો રસ્તાઓ પર ફેંકાય કે અન્ય વિસ્તારમાંથી ઉડીને આવે તેના નિકાલની કોઈ વ્યવસ્થા નથી.

જેથી ચોક્કસ વિસ્તારોમાં કચરો વધુ પડતો એકઠો થતો હોય ત્યાં મોટી કચરા પેટી મુકવામાં આવે તો કચરો રસ્તા પર ન ફેંકાય અને કચરાપેટીમાં એકઠા થતા કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જરૂરી બની છે.

**કાર્યવાહી**

### ઊન ભરેલા ટ્રકમાંથી લાખોનો જથ્થો પકડાયો

# SMC એ બકરોલ ટોલ પ્લાઝા નજીકથી રૂ. ૧.૫૦ કરોડનો દારૂ ઝડપી પાડ્યો

### ૫૩,૩૬૯ વિદેશી દારૂની બોટલ જપ્ત; આરોપીઓ ફરાર, ચંદીગઢથી ગુજરાત દારૂ મંગાવનાર સહિત ૬ વોન્ટેડ

• અમદાવાદ

રાજ્ય મોનીટરીંગ સેલ (SMC) દ્વારા તાજેતરમાં અમદાવાદ શહેરના એસ.પી. રિંગ રોડ પર બકરોલ ટોલ પ્લાઝા નજીક એક પ્રોહિબિશનના દરોડા દરમિયાન ૧.૫૦ કરોડથી વધુનો વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે.

દરોડા દરમિયાન, કુલ ૫૩,૩૬૯ વિદેશી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હતી, જેની કિંમત ૧,૨૦,૦૮,૦૨૫/- આંકવામાં આવી છે. દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલ ટ્રક (RJ 02 GB 2821) અને અન્ય મુદ્દામાલ સહિત કુલ ૧,૫૦,૦૮,૦૨૫/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. દારૂનો આ જથ્થો ટ્રકમાં ઘેટા-બકરાના ઊન ભરેલા ૧૯૬ કોથળાઓની આડમાં છુપાવવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલો દારૂ ચંદીગઢની ડિસ્ટિલરીઝમાં બનેલો છે અને માત્ર યુ.ટી. ચંદીગઢમાં વેચાણ માટે જ અધિકૃત છે.

જોકે, આ સમગ્ર મામલે સ્થળ પર કોઈ આરોપીની ધરપકડ થઈ શકી નથી. SMC દ્વારા ટ્રક ડ્રાઈવર, ટ્રક માલિક, ફાસ્ટેગ



ધારક, ચંદીગઢનો સપ્લાયર, ગુજરાતમાં દારૂ મંગાવનાર અને ખોટી ટ્રાન્સપોર્ટ બિલ્ટી બનાવનાર સહિત ૬ વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ કેસની વધુ તપાસ માટે મામલો સરખેજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. SMC ના પી.આઈ. પી.પી. બ્રહ્મભટ્ટ દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### નશીલા પદાર્થોના કાળા કારોબાર વિષે કેમ કઈ બોલતો નહોતો?

# ભાજપા અનુ.જાતિ મોરચાના પ્રમુખ @GautamtGediya એ આજે જ કેમ પ્રેસ કોન્ફરન્સ કરવી પડી?

**તર્ક વિતર્ક**

### આ મોરચો દલિતો પર થતા અત્યાચાર વખતે કેમ ચૂપ હતો ?

• ગાંધીનગર

છેલ્લા ત્રણ દાયકાના ભાજપના શાસનમાં, આ મોરચો દલિતો પર થતા અત્યાચાર વખતે અને નશીલા પદાર્થોના કાળા કારોબાર વિષે કેમ કઈ બોલતો નહોતો?જીગ્નેશભાઈ મેવાણી @jignesh-mevani80 દ્વારા જ્યારે ગુજરાતમાં ડ્રગ્સ, દારૂ, વિવિધ પ્રકારના નશા અને તેના કાળા કારોબાર, જુગાર તથા ભ્રષ્ટ તંત્ર પર સવાલ ઉઠાવ્યા છે અને સરકાર પાસે તેમના સવાલોના કોઈ જવાબ નથી ત્યારે પહેલા યુદ્ધમાં દરવાજા ખોલવા ઉંટીયા નો ઉપયોગ થતો હતો તેમ આજે ગૌતમ ગેડીયા દ્વારા કઠપૂતળી પેઠે પ્રેસ કોન્ફરન્સ કરી ત્યારે ગુજરાતના દલિતોને ખબર પડી કે પ્રદેશમાં આવો કોઈ મોરચો પણ છે. આશા રાખું છું કે ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ રાજ્યના લોકોને જાહેરમાં નીચેના સવાલોના જવાબ આપે.1. અત્યાચારના ૫૫ હજાર કરતા વધારે બનાવોમાં કેમ બોલ્યા નહી ?2. દલિતોના ૯૦૦ કરતા વધારે હત્યાઓ થઈ ત્યારે કેમ ન બોલ્યા ?3. ૧૮૦૦ કરતા વધારે બળાત્કારો થયા ત્યારે કેમ ન બોલ્યા ?4. દલિતોના ૨૫૦૦ કરતા વધારે ગંભીર હુમલાના કેસોમાં કેમ ન બોલ્યા ?5. દારૂ, ડ્રગ્સ, જુગારના અડ્ડાઓ વિષે કેમ નથી બોલતા ?6. ડ્રગ, ચરસ, નશીલા પદાર્થનો કાળો કારોબાર કરી રાજ્યના યુવાનોની જિંદગી બરબાદ કરવામાં આવી રહી છે, યુવાપેઢી નશામાં બરબાદ થાય છે ત્યારે આ વિષયમાં તમે કેમ બોલતા નથી ?7. ગુજરાતમાં ઘણી જગ્યાએ દલિતોના વરઘોડો નીકળવા દેતા નથી, મૂછો રાખે તો, ચશ્માં પહેરવા અંગે, ઈન્શર્ટ કરે, સારા કપડાં પહેરે ત્યારે અત્યાચારની ઘટનાઓ બાબતે તમે એકેય શબ્દ કેમ બોલતા નથી ?8. ખંડિત ભૂતકાળ ધરાવતા ગૃહમંત્રી અમિત શાહ દ્વારા જ્યારે સંસદમાં પૂજ્ય બાબાસાહેબ આંબેડકર નું અને સમગ્ર દલિત સમાજનું અપમાન કરવામાં આવ્યું ત્યારે કેમ બોલ્યા નહીં? ૯. દેશ અને વિદેશમાં ગાજેલ ઉનાકાંડ, થાનગઢ કાંડમાં હજુ ન્યાય મળ્યો નથી તેના પર કેમ બોલતા નથી ?10. દલિતોના ત્રણ-ત્રણ દૂધમલ યુવાનોને છાતીમાં ગોળી ધરબી હત્યા કરનાર પોલીસ અધિકારીઓ ખુલ્લેઆમ રખડે છે જે થાનગઢ કાંડમાં પોલીસે સમરી ભરી દીધી જેમાં પીડિત પરિવારને હજુ ન્યાય મળ્યો નથી તેના પર કેમ બોલતા નથી ?11. રાજ્યના મુખ્યમંત્રી,ગૃહ મંત્રી, ડીજીપી એક દલિતો અત્યાચારના બનાવોમાં કોઈપણ જગ્યાએ મુલાકાત લેતા નથી તે બાબતે કેમ એક શબ્દ બોલતા નથી.12. એટ્રોસિટી એક્ટ ૧૯૮૯ અને તેના નિયમો ૧૯૯૫ નો રાજ્યમાં લૂલો અમલ કરવામાં આવે છે, મુખ્યમંત્રી જ નિયમિત રાજ્ય તકેદારી અને મોનીટરીંગ સમિતિની મીટીંગ બોલાવતા નથી ત્યારે કેમ બોલતા નથી.?13. એટ્રોસિટી એક્ટ ૧૯૮૯ના નિયમો ૧૯૯૫ના નિયમ ૧૫ હેઠળ ગંભીર અત્યાચારના બનાવોમાં એક પણ પરિવારનું પુનઃવસન કરી ખાસ કિસ્સામાં સરકારી નોકરી આપવામાં આવતી નથી ત્યારે કેમ તમેં કેમ બોલતા નથી. ?14. દલિતો પર ખોટા કેસ કરી આઠ આઠ વર્ષ સુધી જેલમાં પૂરી રાખવામાં આવે છે ત્યારે કેમ નથી બોલતા ?15. તમે દારૂ,ડ્રગ, નશાકારક શિરપ,ચરસ, ગાંજાના કાળા કારોબારમાં લોકો દરરોજ મરે છે તે બાબતે કેમ બોલતા નથી ?16. નશાના કાળા કારોબારમાં હપ્તાખોરી ચાલે છે અને રાજ્યનું યુવાધન બરબાદ થાય છે તેના વિષે કેમ બોલતા નથી. ? 17. દલિત સમાજની દીકરીઓના અપહરણ થાય છે ત્યારે દલિત સમાજનું અપમાન તમને દેખાતું નથી ? 18. દલિત સમાજ સાથે આભડછેટ રાખવામાં આવે છે અને માણસ જ ગણવામાં આવતા નથી ત્યારે તમને અપમાન દેખાતું નથી ? 19. રાજ્યમાં તમારા આકાઓ બેફામ વાણી વિલાસ કરી નફરતી ભાષણો આપે ત્યારે તમને રાજ્યની ગરિમા લજવાતી નથી લાગતી ? ત્યારે તમને કેમ ફૂલ ખરતા હોય તેવી આ વાણી લાગે છે ? 20. રાજ્યમાં સરકારે દલિતોને સાથણી માં ફાળવેલ હજારો એકર જમીન પર અસામાજિક તત્વો અને જમીન માફીયાઓ નો કબજો છે તેમાં તમારી બકરી કેમ ડબે પુરાઈ જાય છે ? ત્યારે કેમ તમને આ પરિવારોની વેદના અને અપમાન દેખાતું નથી ?

# તલાટી મંત્રીઓએ રખડતા શ્વાનોની માહિતી એકત્ર કરવી પડશે, નોડલ ઓફિસરની નિયુક્તિ

### ગાંધીનગર રખડતા શ્વાનો મુદ્દે જીલ્લાને નવો પરિપત્ર

• ગાંધીનગર

રાજ્યમાં તલાટી મંત્રીઓને હવે ગ્રામપંચાયત વિસ્તારોમાં રખડતા શ્વાનોની સ્થિતિ, તેમના પ્રવેશને રોકવા માટેની વ્યવસ્થા અને ફીડિંગ ઝોન અંગેની માહિતી એકત્ર કરવાની ફરજ સોંપાઈ છે. વિકાસ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા જાહેર થયેલા પરિપત્રમાં જિલ્લા પંચાયતોથી લઈને તાલુકા અને ગ્રામ્યસ્તર સુધીની ભૂમિકાઓ સ્પષ્ટ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના હુકમો અનુસાર, રખડતા શ્વાનોને લગતા મુદ્દાઓ પર રાજ્ય સરકારનું ધ્યાન ખેંચાયું હતું. જેને લઈને સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે, જેમાં તમામ સરકારી સંસ્થાઓએ તેમના પરિસરમાં કૂતરાઓના અનિચ્છનીય પ્રવેશને અટકાવવા તરત જ પગલાં લેવાની સૂચનાઓ છે. પરિપત્ર મુજબ ગ્રામ કક્ષાએ તલાટી-મંત્રી, તાલુકા કક્ષાએ-પશુચિકિત્સક અધિકારી, જિલ્લા કક્ષાએ-નાયબ નિયામક(પશુપાલન)નોડલઓફિસર



તરીકે જવાબદાર રહેશે. તેમની વિગતો દરેક સરકારી ઈમારતના પ્રવેશદ્વાર પર સ્પષ્ટ રીતે દર્શાવવી ફરજીયાત રહેશે. સંસ્થાના વહીવટી વડાઓએ 8 અઠવાડિયામાં પરિસરને સુરક્ષિત વાડ, બાઉન્ડ્રી વોલ અને યોગ્ય ગેટ, રખડતા શ્વાનોના પ્રવેશને રોકવા તાત્કાલિક પગલાં, ફીડિંગ ઝોન નિર્ધારિત કરવાના રહેશે. રખડતા શ્વાનોની ગણતરી અને રજિસ્ટર તૈયાર કરવાનું, જરૂરિયાત મુજબ સ્ટેરિલાઈઝેશન માટે યાદી મોકલવાની રહેશે. પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ (Local Bodies)એ પોતાની તહેનાત ટીમો દ્વારા રખડતા શ્વાનોને પકડવા, તેમનું સ્ટેરિલાઈઝેશન કરવું, રસીકરણ (ARV), જરૂરી રેકોર્ડ મેઈન્ટેનન્સ સુનિશ્ચિત કરવું પડશે. આ પરિપત્ર બાદ તલાટી-મંત્રીઓ પર નવી વહીવટી જવાબદારીઓ આવી છે. રખડતા શ્વાનો અંગે ગ્રામ્યસ્તરથી જિલ્લા સ્તર સુધી એક સંકલિત વ્યવસ્થા ઉભી કરવાની રાજ્ય સરકારની આ પહેલ છે, જે આવનારા સમયમાં રોડ પર રહેલા શ્વાનોની સમસ્યાને નિયંત્રિત કરવામાં મદદરૂપ થશે

# નાની વાવડી ગામે ખેતરમાં ગાંજાની ખેતી પર સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

### ૧૯૮ કિલો ગાંજાના છોડ સાથે એકની ધરપકડ, રૂ. ૯૯ લાખનો મુદ્દામાલ જપ્ત

• બોટાદ

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા ગેરકાયદેસર નશીલા પદાર્થોની પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે તારીખ ૦૧ અને ૦૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાની વાવડી ગામ સ્થિત અજીતસિંહ બારડના ખેતરમાં નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ (NDPS) એક્ટ હેઠળ દરોડો પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન ખેતરમાંથી ગેરકાયદેસર રીતે ઉગાડેલા ગાંજા (મારિજુઆના/ગંજા) ના કુલ ૯૩ છોડ મળી આવ્યા હતા, જેનું વજન ૧૯૮.૧૯૦ કિલોગ્રામ જેટલું હતું. આ ઉપરાંત, દરોડા દરમિયાન ૧૦,૦૦૦નો મોબાઈલ, ૬,૦૦૦ની રોકડ અને ૨૫,૦૦૦નું એક વાહન પણ જપ્ત કરવામાં આવ્યું હતું. પકડાયેલા ગાંજા અને અન્ય વસ્તુઓ સહિત કુલ ૯૯,૫૦,૫૦૦/- (અંદાજિત)નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં ખેતરના માલિક અને મુખ્ય આરોપી અજીતસિંહ જીવાભાઈ બારડની ધરપકડ કરવામાં આવી છે, જેમણે નાની વાવડી ગામમાં ગાંજાની ગેરકાયદેસર ખેતી કરી હતી. SMC દ્વારા તેમની સામે NDPS એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. વધુ તપાસમાં આ પ્રવૃત્તિમાં અન્ય ત્રણ વ્યક્તિઓની સંડોવણી પણ બહાર આવી છે, જેઓ હાલ વોન્ટેડ છે.

તેમાં મહાવીરસિંહ પઢિયાર (રહે. નાની વાવડી) અને ધામાભાઈ સોલંકી (રહે. સરગવાલા, તા. ધોળકા) મદદગાર તરીકે સામેલ છે, જ્યારે રતનસિંહ ચાવડા (રહે. સુંદરીયાણા) પર ગાંજાના બીજનો સપ્લાયર હોવાનો આરોપ છે.

## ઉમરેઠ તાલુકાના ખાખણપુરા ગામે રોડ ઉપરના 6 દબાણો હટાવાયા



આણંદ : ઉમરેઠ તાલુકાના ખાખણપુરા ગામે દબાણોને કારણે માર્ગ પર વાહનવ્યવહારમાં અવરોધ થતો હોવાની ફરિયાદો ઉઠી હતી. જેથી પંચાયત તંત્ર દ્વારા છ દબાણોને હટાવીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. ખાખણપુરામાં મહુડી તરફ જતા રસ્તા પરના તેમજ ગ્રામ પંચાયત સામેના કુલ છ જેટલા કાચાં-પાકાં દબાણો ગ્રામ પંચાયત દ્વારા જેસીબી મશીનની મદદથી દૂર કરવામાં આવ્યા હતા. આ દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન, ખાખણપુરા ગ્રામ પંચાયતના તલાટી, સરપંચ અને પંચાયત બોડી હાજર રહ્યાં હતા. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઉમરેઠ પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવતા સ્થાનિકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી અને ભવિષ્યમાં પણ જાહેર માર્ગો ખુલ્લા રહે તે માટે પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી.

### ચાર અધિકારીને IGP તરીકે બઢતી, 9 IPSનું ASP તરીકે પોસ્ટિંગ

# ગાંધીનગર : 6 IPS અધિકારીને પ્રમોશન : મનોજ શશિધર અને રાજુ ભાર્ગવને DGP તરીકે નિમાયા

6 IPS અધિકારીને પ્રમોશન મનોજ શશિધર અને રાજુ ભાર્ગવને DGP તરીકે, જ્યારે ચાર અધિકારીને IGP તરીકે બઢતી, 9 IPSનું ASP તરીકે પોસ્ટિંગ ગુજરાત કેડરના 6 IPS ઓફિસરને બઢતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બે અધિકારીને ડીજીપી તરીકે અને ચાર અધિકારી ડીઆઈજી તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે 2022-2023 બેચના IPS ઓફિસરોની ફેઝ-2ની તાલીમ પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ ફોર્સમાં હાજર થતાં તેમને રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશમાં નિમણૂક આપવામાં આવી છે. જ્યારે ગુજરાત કેડરના 6 IPS ઓફિસરને બઢતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બે અધિકારીને ડીજીપી તરીકે અને ચાર અધિકારી ડીઆઈજી તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે 2022-2023 બેચના IPS ઓફિસરોની ફેઝ-2ની તાલીમ પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ ફોર્સમાં હાજર થતાં તેમને રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશમાં નિમણૂક આપવામાં આવી છે. આ 6 IPS અધિકારીને બઢતી આપવામાં આવી

**મનોજ શશિધર**

વર્ષ 1994 બેચના IPS અધિકારી મનોજ શશિધર હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર તરીકે કાર્યરત છે, જેમને ડીજીપી તરીકે બઢતી આપવામાં આવી છે.

**રાજુ ભાર્ગવ**

વર્ષ 1995 બેચના IPS અધિકારી રાજુ ભાર્ગવ હાલ ગાંધીનગર આર્મ્ડ યુનિટમાં એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે કાર્યરત છે. તેમને ડીજીપી તરીકે બઢતી આપવામાં આવી છે.

**દિવ્ય મિશ્રા**

વર્ષ 2007 બેચના IPS અધિકારી દિવ્ય મિશ્રા હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને આઈબીમાં એડિશનર ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કાર્યરત છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે.

**દીપન ભદ્રન**

વર્ષ 2007 બેચના IPS અધિકારી ભદ્રન પણ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે.

**સૌરભ તોલંબિયા**

વર્ષ 2007 બેચના IPS અધિકારી સૌરંભ તોલંબિયા પણ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. GAILમાં સિક્યોરિટી એડવાઈઝર તરીકે કાર્યરત છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે.

**પી.વી. રાઠોડ**

વર્ષ 2007 બેચના IPS પી.વી. રાઠોડ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ડેપ્યુટી IG તરીકે કાર્યરત છે. તેમને પણ IGP તરીકે બઢતી આપવામાં આવી છે. ગુજરાત કેડરના વર્ષ 2022-23 બેચના IPS અધિકારીઓની ફેઝ-2ની હૈદ્રાબાદ પોલીસ અકાદમીમાં તાલીમ પૂર્ણ થતાં રાજ્ય પોલીસ દળમાં હાજર થયા છે. તેમને રાજ્યનાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

# અમદાવાદ ઈન્દોર હાઈવે પર બેકાબૂ બનેલી કાર ડિવાઈડર પર ચઢી ગઈ

## ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાંથી પસાર થતા

• હસમુખભાઈ નાયક ખેડા ગળતેશ્વર.

થમેલ ટીંબાના મુવાડા પાસે અમદાવાદ ઈન્દોર હાઈવે પર ડીવાઈન્ડર પર કાર ચડી જતા મુસાફરોનો આબાદ બચાવો થયો હતો જો કે હાઈવે પર મોટી સંખ્યામાં ખાડાઓ હોવાથી છેલ્લા 2 મહિનામાં 15 થી વધુ અકસ્માત સર્જાયા છે અમદાવાદ ઈન્દોર હાઈવે પર બાલાસિનોર તરફથી આવતીકાર અચાનક ખાડાઓ અને બિસ્માર રસ્તાને લઈ ડ્રાઈવરનો કાબુ ગુમાવતા હાઈવે પર આવેલા ડિવાઈન્ડર પર ચડીગઈ હતી પરંતુ અંદર બેઠેલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો ત્યારે અને અમદાવાદ ઈન્દોર હાઈવે પર આવેલા મેનપુરા ચોકડી પર મસ મોટા ખાડાઓથી વાહનચાલકો અને રાહદારીઓ હેરાન ગતી ભોગવી રહ્યા છે ત્યારે છેલ્લા ઘણા સમયથી અમદાવાદ હાઈવે કઠલાલ સુધી અને સેવાલિયાથી ગોધરા સુધી અત્યત ખાડાઓના ભરમાર થીં અકસ્માત સામે ઘણા લોકોના જીવ ગયા છે છેલ્લા બે મહિનામાં સેવાલિયા અમદાવાદ અને બાલાસિનોર સુધી 15 થી વધારે અકસ્માતમાં 6 જેટલા લોકોએ જીવ ગુમાવ્યા



છે પરંતુ હાઈવે ઓથોરિટીના પેટનું પાણી હાલતું નથી હાલમાં તાજેતરમાં શાસક દ્વારા પ્રાઈવેટ એજન્સી પાસે આર હાઈવેનુ સર્વે કરાવી ગુજરાતના પ્રવાસ આવેલા નિતીન ગડકરી આ રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. ઈન્દોર હાઈવે નું સમારકામ શરૂ થાય તે જરૂરી છે.

# નડિયાદના કંજોડા પાટિયા અને શેરી સીમ પાસે અકસ્માતમાં 5 ને ઈજા

નડિયાદ : નડિયાદ-ડાકોર રોડ ઉપર કંજોડા પાટિયા અને શેરી સીમ નજીક બે અલગ અલગ બાઈક અકસ્માતમાં પાંચ લોકોને ઈજા થતા સારવાર અર્થે ખસેડાયા હતા. આ બંને અકસ્માત મામલે જે-તે વિસ્તારના પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. નડિયાદના કંજોડામાં રહેતા જયંતિભાઈ બાબુભાઈ રાવળ તેમની મંગેતર સેજલબેન કનુભાઈ રાવળ સાથે બાઈક પર મામાના ઘરે ગયા હતા. જ્યાંથી પરત કંજોડા તરફ જતા કંજોડા પાટિયા કટ ક્રોસ કરવા જતા ડાકોર તરફથી આવતી ગાડીએ બાઈકને ટક્કર મારી ગાડી ડિવાઈડર પર ચડી ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક જયંતીભાઈ અને સેજલબેને ઈજા થતા સારવાર અર્થે ખસેડાયા હતા. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે અકસ્માતના બીજા બનાવમાં નડિયાદના સોડપુરના મોટા બોરીયામાં રહેતા સુરેશભાઈ ઈશ્વરભાઈ પરમાર તેમના પત્ની મંજુલાબે સાથે બાઈક પર સાસુની ખબર કાઢવા માટે સાસરીમાં જતા હતા. આ દરમિયાન શેરી સીમ કરણપુરા રોડ ઉપર અલીણા તરફથી આવતું અન્ય બાઈક તેમના બાઈક સાથે અથડાતા બંને બાઈક ચાલકો તેમજ બાઈક પાછળ બેઠેલા મંજુલાબેનને રોડ ઉપર પડી જતા ઈજા થઈ હતી.

**ફરિયાદ** મત્સ્ય ધોગ સુધારા અધિનિયમ-2024નો ભંગની ફરિયાદ દાખલ

# નવીબંદર પોલીસે પીલાણામાં ગેરકાયદે LED લાઈટો સાથે માછીમારી કરતા બે ટંડેલોને ઝડપી પાડ્યા

## પાસ-પરમિટ વગર ગેરકાયદેસર LED લાઈટો લગાવી માછીમારી કરતા હતાં



• વિરમભાઈ કે.આગઠ

નવીબંદદર મરીન પોલીસ દ્વારા સ્ટાફ કોસ્ટલ એરિયામાં નવીબંદરથી ગોસાબારા સુધીના કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન માછીમારી માટે વપરાતી બે FRP-OBM નાની બોટમાંથી ગેરકાયદેસર રીતે LED લાઈટો ફિટ ફિશીંગ કરતાં મળી આવતા બંને ટંડેલો સામે કાર્યવાહી હાથધરી છે. કોસ્ટલ સિકયુરીટી ગુજરાત ગાંધીનગરના પોલીસ મહાનિરીક્ષક પી.એલ.માલ તથા કોસ્ટલ સિકયુરીટી ગુજરાત ગાંધીનગરના પોલીસ અધિક્ષક સુબોધ માનકર નાઓ દ્વારા ગુજરાત રાજયના કોસ્ટલના જીલ્લાઓમાં ફીશરીઝ એક્ટની જોગવાઈઓનો ભંગ કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ હોય જે અનુસંધાને ગુજરાત મત્સ્યોધોગ અધિનિયમના કાયદાનો ભંગ કરી અન-અધિકૃત રીતે જેમ કે ટોકન વગર, રજીસ્ટ્રેશન વગર, ટોકન સમય મર્યાદાનો ભંગ તથા ગેર કાયદેસર પધ્ધતિથી જેમ કે લાઈન ફીશીંગ, ઘેરા ફીશીંગ, લાઈટ ફીશીંગથી ગેરકાયદેસર રીતે માછીમારી કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા તથા કોસ્ટલ એરીયામાં થતા ગેરકાયદેસર પ્રવૃતિને રોકવા તથા કોસ્ટલ સિકયુરીટી સબબ સરકારી બોટ દ્વારા સખત દરિયાઈ પેટ્રોલીંગ કરી માછીમારી બોટો ચેકીંગ કરવા મરીન પોલીસ સ્ટેશનોને અવાર નવાર આદેશ થઈ આવેલ. જેના અનુસંધાને જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓએ પોરબંદર જીલ્લાના દરિયાઈ/દરિયાઈ કાંઠા વિસ્તારમાં ફીશીરીઝ એકટ હેઠળ ગુન્હા નોંધવા તેમજ સખત અને અસરકારક બોટ ચેકીંગ કરવા સુચના આપવમાં આવેલ. જે અંગે રાણાવાવ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયા નાઓના માર્ગદર્શન હેઠળ આજ તા.૦૧/૧૨/ ૨૦૨૫ ના રોજ નવીબંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એસ. ગામેતી સાથેનો સ્ટાફ નવીબંદર મરીન કોસ્ટલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.તેદરમ્યાનગોસા-ટુકડાગામનાગોસાબારા લેન્ડીંગ પોઈન્ટ નજીક બે નાની બોટ દરિયા કાંઠે પડેલી નજરે ચઢતા તપાસ હાથ ધરાઈ હતી. જેમાં (૧) નાનુ પીલાણુ ( નાની બોટ ) FRP-OBM Craft જેના રજીસ્ટ્રેશન નંબર IND-GJ- 25-MO-6938 નામે ‘ગેબી‘ જેમના ટંડેલ: અબ્દુલકાદર અબુભાઈ ઢીમર (ઉ. 38, માછીમાર, રહે. ગોસા-ટુકડા) તેમજ (૨) નાનુ પીલાણુ (નાની બોટ) ) FRP-OBM Craft નામે ‘રેહાન’ જેના રજીસ્ટ્રેશન નંબર જોવામાં આવતા નથી જેમના ટંડેલ:દિલાવર અબ્દુલભાઈ શમા (ઉ. 28, માછીમાર, રહે. બન્ને ગોસા-ટુકડા ગોસાબારવાળા ટંડેલો પાસે LED લાઈટ લગાવી માછીમારી કરવા બાબતનો કોઈ પરમિટ ન હોવાને પગલે, તેમણે ગુજરાત મત્સ્યધોગ સુધારા અધિનિયમ-2024ના પ્રકરણ 3, નિયમ-7, પેટા નિયમ-43 નો ભંગ કર્યો હોવાનો પ્રાથમિક પુરાવો મળતા સ્થળ પર બે પંચોની હાજરીમાં પોલીસ ઈન્સ્પેક્ટરે પંચનામુ તૈયાર કર્યું હતું. BNSS કલમ 35(3) મુજબ આરોપીઓ ટંડેલ અબ્દુલકાદર ઢીમર તેમજ ટંડેલ દિલાવર શમા રહે બન્ને ગામ ગોસા ટુકડા ગોસા બરાવાળાના બંન્નેમાં પિલાણામાં

બિન-અધિકૃત રીતે એકદમ પ્રકાશિત LED લાઈટો રાખી ગેર કાયદેસર રીતે લાઈટ ફીશીંગ કરતા હોવાનું જણાઈ આવતા આ બંન્ને ઈસમો વિરૂધ્ધ નવીબંદર મરીન પો.સ્ટે ગુ.ર.નં પાર્ટ બી-૧૧૨૧૮૦૦ ૫૨૫૦૧૦૨ /૨૦૨૫ તથા ગુ.ર.નં પાર્ટ બી-૧૧૨૧૮૦ ૦૫૨૫૦૧૦૩ /૨૦૨૫ ગુજરાત મત્સ્યોધોગ અધિનિયમ-૨૦૦૩ ના કાયદાની કલમ-૨૧(૧) (ચ) મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે આ કામગીરીમાં રોકાયેલ અધિકારી/ કર્મચારીઓમાં નવીબંદર મરીન પોલીસ સ્ટેશન પોરબંદર ના પોલીસ ઈન્સપેક્ટર એસ.એસ. ગામેતી તથા એ.એસ. આઈ પ્રવિણભાઈ એન.ભુવા તથા એ.એસ. આઈ દેવાભાઈ એ.ઓડેદરા તથા પો.હેડ. કોન્સ. એ.જી.બાલસ તથા OSD ભરતભાઈ છેલાણા નાઓ રોકાયેલ હતા.

પાંચ ગામોના ખેડૂતો વીજળી વગર મુશ્કેલીમાં


# ડભોઈ તાલુકામાં MGVCL ની લાઈનો પર જંગલી વેલો’નું સામ્રાજ્ય

**હાલાકી** ખેતી માટે રાત્રિના સમયે આપવામાં આવતી વીજળી પણ આ જંગલી વેલોના કારણે વારંવાર કપાય છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના થરવાસાથી સુલતાનપુરા સુધીની મુખ્ય વીજ લાઈન પર મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ની ઘોર બેદરકારીને કારણે વીજ થાંભલાઓ અને ટ્રાન્સફોર્મર પર જંગલી વેલો અને ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. આને કારણે આ વિસ્તારના પાંચ જેટલા ગામોના ખેડૂતો અને ગ્રામજનોને સતત વીજ વિક્ષેપનો સામનો કરવો પડી રહ્યો છે. સતત ખોરવાતો વીજ પુરવઠો:આ લાઈન થરવાસા, મોટા હબીપુરા, પારીખા, મંડાળા અને સુલતાનપુરા જેવા મુખ્ય ગામોમાંથીપસાર થાય છે.જંગલી વેલો અને વનસ્પતિઓ વીજ થાંભલાઓ, વાયરો અને ટ્રાન્સફોર્મરને સંપૂર્ણપણે પોતાના ભરડામાં લઈ લીધા છે. ગ્રામજનોની ફરિયાદ: ગામડાઓમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે . વેલોના કારણે જ્યારે બે વીજ વાયરો એકબીજાના સંપર્કમાં આવે છે, ત્યારે તરત જ વીજળી ગુલ થઈ જાય છે.

ખે તી માટે રાત્રિના સમયે આપવામાં આવતી વીજળી પણ આ જંગલી વેલોના કારણે વારંવાર કપાય છે. સિંચાઈ માટે પાણી લેવામાં ખેડૂતોને પારાવાર મુશ્કેલી પડી રહી છે, જેનાથી પાકને નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે.ચોમાસું ગયા પછી પણ સફાઈ કેમ નહીં સ્થાનિકોના જણાવ્યા મુજબ, સામાન્ય રીતે ચોમાસું પૂરું થયા બાદ MGVCL ના અધિકારીઓ અને સ્થાનિક હેલ્પર દ્વારા આ વીજ લાઈનોની સફાઈ અને મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે, જેથી શિયાળા અને ઉનાળામાં વીજ વિક્ષેપ ન થાય.જોકે, આ વર્ષે આ લાઈન પર કોઈ પણ પ્રકારની સફાઈ કે માવજત કરવામાં આવી નથી. MGV-CL ના કર્મચારીઓની આ બેદરકારી અને નિષ્ક્રિયતા સ્પષ્ટ દેખાઈ રહી છે, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.તાત્કાલિક કાર્યવાહીની માંગ ગ્રામજનો અને ખેડૂતોની એકસૂરે માંગ છે કે MGVCL ના જવાબદાર અધિકારીઓ વહેલી તકે જાગૃત થાય. વહેલી તકે આ તમામ વીજ થાંભલાઓ, વાયરો અને ટ્રાન્સફોર્મર પરથી જંગલી વેલો અને વનસ્પતિઓને દૂર કરીને લાઈનનું સમારકામ કરવામાં આવે, જેથી ખેડૂતો અને ગામલોકોને વારંવાર ખોરવાતા વીજ પુરવઠામુશ્કેલીમાંથી રાહત મળે.આ અંગે ખેડૂત ઉમેશભાઈ



પટેલે જણાવ્યું હતું કે, ડભો તાલુકાની થરવાસા થી સુલતાનપુરા સુધી પાંચ ગામોમાંથી પસાર થતી વીજ થાંભલા અને ટ્રાન્સફર ઝાડીઓ બહુ ઊંઘી ગઈ છે એમજીવીસીએલ ના અધિકારીઓને જાણ કરવામાં આવી છે હજુ સુધી ને સાફ-સફાઈ થઈ નથી જેના કારણે ખેતરમાં પાણી લેવું હોય છે તો તકલીફો પડે છે અને એના કારણે વારંવાર વીજ પુરવઠો પણ ખોવાય છે તો વહેલી તકે સાફ-સફાઈ કરે એવી અમારી માંગ છે .

# રાજપીપલા ખાતે નર્મદાના ૪૦થી વધુ મીડિયાકર્મીઓની મફત તબીબી તપાસ કરાઈ

## રાજપીપલામાં રેડ ક્રોસ અને માહિતી વિભાગના સંયુક્ત ઉપક્રમે નિશુલ્ક આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો

• દીપક જગતાપ, રાજપીપલા

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, માહિતી નિયામકની કચેરી ગાંધીનગર તથા નર્મદા જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે, નાંદોદના ધારાસભ્ય તથા રેડ ક્રોસ સોસાયટી રાજપીપલાના ચેરમેન ડો. દર્શનાબેન દેશમુખના માર્ગદર્શન અને નાયબ માહિતી નિયામક સુમિત ગોહિલની ઉપસ્થિતિમાં, ’ફીટ ઈન્ડિયા, ફીટ મીડિયા’ થીમ હેઠળ નર્મદા જિલ્લાના પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર મિત્રો માટે તા.૨ ડિસેમ્બર ના રોજ રાજપીપલા અર્બન હેલ્થ સેન્ટર, જુની સિવિલ હોસ્પિટલ ખાતે મફત મેડિકલ હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે નાયબ માહિતી નિયામક સુમિત ગોહિલે જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓ, પ્રજાલક્ષી ઝુંબેશો અને લોકકલ્યાણકારી કાર્યક્રમોને પ્રજા સુધી પહોંચાડવા માટે પત્રકાર મિત્રોનો સહકાર પ્રશંસનીય છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં પત્રકારો પોતાના આરોગ્યની કાળજી રાખવામાં



અસમર્થ રહે છે, ત્યારે આ જ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રેડ ક્રોસ અને માહિતી કચેરીએ આ અનોખો પ્રયાસ હાથ ધરાયો છે. લોકશાહીના ચોથા અને મજબૂત સ્તંભ તરીકે જે સમાચાર આપે છે, તેમની સારસંભાળ પણ જરૂરી છે, એવા શુભ આશય સાથે સરકાર પણ સમયાંતરે આવા આરોગ્યલક્ષી ઝુંબેશો-અભિયાનો ચલાવીને મીડિયાકર્મીઓની દરકાર રાખે છે. આ તકે, જિલ્લાના મીડિયાકર્મીઓ દ્વારા પણ સરકારની પત્રકારોના સ્વાસ્થ્યની ચિંતાને લઈને આયોજિત આરોગ્ય તપાસણી કેમ્પની સરાહના કરી હતી. આ કેમ્પમાં ૪૦ થી વધુ પત્રકાર મિત્રો અને માહિતીના કર્મીઓનું બ્લડ પ્રેશર, શુગર, હિમોગ્લોબિન, BMI તથા ડોક્ટર્સ દ્વારા સામાન્ય તબીબી તપાસ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ૩૫ વર્ષથી વધુની ઉંમર ધરાવતા પત્રકારો તથા માહિતીના કર્મીઓની ઈસીજી તથા એક્સ રે પણ કરાવી હતી. આવી જનહિતની પ્રવૃત્તિઓથી સમાજના વિવિધ વર્ગો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવાનો રેડ ક્રોસનો સતત પ્રયાસ રહ્યો છે, અને આ વખતે પત્રકાર સમુદાયને આવરી લેવાનો આ પ્રયાસ નિશ્ચિત જ પ્રશંસનીય છે.

# ડભોઈ તાલુકાના લિંગસ્થળી મુકામે 250થી વધુ લોકોએ શિબિરનો લાભ લીધો

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યુનિટી માર્ચ કાર્યક્રમ અંતર્ગત યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું

• ફકીરા ખત્રી ડભોઈ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યુનિટી માર્ચ કાર્યક્રમ અંતર્ગત યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યુંઅખંડ ભારતનું નિર્માણ કરનારા સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યે યોગ શિબિર દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જયંતીના ભાગરૂપે એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત વિકસિત ભારતના હેતુ થી યુનિટી માર્ચ 2025 કાર્યક્રમ અંતર્ગત વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના લિંગસ્થળી મુકામે પ્રી કલ્ચર એક્ટિવિટી ના ભાગરૂપે યોગ શિબિર નુ આયોજન કરવામાં આવ્યું,જેમાં 250 થી વધુ ગ્રામજનોએ ભાગ લીધો કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ગામના સરપંચ શ્રી ચેતનભાઈ એચ ઠાકોર,પિયુષભાઈ પટેલ, મુકેશભાઈ,નગીનભાઈ એ ઠાકોર દૂધસહકારી



મંડરીના મંત્રીશ્રી, સનાભાઈ ડી . ઠાકોર,જિલ્લા કોર્ડીનેટર શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર સહિત ડભોઈના યોગકોચ અર્ચનાબેન અને તેઓની ટીમ ઉપસ્થિત રહી હતી યોગ શિબિરના માધ્યમથી યુનીટી માર્ચની જાગૃતિ આવે અને સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શોને પોતાના જીવનમાં અનુસરે તે હેતુથી સંપૂર્ણ શિબિરને સફળતાપૂર્વક સુચારુરૂપે આયોજત કરવામાં આવ્યું

# ડભોઇ કાયાવરોહણ ખાતે યુનિટી માર્ચ આવી પહોંચતાં સ્વાગત કરાયું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ કાયાવરોહણ ખાતે યુનિટી માર્ચ આવી પહોંચતા ડભોઈ નગરપાલિકાના કર્મચારી પ્રશાંતભાઈ સોલંકી અને જ્યારે ડભોઈ સેવા સદન કોમ્પ્યુટર ઓપરેટર મામલતદાર માં પર રહેતા બંસરી બેન બારોટ BLO રહીને SIR સારી કામગીરી બદલ તેઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું હાલ બીએલઓ દ્વારા ચાલી રહેલી SIRની કામગીરી માંઆજરોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટ્રોફી અને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.મતદાન યાદીની સુધારણા ના ભાગરૂપે દેશભરમાં ચાલી રહેલી કામગીરીમાં અનેક વિઘ્નો જોવા મળી રહ્યા છે. ત્યારે આજે કાયાવરોહણ ખાતે આવી પહોંચેલી પદયાત્રા દરમિયાન ડભોઈ નગરપાલિકાના પ્રશાંત સોલંકી અને બંસરી બારોટ કાર્યક્રમ દરમિયાન જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રશંસા પત્ર આપી તેનો સન્માન કરવામાં આવ્યું હતું જ્યારે ડભોઈ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ સોનલબેન કિશોરભાઈ સોલંકી જીલ્લા પંચાયત ચેરમેન દિપ્તીબેન પટેલ ડભોઈ તાલુકા પ્રમુખ માજી લોપાબેન વડોદરા જિલ્લા મહિલા મોરચા મહામંત્રી વૈશાલીબેન આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામજનો પણ જોડાયા હતા

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

# ઈડર કોલેજમાં એઈડ્સ જાગૃતિ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયું

• દુર્ગેશ જયસ્વાલ ઈડર

ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ. આટર્સ અને પી.એન.પટેલ કૉમર્સ કૉલેજ ઈડરમાં NSS(રાષ્ટ્રીય સેવા યોજના) દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૫ને સોમવારે ‘વિશ્વ એઈડ્સ દિન‘ નિમિત્તે એઈડ્સ અંગેની જાગૃતતા માટે ગુજરાત સ્ટેટ એડ્સ કંટ્રોલ સોસાયટી, પુરસ્કૃત અને નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ, ઈડરઅમદાવાદતથાSDHઈડર(ઈડરસિવિલ) ના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમ યોજાયો. જેમાં કોલેજના આચાર્ય ડૉ.બી.કે. રોહિત સાહેબે બહારથી પધારેલ મહેમાનઓને આવકાર્યા તથાવિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સંસ્થા દ્વારા HIV એઈડ્સ, જાતીય રોગો, TB હિપેટાઈટીસ અંગે વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓને ૧૦૯૭ હેલ્પલાઈન તથા દ્રછ્ઝ એપ વિષે વિશેષ માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ તથા મંત્રી જીતુભાઈ



દેસાઈના માર્ગદર્શન હેઠળ NSS ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.આર.એસ.ચારણ તથા ડૉ.પ્રિયંકાબેન જી. સોલંકી દ્વારા કરાયું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# 'જીવ' ફિલ્મને પૂજ્ય શ્રી મોરારિબાપુના આશીર્વાદ

• અમદાવાદ

કરુણા અને જીવદયાના સંદેશથી સમૃદ્ધ આવનારી ગુજરાતી ફિલ્મ 'જીવ' ના કલાકારો અને નિર્માતાઓએ તાજેતરમાં પૂજ્ય શ્રી મોરારિબાપુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ફિલ્મના મુખ્ય કલાકારો ધર્મેન્દ્ર ગોહિલ અને સન્ની પંચોલી, સંગીતકાર અભિષેક સોની તથા પ્રોડ્યુસર વિક્કી મહેતાએ મોરારિબાપુ સમક્ષ ફિલ્મ અંગે વાત કરતા તેમની લાગણીઓ વ્યક્ત કરી હતી. વિવાન ફિલ્મ્સ એલએલપી દ્વારા નિર્મિત અને જીગર કાપડીના નિર્દેશન હેઠળ રચાયેલી 'જીવ' ફિલ્મ 12 ડિસેમ્બરથી રાજ્યભરના સિનેમાઘરોમાંરિલીઝથવાજઈરહીછે.ફિલ્મના પ્રોડ્યુસર નીરવ મહેતા અને વિક્કી મહેતા છે. ફિલ્મમાંધર્મેન્દ્રગોહિલનાગાઢઅનેઅસરકારક અભિનયની ઝલક ખાસ ધ્યાન ખેંચે છે. તેમની સાથે સન્ની પંચોલી, શ્રદ્ધા ડાંગર, યતીન કાર્યકર અને હેમાંગ શાહ પણ મહત્વપૂર્ણ પાત્રોમાં જોવા મળશે. ફિલ્મ જીવદયા, કરુણા અને માનવીય મૂલ્યોને સ્પર્શે છે અને દર્શકોને હૃદયસ્પર્શી અનુભૂતિ અપાવવાનો વાયદો કરે છે. જય શ્રી રામ। ગૌ માતા સદા સહાયતે



## આણંદથી જીટોડીયાના માર્ગ પર સફાઈના અભાવે ગંદકી

આણંદ : આણંદ જિલ્લામાં ૨૬ નવેમ્બરના રોજ યોજાયેલી એકતા યાત્રા પહેલા આણંદથી જીટોડીયાના માર્ગ ઉપર તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સાફ-સફાઈ કરવામાં આવી હતી. જ્યારે હવે ફરી ગંદકી ફેલાઈ રહી છે, પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે યોજાયેલી એકતા યાત્રા આણંદથી જીટોડીયા થઈને નાવલીથી ઉમેટા ગઈ હતી. એકતા યાત્રાના માર્ગ ઉપર આનંદથી જીટોડીયા સુધીના રસ્તાની ખૂબ જ સાફ-સફાઈ તથા રંગરોગાન પણ કરવામાં આવ્યું હતું. બે દિવસથી એકતા યાત્રાનું સમાપન થતાં ફરીથી કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા સફાઈમાં બેદરકારી દાખવતા પુરવઠા વિભાગના ગોડાઉનની સામે આવેલી કચરાપેટીની સાફ-સફાઈ થતી ન હોવાથી ચારે બાજુ ગંદકી ફેલાઈ રહી છે. આ મામલે વિસ્તારના રહિશો દ્વારા જણાવયું હતું કે, એકતા યાત્રા વખતે સાફ સફાઈ કરાઈ હતી. ત્યારબાદ હવે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે.

**વિકાસને વેગ**

### એન્ટ્રી ફી 10 રૂપિયા, 7 ડિસેમ્બરે અમિત શાહના હસ્તે લોકાર્પણ

# અમદાવાદના વસ્ત્રાપુર તળાવનું રૂા.10 કરોડના ખર્ચે થશે રીડેવલપમેન્ટ

### એન્ટ્રીમાં આકર્ષક ફુવારા, તળાવને નિહાળવા 3 વ્યુઈંગ ગેલેરી હશે

• અમદાવાદ

અમદાવાદ શહેરના તળાવો અને ગાર્ડનને શહેરીજનો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેવલપ કરવામાં આવી રહ્યાં છે. પશ્ચિમ વિસ્તારમાં આવેલા વસ્ત્રાપુર તળાવને રૂ. 10 કરોડના ખર્ચે રીડેવલપમેન્ટ કરવામાં આવ્યું છે. બાળકોના મનોરંજન માટે ચિલ્ડ્રન એરિયા સાથે તળાવને નિહાળી શકાય તેના માટે ત્રણ વ્યુઈંગ ગેલેરી બનાવવામાં આવી છે. વસ્ત્રાપુર તળાવમાં એન્ટ્રી મેળવતાની સાથે જ આકર્ષક ફુવારાનો નજારો જોવા મળશે. વસ્ત્રાપુર તળાવમાં પ્રવેશ માટે રૂ. 10 એન્ટ્રી ફી રાખવામાં આવી છે. જો કે, સવારે મોર્નિંગ માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તળાવને ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે. ત્યારે વર્ષ 2003માં ઔડા દ્વારા ડેવલપ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હવે નાગરિકોની સુવિધા માટે અદ્યતન ડેવલપમેન્ટ કરવામાં આવ્યું છે. વહેલી સવારે અને સાંજે નાગરિકો મોર્નિંગ કરી શકે તેના માટે 950 મીટરનો ટ્રેક બનાવવામાં આવ્યો છે. 250 ચોરસ મીટરનો પેટ ડોગ એરિયા પણ બનાવવામાં આવ્યો છે. ત્રણ એન્ટ્રી ગેટ છે જેમાં ફુવારા મુકવામાં આવ્યા છે. 7 ડિસેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા વસ્ત્રાપુર તળાવ નાગરિકો માટે ખુલ્લુ મુકવામાં આવશે.



મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 10 કરોડથી વધારેના ખર્ચે તૈયાર કરવામાં આવેલા વસ્ત્રાપુર તળાવને નરસિંહ મહેતા તળાવ એન્ડ ગાર્ડન તરીકે નામ આપવામાં આવશે. જે ત્રણ ગેટ લગાવવામાં આવ્યા છે તેના નામ પણ આપવામાંઆવ્યા છે.જેમાં નરસિંહ મહેતા ગેટ, કલ્યાણપૃષ્ટી હવેલી ગેટ અને શહિદ ચોક ગેટનો સમાવશ થાય છે. કોઈપણ ગેટથી પ્રવેશતા પહેલાં જ નાગરીકોને ફુવારાની શિતળતાનો સ્પર્શ થશે. તળાવમાં લીલ થાય નહીં અને ઓક્સિજન ઘટે નહીં તેના માટે 3 સ્થળે એરેટર લગાવ્યા છે. સિનિયર સિટીઝનોના બેસવા માટે પણ અલગથી વ્યવસ્થા કરવામાં આવેલી છે. વસ્ત્રાપુરની આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ થાય તેના માટેની લાઈનો પણ તળાવમાં નાખવામાં આવેલી છે. 5 MLDનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવ્યો છે જેથી ખરાબ પાણીને શુદ્ધ કરીને તળાવમાં પાણી ભરી શકાય. ૈસાથે સાથે અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને વેગ મળે તે ઉદ્દેશ સાથે ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે AMCના દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.

### આગથી થયેલા નુકસાનનો ચોક્કસ આંકડો હાલમાં જાણી શકાયો નથી

# બાપુનગર એપ્રોચ પાસે દુકાનમાં લાગી ભયંકર આગ, ફાયર વિભાગ ઘટનાસ્થળે દોડી ગયું

**દોડધામ** અચાનક આગ ફાટી નીકળતાં પરિસ્થિતિ ગંભીર બની હતી

• અમદાવાદ

અમદાવાદના બાપુનગર એપ્રોચ વિસ્તારમાં આજરોજ એક દુકાનમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. શરૂઆતમાં સામાન્ય દેખાતી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના પગલે આસપાસના વિસ્તારમાં ગભરાહટનો માહોલ સર્જાયો હતો. બાપુનગર એપ્રોચ વિસ્તારમાં આજે એક દુકાનમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. શરૂઆતમાં સામાન્ય દેખાતી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના પગલે આસપાસના વિસ્તારમાં ગભરાહટનો માહોલ સર્જાયો હતો. મળી રહેલી માહિતી અનુસાર, અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં આવેલી એક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આજે ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની જ્વાળાઓ અને ધૂમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં લોકો ગભરાઈ ગયા હતા. આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે કોમ્પ્લેક્સની અનેક દુકાનો તેની લપેટમાં આવી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના સઘન પ્રયાસો હાથ ધર્યા હતા.

અમદાવાદ ના વિરાટનગરના મુખ્ય માર્ગ પર આવેલા આ કોમ્પ્લેક્સમાં અચાનક આગ ફાટી નીકળતાં પરિસ્થિતિ ગંભીર બની હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ મળી રહેલી માહિતી અનુસાર, આગની શરૂઆત થતાં જ તે ખૂબ જ ઝડપથી આખા કોમ્પ્લેક્સમાં પ્રસરી ગઈ હતી, જેના કારણે અનેક દુકાનોને મોટું નુકસાન થવાની સંભાવના છે. આગની તીવ્રતા એટલી વધારે હતી કે ધૂમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી જોવા મળ્યા હતા, જેણે દૂરના વિસ્તારોનું ધ્યાન પણ ખેંચ્યું હતું. આગની ઘટનાને પગલે કોમ્પ્લેક્સની અંદર અને આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભયના માહોલમાં લોકો સલામત સ્થળે દોડી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુદ્ધના ધોરણે આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આગ કયા કારણોસર લાગી તે અંગેની તપાસ ચાલી રહી છે, પરંતુ સદનસીબે જાનહાનિના કોઈ સમાચાર નથી. હાલમાં ફાયર બ્રિગેડનું પ્રથમ લક્ષ્ય આગને સંપૂર્ણપણે ઓલવી દેવાનું છે. આગની તીવ્રતા જોતાં કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનોમાં મોટા આર્થિક નુકસાનની સંભાવના છે. આગથી થયેલા નુકસાનનો ચોક્કસ આંકડો હાલમાં જાણી શકાયો નથી, પરંતુ અનેક દુકાનો આગની લપેટમાં આવતા કરોડો રૂપિયાનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે



# અમદાવાદમાં સેલ્સમેનની નજર ચૂકવી મહિલાએ કરી વીંટીની ચોરી

### સીસીટીવી કેમેરામાં કેદ થઇ ઘટના

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સતત બીજા અઠવાડિયે શો રૂમમાંથી મહિલા દ્વારા ચોરીની ઘટના સામે આવી છે, જેમાં ગોતા વિસ્તારના એક જ્વેલર્સની દુકાન નિશાન બની છે. પોલીસ ફરિયાદ મુજબ, આશરે 50 વર્ષની એક અજાણી મહિલા ગ્રાહક ખરીદીના બહાને આવી હતી અને તેણે ચાલાકીપૂર્વક કર્મચારીઓની નજર ચૂકવીને સોનાની વીંટીની ચોરી કરી હતી. આ ચોરીનો સમગ્ર બનાવ જ્વેલર્સના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે, જેના આધારે શોરૂમના સેલ્સમેને કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સેલ્સમેનની ફરિયાદ મુજબ, આ ચોરીની ઘટના ગત તારીખ 28-11-2025ના રોજ બપોરે આશરે 12.45 વાગ્યે બની હતી. આ સમયે લગભગ 50 વર્ષની એક અજાણી મહિલા ગ્રાહક લગ્નપ્રસંગ માટે સોનાની વીંટીઓ અને બુટ્ટીઓ ખરીદવાના બહાને શોરૂમમાં આવી હતી. શોરૂમના કર્મચારી અશ્વિનભાઈ પ્રજાપતિએ તેમને વિવિધ ડિઝાઈનના દાગીના બતાવ્યા હતા. મહિલાએ તેમાંથી પાંચ વીંટી અને એક બુટ્ટી પસંદ કરીને અલગ મુકાવી હતી. આ પસંદગી દરમિયાન જ મહિલાએ નજર ચૂકવીને વીંટીની ચોરી કરી હતી. પસંદગી ચાલી રહી હતી તે દરમિયાન જ, અજાણી સ્ત્રીએ ચાલાકીપૂર્વક કર્મચારી અશ્વિન પ્રજાપતિની નજર ચૂકવીને ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી કર્યા બાદ તેણે એટીએમમાંથી પૈસા ઉપાડીને તરત પાછા આવવાનું



બહાનું કર્યું હતું અને શોરૂમમાંથી બહાર નીકળી ગઈ હતી. જોકે, તે સ્ત્રી પાછી ફરી નહોતી, અને તેનું રહેઠાણ ક્યાં છે તે અંગેની કોઈ માહિતી શોરૂમના સ્ટાફ પાસે નથી. જ્યારે વિપુલભાઈ જોષી અને સ્ટાફે ઘરેણાંનું સ્ટોક પત્રક તપાસ્યું, ત્યારે ચોરીની હકીકત સામે આવી. સ્ટોક ચેક કરતાં, 6.440 ગ્રામ વજનની 'ઓમ'ની ડિઝાઈનવાળી સોનાની એક વીંટી ઓછી જણાતા ચોરી થઈ હોવાનું નિશ્ચિત થયું, જેની કિંમત આશરે રૂપિયા ૯0,000 છે. આ ઘટની જાણ થતાં જ શોરૂમના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ખરીદી કરવા આવેલી તે મહિલાએ પસંદ કરેલી બે વીંટીઓ હાથમાં લીધી હતી, જેમાંથી એક વીંટી લઈને તે ચાલાકીપૂર્વક બહાર નીકળી ગઈ હતી.

# ગાંધીનગરમાં પ્રતિબંધિત વિસ્તારને નિશાન બનાવતાં તસ્કરો, બે બાઈકની ઉઠાંતરી

### પાટનગર બાઈક ચોરોથી સુરક્ષિત નથી તો શુ પોલીસ માત્ર દેખાડા માટે છે ?

• ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં વાહનચોરીના બનાવોની વણઝાર વચ્ચે તસ્કરોએ હવે 'નો-એન્ટ્રી' ગણાતા વિસ્તારને નિશાન બનાવ્યો છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના સઘન સુરક્ષા કવચ હેઠળ આવતા રાજભવન સ્ટાફ ક્વાર્ટસમાંથી જ એકસાથે બે બાઈકની ચોરી થતાં શહેરમાં સનસનાટી મચી ગઈ છે. આ ઘટનાએ પોલીસના સઘન પેટ્રોલિંગના દાવાઓની પોલ ખોલી નાખી છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં વાહનચોરીના બનાવોની વણઝાર વચ્ચે તસ્કરોએ હવે 'નો-એન્ટ્રી' ગણાતા વિસ્તારને નિશાન બનાવ્યો છે. ગાંધીનગરમાં વાહન ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે હવે તસ્કરોએ શહેરના સૌથી સુરક્ષિત ગણાતા વિસ્તારને નિશાન બનાવીને પોલીસની ઊંઘ હરામ કરી દીધી છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓના સઘન સુરક્ષા કવચ હેઠળ આવતા રાજભવન સ્ટાફ ક્વાર્ટસના પાર્કિંગમાંથી જ એકસાથે બે મોટરસાયકલની ઉઠાંતરી થઈ જતાં ચકચાર મચી ગઈ છે.સેક્ટર-19 સ્થિત રાજભવન સ્ટાફ ક્વાર્ટસના BCHH-2/204માં રહેતા અને સેક્ટર-26 GIDCમાં ખાનગી નોકરી કરતા શ્યામભાઈ તીલુભાઈ કનીજિયા દ્વારા આ ડબલ ચોરી અંગે સેક્ટર-7 પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાંજણાવાયામુજબ,શ્યામભાઈએ પોતાનું 25 હજારની કિંમતનું હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક ગત તા. 29 નવેમ્બર ના રોજ સવારે ક્વાર્ટર નીચેના પાર્કિંગમાં લોક મારીને પાર્ક કર્યું હતું.બાદમાં તેઓ પાવાગઢ ખાતે ગયા હતા. જયાથી 30મી નવેમ્બરે રાત્રિના લગભગ અઢી વાગે પરત આવ્યા ત્યારે તેમનું બાઈક પાર્ક કરેલું હતું જોકે, બીજા દિવસે સવારે તેઓ અમદાવાદ જવા માટે નીચે આવ્યા ત્યારે બાઈક પાર્કિંગમાંથી ગાયબ હતું . જેના પગલે તેમણે આજુબાજુમાં શોધખોળ કરેલી પરંતુ બાઈક મળી નહોતું.ત્યારબાદ સાંજના તેમના જ બ્લોકમાં રહેતા પાડોશી દીપકસિંહ દિલીપસિંહ બિષ્ટ પણ નીચે આવ્યા હતા. ત્યારે માલૂમ પડ્યું કે તેમનું બાઈક પણ ચોરાઈ ગયું છે. તેમણે પોતાનું 12 હજારની કિંમતનું બાઈક શ્યામ ભાઈના બાઈકની બાજુમાં જ લોક મારીને પાર્ક કર્યું હતું. આમ તસ્કરોએ કોઈ સાધન અથવા ડુપ્લીકેટ ચાવીનો ઉપયોગ કરીને એકસાથે બંને બાઈકની ઉઠાંતરી કરી હતી. જો અતિસુરક્ષિત ગણાતા રાજભવન સ્ટાફ ક્વાર્ટસમાં તસ્કરો બિન્દાસ ચોરીને અંજામ આપી શકતા હોય તો સામાન્ય રહેણાંક વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગની કામગીરી સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. હાલમાં તો સેકટર 21 પોલીસે આ અંગે ગુનો નોંધીને ચોરી થયેલા વાહનો શોધવા દોડધામ શરૂ કરી દીધી છે.

### અમદાવાદ શહેરમાં 24 કલાકમાં બીજો ગંભીર અકસ્માત

# GMDC પાસે BMW બાઈક ચાલકનું રેલિંગ સાથે અથડાતા કરુણ મોત નીપજ્યું

• અમદાવાદ

અમદાવાદમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે છેલ્લા 24 કલાકમાં બીજી એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પૂરઝડપે જઈ રહેલા યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. ગત મોડી રાત્રે વેજલપુરમાં રહેતો પાર્થ કલાલ નામનો 25 વર્ષીય યુવક પોતાની BMW બાઈક લઈને જઈ રહ્યો હતો. અંધજન મંડળથી હેલ્મેટ સર્કલ તરફ જતાં GMDC ગ્રાઉન્ડની બહાર BRTSની રેલિંગ પાસે પાર્થનું બાઈક પૂર ઝડપે રેલિંગ સાથે ધડાકાભેર અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે પાર્થને ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ પર જ તેનું મોત થયું હતું. બનાવની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને પાર્થના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા આ અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે આસપાસના CCTV ફૂટેજ તપાસવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં અકસ્માતની બે મોટી અને ગંભીર ઘટનાઓ બની છે. સોમવારે વહેલી સવારે નોકરીએ જઈ રહેલા ગાંધીનગરના 21 વર્ષીય યુવકને નિરમા યુનિવર્સિટી પાસે છારોડી નજીક અજાણ્યા વાહને ટક્કર મારતા તેનું મોત થયું હતું, જ્યારે આ બીજા બનાવમાં પૂરઝડપે જઈ રહેલા યુવકનું પણ ગંભીર અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત થયું છે.



# ઈડર શહેરમાં ગેરકાયદેસર માંસ-મટનની લારીઓ સામે નાગરિકોની લેખિત ફરીયાદ

### તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ



• દુર્ગેશ જયસ્વાલ ઈડર

શહેરમાં ઈડર ગેરકાયદેસર માંસ-મટન તથા ઈંડાની લારીઓને લઈને નાગરિકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. નાગરિકોએ ઈડર પ્રાંત અધિકારી તેમજ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટને જાહેર હિતમાં વ્યાપક લેખિત ફરીયાદ રજૂ કરી છે. શહેરના અતિવ્યસ્ત વિસ્તારો -ત્રિરંગા સર્કલ, ઈડર ટાવર, રામધુન ચોક, યુ.જી.વી.સી.એલ. કચેરી સામેનો વિસ્તાર, સાબરકાંઠા બેંકની સામે, આત્મવલ્લભ હોસ્પિટલ આગળ, તેમજ રેલવે ફાટક વિસ્તાર – ખાતે ફૂટપાથ અને જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે ઉભી લારીઓ નાગરિકો માટે માથાનો દુ:ખાવો બની છે.ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે, કેટલાક લુખ્ખા તત્વો દ્વારા જાહેર માર્ગો પર લારીઓ ઉભી રાખીને માંસ-મટન તથા ઈંડા ની વેચાણ વ્યવસ્થા ચલાવવામાં આવે છે, જેના કારણે દુર્ગંધ, રાહદારીઓની અવરજવરમાં ખલેલ, જાહેર આરોગ્યને જોખમ, તેમજ સનાતની હિંદુ સમાજની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચે છે. વોકિંગ કરતા નાગરિકોને અવારનવાર હેરાનગતિ થાય છે અને અનેક વખત બોલાચાલી તથા ઝઘડા જેવા બનાવો પણ નોંધાયા છે. નાગરિકોએ રજૂઆતમાં જણાવ્યું કે નગરપાલિકા અને સંબંધિત અધિકારીઓને અગાઉ પણ અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ અસરકારક પગલા નથી લેવામાં, જેના કારણે લોકોમાં અસંતોષ વ્યાપ્યો છે.

નાગરિકોએ માંગ કરી છે કે ધાર્મિક સ્થળોની આસપાસ અને મુખ્ય માર્ગો પર ચાલતા આવા બિન પરવાનગીના ધંધાઓને તાત્કાલિક બંધ કરવામાં આવે અને નિયમ મુજબ કડક પગલા લેવામાં આવે. તેમણે ચેતવણી આપી છે કે જો તાત્કાલિક કાર્યવાહી ન થાય તો તેઓ ઉપરની કચેરીઓ, રાજ્યના ગૃહવિભાગ, પોલીસ વડા, અને જરૂરી હોય તો ન્યાયાલય સુધી દાવપેચ કરવા મજબૂર બનશે. સાથે જ, નાગરિકોએ કહ્યું કે જરૂરી બનશે તો તેઓ ગાંધીવાદી આંદોલનનો માર્ગ પણ અપનાવશે.

**રાહત** — પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાઓથી મળશે રાહત

# ઈડર મુકામે નવી મામલતદાર કચેરીનું નિર્માણ ઝડપભેર પૂર્ણતા તરફ પ્રયાણ

### ભીડ અને ટ્રાફિક જામ જેવી ગંભીર મુશ્કેલીઓ દૂર થશે



• દુર્ગેશ જયસ્વાલ ઈડર

ઈડર મુકામે માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ દ્વારા નવીન મામલતદાર કચેરીના ભવનનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલુ છે. મળતી માહિતી મુજબ આર.સી.સી.નું કામ પૂર્ણ થઈ ગયું છે, તેમજ ચણતર, પ્લાસ્ટર, ફ્લોરિંગ, કેમ્પાઉન્ડ વોલ વગેરેના કામ હાલ અમલીકરણ હેઠળ છે.

વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે આગામી ત્રણથી ચાર મહિનામાં સંપૂર્ણ સુવિધાયુક્ત નવી ઈમારત તૈયાર થઈ જશે. આ સમગ્ર નિર્માણ માટે સરકારે રૂ. ૬૪૬.૨૪ લાખ જેટલા ખર્ચની મંજૂરી આપી છે.

હાલમાં ઈડર મામલતદાર કચેરી બજારમાં રોડને અડીને સ્થિત હોવાથી રોજિંદા આવન જાવન કરતા નાગરિકોને પાર્કિંગની અછત, ભીડ અને ટ્રાફિક જામ જેવી ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

સરકારી કચેરીમાં કામકાજે આવનાર લોકો ખાસ કરીને પાર્કિંગ માટે ભારે સંકટ અનુભવે છે. નવ નિર્માણ પામતી મામલતદાર કચેરીમાં વિશાળ પાર્કિંગ સ્થળ સાથે સુવ્યવસ્થિત રોડ અને રાહદારીઓ માટે સુવિધાજનક પ્રવેશદ્વાર, તેમજ ઓફિસ કાર્ય માટે જરૂરી તમામ આધુનિક સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. નવી કચેરી શરૂ થતા લોકોની હાલની મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થશે અને નાગરિકોને સુચારુ સેવાઓ મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

### ડીસા આજુબાજુ વિસ્તારના રમતગમત ક્ષેત્રે જોડાયેલા નાગરિકોને સુવિધાઓ પ્રદાન થશે

# ના.મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે બનાસકાંઠામાં અંદાજે રૂ.૨૭.૫૬ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ

### વડગામ ખાતે આધુનિક લાઇબ્રેરી, પાલનપુર ખાતે મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ તથા ડીસા ખાતે રમત સંકુલનું કરાશે લોકાર્પણ

• પ્રતિનિધિ દિપક પુરબીયા

આગામી ૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લામાં અંદાજે રૂ.૨૭.૫૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમના સુચારુ આયોજનને લઈને જિલ્લા કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે વડગામ ખાતે તાલુકા કક્ષાની આધુનિક લાઈબ્રેરી, પાલનપુર જિલ્લા રમત સંકુલ ખાતે નિર્માણ પામેલ મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ તથા ડીસા ખાતે તાલુકા કક્ષાના રમત સંકુલને ખુલ્લું મુકાશે. વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી શકે તે હેતુસર સરકારશ્રી દ્વારા વડગામ ખાતે ૬૯૮.૦૫ ચો.મી.જમીન પર અંદાજે રૂ.૪ કરોડના ખર્ચે તાલુકા કક્ષાની આધુનિક લાઈબ્રેરી કાર્યરત કરાઈ છે.આ લાઈબ્રેરી ખાતે કુલ ૧૬૯ વિદ્યાર્થીઓને બેસવાના ક્ષમતાવાળી G+1 ઈમારત, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકો માટે અલગ જગ્યાઓ, કોન્ફરન્સ રૂમ તથા ૨૦ હજાર જેટલા પુસ્તકો રાખવાની ક્ષમતા સહિત આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે.



બનાસકાંઠા જિલ્લાના રમતવીરો વિવિધ સ્પર્ધાઓમાં રાજ્ય અને દેશનું નેતૃત્વ કરે તથા તેમને યોગ્ય તાલીમ મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા જિલ્લા રમત સંકુલ, પાલનપુર ખાતે મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ કાર્યરત કરાયો છે. રૂ.૯.૨૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ આ વાતાનુકુલિત હોલમાં બેડમિન્ટન, વોલીબોલ, બાસ્કેટબોલ, ટેબલ ટેનિસ, જુડો, જીમ, શુટિંગ રેન્જ તેમજ બોર્ડ ગેમ્સ માટેની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. આ સાથે ટોઈલેટ બ્લોક, લોકર રૂમ, ફર્સ્ટ એઈડ રૂમ, સ્ટાફ રૂમ, સ્ટોર રૂમ, ફાયર સિસ્ટમ અને CCTV જેવી જરૂરી સુવિધાઓ થકી જિલ્લાના રમતવીરોને ઘર આંગણે સુવિધાઓ પ્રદાન થશે. આ જિલ્લા રમત સંકુલ ખાતે આઉટડોર સુવિધાઓ તરીકે ૨૦૦ મીટર એથ્લેટિક્સ ટ્રેક, ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ અને વોલીબોલ કોર્ટ, કબડ્ડી તથા ખો-ખો મેદાન ઉપલબ્ધ છે. અતિરિક્ત રીતે એડમિન બ્લોક, સિક્યુરિટી કેબીન, ઈલેક્ટ્રિક રૂમ અને પાર્કિંગ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે. નાયબ મુખ્યમંત્રી ડીસા ખાતે તાલુકા કક્ષાના રમત સંકુલને ખુલ્લું મુકશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ રમત સંકુલ ૨૮,૩૨૯ ચો.મી.જમીન પર કુલ રૂ.૧૪.૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામ્યું છે. આ રમત સંકુલમાં સિન્થેટિક બાસ્કેટબોલ અને લોન ટેનિસ કોર્ટ, ૨૦૦ મીટર મડી ટ્રેક, સ્કેટિંગ રિંક, વોલીબોલ ગ્રાઉન્ડ, લોન્ગ જંપ, કબડ્ડી અને ખો-ખો સહિતની આઉટડોર સુવિધાઓ ઉભી કરાઈ છે. આ સાથે જ મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલમાં બેડમિન્ટન, વોલીબોલ, બાસ્કેટબોલ, ટેબલ ટેનિસ, જુડો, જીમ જેવી ઈન્ડોર રમતો માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. કેમ્પસ ડેવલપમેન્ટ અંતર્ગત આંતરિક રસ્તા, ટોઈલેટ બ્લોક, પાર્કિંગ શેડ અને લેન્ડસ્કેપિંગ કાર્ય પૂર્ણ કરાયું છે. આ રમત સંકુલ થકી ડીસા આજુબાજુ વિસ્તારના રમતગમત ક્ષેત્રે જોડાયેલા નાગરિકોને સુવિધાઓ પ્રદાન થશે.

### કદવાલ હોમગાર્ડ યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાન

# સરકારી કચેરીઓથી લઈને જાહેર સ્થળો સુધી સફાઈની કામગીરી

• ઈરફાન મકરાણી - કદવાલ

કદવાલ તાલુકાના હોમગાર્ડ યુનિટના જવાનો દ્વારા આજે વહેલી સવારે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિશાળ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાના સંદેશ સાથે આ અભિયાનમાં જવાનો દ્વારા વિવિધ સ્થળોએ શ્રમદાન કરવામાં આવ્યું. પ્રાપ્ત માહિતી મુજબ, અભિયાનના ભાગરૂપે મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી, બસ સ્ટેન્ડ તેમજ સરકારી શાળાઓમાં સફાઈનું કામ કરવામાં આવ્યું. કાગળો, કચરો તથા પ્લાસ્ટિકનો મહામારી સમાન વ્યાપ ઘટે તે હેતુસર ટીમે વ્યાવસાયિક રીતે સ્વચ્છતા કાર્ય હાથ ધર્યું.હોમગાર્ડ જવાનો દ્વારા ઝાડૂ, કચરાના થૈલા, ખાંડા અને અન્ય જરૂરી સાધનો સાથે આયોજનબદ્ધ રીતે સ્થળોની સફાઈ કરવામાં આવી હતી. અનેક સ્થળોએ બાંકડા, શેડ, દિવાલો અને કેમ્પસ વિસ્તારને ધોઈને સ્વચ્છ



બનાવવામાં આવ્યા.સ્થાનિક લોકો અને સરકારી કર્મચારીઓએ હોમગાર્ડ યુનિટની આ પહેલનું સ્વાગત કર્યું હતું. સ્વચ્છતા અભિયાનમાં યુવાનોનો ઉદ્દેશ માત્ર સફાઈ કરવો જ નહીં, પરંતુ ગ્રામ્ય સમાજને સ્વચ્છ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો હોવાનું પણ જણાવાયું હતું.હોમગાર્ડ યુનિટના અનોપભાઈ બારીયા અને જવાબદાર અધિકારીઓએ જણાવ્યું કે,'સમાજના હિત માટેની ફરજ માત્ર સુરક્ષાથી પૂર્ણ થતી નથી, પરંતુ સ્વચ્છતા જેવા રાષ્ટ્રીય અભિયાનમાં સક્રિય સહભાગી બનવું પણ જવાબદારીનો મહત્વનો ભાગ છે.'સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરાયેલા આ કાર્યક્રમ દ્વારા તાલુકાના હોમગાર્ડ યુનિટે શ્રમદાનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું,

# ખેરોલી કોતર ના રસ્તે માટી નું પુરાણ થતા પાણી પુરવઠાની પાઇપ નડતર બનતા પાઇપ કાઢી રસ્તો ખુલ્લો કરવા ખેડૂતો ની માંગ

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

અંદાજિત 25 જેટલા ખેડૂતોના ખેતર પાંટા થી ખેરોલી જતા આવતું કોતર થી અંદર ની બાજુ ભાઠોળ વિસ્તાર માં આવેલા છે જેમને ખેતી માટે ખેતર માં અવર જવર કરવા માટે આ કોતર એક માત્ર વિકલ્પ છે જ્યારે વિરપુર અને તે બાજુ ના વિસ્તારો માં પીવા ના પાણી ની જરૂરિયાત જણાતા પાણી પુરવઠા દ્વારા લોખંડ ની પાઈપ લાઈન કરવામાં આવી હતી જે આ કોતર ના ભાગે સિમેન્ટ ના પીલ્લર દ્વારા સપોર્ટ આપી કોતરમાંથી પસાર કરવામાં આવી હતી . તેમ છતાં કોતર ના માર્ગે આ તમામ ખેડૂતો બાપ દાદા ની પેઢી થી અવર જવર કરી રહ્યા હતા સાથે ખેતી માટે જરૂરિયાત પ્રમાણે સમય સમય બળદ ગાળા અને ટ્રેક્ટર જેવા વાહનો લઈ પશુ આહાર ઘાસચારો તેમજ પાક ની ઉપજ થતા વાહનો માં ભરી પોતાના ઘર કે બજાર સુધી લઈ જવા વાહન દ્વારા લઈ જઈ શકતા હતા પરંતુ સમય જતા આ કોતર માં ડુંગરાળ વિસ્તાર માંથી પાણી ની સાથે માટી પણ આવતા આ કોતર નું પુરાણ થઈ ગયું છે જેને લઈ છેલ્લા ચાર પાંચ વરસ થી કોતર ના ભાગે થી માણસ પણ નીચો નમી ને જાય તેવી પરિસ્થિતિ નું નિર્માણ થયું છે જે બદલ ખેડૂતો ને ખેતી માટે વાહન તેમજ તૈયાર થયેલ પાક લાવવા સાથે પશુ ના ઘાસ ચારો લાવવા ખૂબ હાલાકી વેઠી રહ્યા છે જ્યારે દોઢ વરસ જેવા સમય થી પાણી પુરવઠા દ્વારા પાણી માટે અન્ય પાઈપ લાઈન નાખી પાણી લઈ જવાઈ રહ્યું છે અને આ પાઈપ લાઈન નિરર્થક બિન ઉપયોગી પડી રહી છે જ્યારે પાણી પુરવઠા વિભાગ ના અધિકારીઓને આ બાબતે થતી સમસ્યા અને તેના નિરાકરણ માટે ખેડૂતોએ પાંચ મહિના કરતા વધુ સમય થી અનેક વાર રજૂઆત કરેલ છે તેમ છતાં આજે દિન સુધી ખેડૂતોના હિત માં નિરર્થક અને નકામી બનેલ પાઈપ લાઈન હટાવી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો નથી જેને લઈ તંત્ર થી દુ:ખી થયેલ ખેડૂતો વહેલી તકે આ પાઈપ લાઈન ને દૂર કરી ખેડૂતો ને ખેતી કામ અર્થે તંત્ર તરફ થી સહકાર મળે તેવી આશા રાખી રહ્યા છે.



### જન આક્રોશ યાત્રા દિવસ 12 પાટણથી શંખેશ્વર

# ડબલ એન્જિન સરકાર સામે લોકોનો આક્રોશ ચરણસીમાએ છે : અમિતભાઈ ચાવડા

### જન આક્રોશ યાત્રામાં મોટી સંખ્યામાં જોડાઈને જનતા પરિવર્તનનો શંખનાદ કરવા તૈયાર છે

### ડબલ એન્જિન સરકારમાં દારૂ અને ડ્રગ્સનું દૂષણ ડબલ ગતિએ વધી રહ્યું છે : અમિતભાઈ ચાવડા

• ગાંધીનગર

જન આક્રોશ યાત્રાના બારમાં દિવસની શરૂઆત પાટણ શહેરથી થઈ. ત્યારબાદ યાત્રા દુધરામપુરા, દુણાવાડા, રોડા, રાધનપુર, વરાણા, સમી,હારીજ, કુકરાણા અને મુજપુર માર્ગે શંખેશ્વર તરફ આગળ વધી. યાત્રા દરમ્યાન રસ્તામાં સ્થાનિકોએ અનેક સ્થળોએ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું. આ પ્રસંગે શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે પાટણ જિલ્લાની નદીઓમાં મોટાપાયે ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. ખનન માફિયા એટલા નિરંકુશ થઈ ગયા છે કે તેઓ ખનીજ વિભાગના અધિકારીઓનું ટ્રેકિંગ કરે છે અને તેમની જાસૂસી કરે છે. ખનન માફિયાના ડમ્પરો




લોકોની પરવા કર્યા વગર રસ્તાઓ પર લોકોને કચડી નાખે છે અને આ બધું ખુલ્લેઆમ થઈ રહ્યું છે, કારણ કે તેમના હપ્તા સીધી રીતે ગાંધીનગર સુધી પહોંચે છે. મોટા ભાગના ખનન માફિયા ભાજપના કાર્યકર્તા અથવા તેમના મળતીયા છે. મધ્યાહન ભોજન યોજનામાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે. ગ્રામજનો રજુઆત કરે ત્યારે કાર્યવાહી કરવાને બદલે ઉલટાનું તેમની સામે દાદાગીરી થાય છે. દૂધસાગર ડેરી દ્વારા પૂરતો ભાવ ન આપવો, સાગરદાણમાં ભેળસેળ જેવા મુદ્દાઓ પર પશુપાલકો સંમેલન કરે ત્યારે ડેરીના હોદ્દેદારો આવીને હોબાળો મચાવે છે અને ધમકીઓ આપે છે. સત્તામાં આટલા વર્ષો હોવા છતાં આ વિસ્તારોમાં હજુ સુધી પાણીની ગંભીર સમસ્યાઓ છે. જિલ્લામાં રોજગારીના કોઈ સારા વિકલ્પો નથી. નગરપાલિકાઓ ભ્રષ્ટાચારના અડ્ડા બની ગઈ છે. મહિલા પ્રમુખની જગ્યાએ તેમના પતિ ચીફ ઓફિસર સાથે મળીને નગરપાલિકાનો સમગ્ર વહીવટ કરે છે. રોડ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે. સારી સરકારી શાળાઓ અને સરકારી હોસ્પિટલોનો પણ વિસ્તારમાં અભાવ છે.

ક્રૂડ તેલમાં રૂ.6નો સુધારો : બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 31061 પોઇન્ટના સ્તરે

# ચાંદીના વાયદામાં ઊંચા મથાળેથી રૂ.2080નો કડાકો: સોનાના વાયદામાં રૂ.471ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.38556.98 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.91585.78 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 31561.71 કરોડનાં કામકાજ




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.130156.22 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.38556.98 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.91585.78 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.12.59 કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..88 કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો 31061 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2086.1 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 31561.71 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.130110ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.130778 અને નીચામાં રૂ.129355ના સ્તરને સ્પર્શી, રૂ.130652ના આગલા બંધ સામે રૂ.471 ઘટી રૂ.130181 થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.326 ઘટી રૂ.104079ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.53 ઘટી રૂ.13048ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.549 ઘટી રૂ.129005ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.129496ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.129815 અને નીચામાં રૂ.128530ના સ્તરને સ્પર્શી, રૂ.129721ના આગલા બંધ સામે રૂ.522 ઘટી રૂ.129199 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.180701ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.180701 અને નીચામાં રૂ.177372ના મથાળે અથડાઈ, રૂ.182030ના આગલા બંધ સામે રૂ.2080 ઘટી રૂ.179950 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.1965 ઘટી રૂ.180608ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.1975 ઘટી રૂ.180572ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 2389.36 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.2.25 વધી રૂ.1052.5ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો 35 પૈસા વધી રૂ.308.8ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.1.6 વધી રૂ.277.35ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો 30 પૈસા વધી રૂ.183ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 4602.81 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.3891ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4025 અને નીચામાં રૂ.3860ના મથાળે અથડાઈ, રૂ.162 વધી રૂ.4005ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.5339ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5361 અને નીચામાં રૂ.5323ના સ્તરને સ્પર્શી, રૂ.5324ના આગલા બંધ સામે રૂ.6 વધી રૂ.5330ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.8 વધી રૂ.5331ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.11.2 વધી રૂ.444.7ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.11.2 વધી રૂ.444.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.908ના ભાવે ખૂલી, રૂ.1.1 ઘટી રૂ.911.1ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.110 ઘટી રૂ.25000 થયો હતો.

એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.2701ના ભાવે ખૂલી, રૂ.2 ઘટી રૂ.2711 થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 16058.68 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 15503.03 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 1926.51 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 139.92 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 21.14 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 301.03 કરોડનાં કામકાજ થયાં હતાં.

કસ્તુરબા કન્યા છાત્રાલય, પોરબંદર ખાતે

# 'બેટી બચાઓ - બેટી પઢાઓ' યોજના અંતર્ગત પોરબંદરમાં કિશોરી મેળાનું આયોજન

• વિરમભાઈ કે. આગઠ



મહિલા અને બાળ અધિકારી કચેરી, પોરબંદર દ્વારા 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના અંતર્ગત કિશોરીઓમાં જાગૃતિ લાવવા હેતુસર કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) સંચાલિત કસ્તુરબા કન્યા છાત્રાલય, પોરબંદર ખાતે સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો. મેળાનો હેતુ કિશોરીઓને મહિલા લક્ષી સરકારી યોજનાઓ, સુરક્ષા, આત્મસુરક્ષા અને સ્વાવલંબન વિશે માહિતગાર કરવાનો હતો. કસ્તુરબા કન્યા છાત્રાલયની ૮૪ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમનો લાભ મેળવ્યો હતો. મેળામાં "સંકલ્પ" - ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW) ની ટીમે માર્ગદર્શન આપ્યું હતું. ડો. સંધ્યાબેન જોશી (ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડિનેટર), શ્રી ચિરાગ દવે (જેન્ડર સ્પેશિયાલિસ્ટ) અને શ્રી સૌરભભાઈ મારુ (લિટ્રસી ઈન ફાઈનાન્સ)એ કિશોરીઓ સાથે સંવાદ કરી સેફ ટચ-અનસેફ ટચ, સાયબર સિક્યુરિટી અને મહિલા સ્વાવલંબન યોજનાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. આ માર્ગદર્શન કિશોરીઓના આત્મવિશ્વાસ અને જ્ઞાનવર્ધન માટે અત્યંત અસરકારક બન્યું હતું. કાર્યક્રમના અંતે તમામ હાજર વિદ્યાર્થીનીઓને કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મહિલા અને બાળ અધિકારી શ્રીમતી હંસાબેન ટાઢાણીના માર્ગદર્શન હેઠળ તથા "સંકલ્પ" DHEW ટીમના સફળ સંચાલનથી પૂર્ણ થયો હતો. આ આયોજન દ્વારા કિશોરીઓમાં જાગૃતિ, સુરક્ષા અને સશક્તિકરણ ની ભાવનાનું સંવર્ધન થયું છે.

## ડાંગ જિલ્લા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અધિકારીઓની મેળાપીપણામાં ભ્રષ્ટાચાર?

# ડાંગમાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળની શાળા બિલ્ડીંગોના બાંધકામમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થઈ રહ્યો

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ હસ્તક આવતી ધોરણ ૧ થી ૯ (કે ૧૨)ની શાળાઓના બિલ્ડીંગોનું બાંધકામ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ચાલી રહ્યું છે, જેમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો થયા છે. ડાંગ જિલ્લાના હનવતચોંડ, વઘઈ, બારખાધ્યા, અને ગલકુંડના પિપલપાડા જેવા ગામોમાં અંદાજિત રૂ. ૨૦ કરોડના ખર્ચે શાળાના બિલ્ડીંગોનું બાંધકામ ચાલી રહ્યું છે. આ કામોમાં ડાંગ જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી વિજય દેશમુખ, સમગ્ર શિક્ષાના એ.એસ.ઓ. ચંદુ પટેલ, અને કોન્ટ્રાક્ટરોની કથિત મેળાપીપણામાં નિમ્નકક્ષાનું બાંધકામ સાહિત્ય વાપરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. આક્ષેપો મુજબ, બાંધકામમાં નિમ્નકક્ષાની માટીવાળું ભાઠું, કાચી માટીની ઈંટો, અને હલકી ગુણવત્તાનું સિમેન્ટ વાપરીને કરોડો રૂપિયાની ખાયકી કરવામાં આવી છે. ડાંગના ધારાસભ્ય વિજય પટેલના ગામની શાળાનું બે માળનું બિલ્ડીંગ પણ નિમ્નકક્ષાના મટીરીયલથી બની રહ્યું હોવાનું જણાવાયું છે. ખાસ કરીને, બારખાધ્યા ગામની બે માળની શાળા બિલ્ડીંગમાં તો પાયામાં જ તિરાડો પડી ગઈ છે. આ તિરાડો છુપાવવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા સાઈડમાંથી ઈંટો કાઢીને લીંપણ કરવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ છે. ગલકુંડના પિપલપાડામાં પણ હલકી ઈંટો અને રેતી વપરાઈ હોવાનું કહેવાય છે. આ સમગ્ર પ્રકરણમાં, જિલ્લા વિકાસ અધિકારી વસાવા અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી પટેલની ભૂમિકા પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે કે શું તેઓ 'ધૃતરાષ્ટ્ર'ની ભૂમિકા ભજવી રહ્યા છે? જિલ્લાના ધારાસભ્ય વિજય પટેલ, પ્રમુખ નુર્મળા સુભાષ ગાઈન, શિક્ષણ અધ્યક્ષ બીબીબેન રમેશ ચૌધરી, અને શિક્ષણ અધિકારીઓની મિલીભગતથી બાળકો માટે આવતી ગ્રાન્ટમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ છે.

**ડાંગમાં શાળાના બાળકો માટે આવતી ગ્રાન્ટમાંથી કટકી કરનારા ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારી તેમના પાપનો ઘડો જલ્દી ફૂટશે. ગુજરાત સરકારે આ સમગ્ર પ્રકરણની ગંભીરતાથી નોંધ લઈને તટસ્થ તપાસ કરાવવી અત્યંત જરૂરી છે.**

## રાશીફળ (તા.03-12-2025)

**મેષ (અ.લ.ઈ)** — મેષ રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. આજના દિવસે તમે બિઝનેસ સંબંધિત કોઈપણ નિર્ણય લેશો તો ફાયદો થશે. પાર્ટનરશીપ સંબંધિત કામમાં તમને ફાયદો થશે.

**વૃષભ (બ.વ.ઉ)** — વૃષભ રાશિના લોકો માટે આજનો દિવસ શુભ રહેવાનો છે. આજે તમને તમારી મહેનત પ્રમાણે ફળ મળશે. તમારા જીવનસાથી સાથે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

**મિથુન (ક.છ.ઘ)** — આજનો દિવસ મિશ્રિત રહેશે. તમારી મહેનતનું પરિણામ તમને મોડું મળશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકશે.

**કર્ક (ડ.હ)** — આજના દિવસે બહુજ ઉથલ-પુથલ રહેશે. પરંતુ મેડિટેશન કરવાથી તમને માનસિક શાંતિ મળશે અને તમે તમારા કામ પર ફોકસ કરી શકશો.

**સિંહ (મ.ટ)** — આજનો દિવસ ખુશીથઈ ભરેલો રહેશે. તમે વ્યવસાયમાં ફાયદો મેળવી શકે તેવી તકો પણ પ્રાપ્ત થશે. સિંહ રાશિના લોકોને આજે કોઈ મહત્વપૂર્ણ સિદ્ધિ મળશે.

**કન્યા (પ.ઠ.ણ)** — આજનો દિવસ ખુશી લાવશે. અધ્યયન સંબંધિત કાર્યોમાં સફળતા મળશે. જીવનસાથી તરફથી સહયોગ મળશે.

**તુલા (ર.ત)** — આજના દિવસે ખુશહાલી રહેશે.આજના દિવસે ફસાયેલા પૈસા પાછા મળી શકે છે અને તમે તમારા પૈસા પણ બચાવી શકો છો.

**વૃશ્ચિક (ન.ય)** — આજના દિવસે કાર્યસ્થળમાં પરેશાની રહેશે. સહકર્મીયોં સાથે વિવાદ થઈ શકે છે. પરંતુ આજના દિવસ બિઝનેસ માટે સારું રહેવાનું છે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** — ધનુ રાશિના લોકો માટે પરેશાની રહેશે. વિદેશ યાત્રા જવાનું પણ શક્ય છે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે વધુ મહેનત કરશો.

**મકર (ખ.જ)** — આજનો દિવસ તમારા માટે સારું રહેશે .જીવનસાથી સાથે ફરવા જઈ શકો છો અને આજે તમારું જીવનસાથી સાથે સારો સમય પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** — કુંભ રાશિના જાતકો માટે આજના દિવસે કોઈ પણ પ્રકારની યાત્રા કે પ્રવાસ પર જઈ શકો છો અથવા તો કોઈ પણ શુભ કાર્ય પૂર્ણ કરી શકો છો.

**મીન (દ.ચ.ઝ.થ)** — મીન રાશિના લોકો માટે આજનો દિવસ ખુશી અને આનંદ લઈને આવશે. જૂના મિત્ર અથવા નજીકના સંબંધી સાથે મુલાકાત થશે.

# SIR ૨૦૨૫ કાર્યક્રમમાં મતદારોની પડતી મુશ્કેલીઓ દુર કરવા રજૂઆત

ભાજપ અગ્રણીઓ દ્વારા અધિક જિલ્લા કલેક્ટરને રજૂઆત



• અંજુમ ખત્રી છોટાઉદેપુર

ભારતના ચુંટણીપંચ દ્વારા સઘન મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ અંતર્ગત મતદારોઓની કેટલીક તકલીફ પડી રહી છે. જેને દુર કરવા છોટાઉદેપુર જિલ્લા ભાજપ પ્રમુખ ની અધ્યક્ષતામાં અધિક જિલ્લા કલેક્ટર ને રજૂઆત કરવામાં આવી હતી જિલ્લા પ્રમુખ ઉમેશભાઈ રાઠવાએ આવેદન પત્રમાં જણાવ્યું છે કે છોટાઉદેપુર જીલ્લામાંથી ઘણા લોકો રોજગાર,ખેતી-મંજુરી અર્થે બહાર ગામ રહે છે.

આવા લોકોના નામ મતદાર યાદી માંથી નીકળી ન જાય તે માટે તકેદારી રાખવામાં આવે સાથે જીલ્લામાં મોટા ભાગે અનુસુચિત જન જાતી સમાજની વસ્તી હોય પુરાવા તરીકે હાલની બેંક પાસબુક,આધાર કાર્ડ,તલાટીનો દાખલો,રેશન કાર્ડ કે શાળાનું એલ.સી.ને પુરાવા તરીકે માન્ય રાખવામાં આવે.અને નવા યુવા મતદાર નોંધવાના ફોર્મ ઉપલબ્ધ કરાવવા તેમજ પરપ્રાંત માંથી પરણીને આવેલ મહિલાઓના માતા-પિતાના પિયરમાંથી નામ શોધવામાં તકલીફ પડી રહી છે.જેનું સમાધાન થાય તેમ કરવુ જરૂરી છે. તેમ જણાવ્યું હતું અને દરેક ગ્રામ પંચાયત ઉપર મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવા તથા ૨૦૦૨ ની મતદાર યાદી સરળતાથી ઉપલબ્ધ કરાવવા માંગ કરી હતી વધુમાં તેમણે જણાવ્યું હતું કે બી.એલ.ઓ.ને ઓનલાઈન ડેટા અપલોડ કરવામાં તકલીફ પડી રહી છે. તો નેટવર્કની વ્યવસ્થા થાય અને એપ સરળતાથી ચાલે તો આ પ્રક્રિયા સરળ અને ઝડપી બની શકે.

જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ એ જિલ્લા સેવા સદન ખાતે જઈ આ મામલે આવેદન પત્ર આપી રજૂઆત કરી છે.

## કલેક્ટર શાલિની દુહાન, અધિક કલેક્ટર વી.કે. જોશી અને પ્રાંત અધિકારી કાંજલ આંબલિયા સહિત ત્રણ મહિલા અધિકારીઓની પ્રમાણિક કામગીરીથી ફફડાટ

# આહવા, વઘઈ, સાપુતારા અને સુબીરમાં ભ્રષ્ટ નેતાઓના કારણે દબાણો હટાવવામાં આવ્યાં ન હોવાની લોકચર્ચા

• આહવાઃ

ડાંગ પ્રાંત અધિકારીની હાજરીમાં આહવા-સાપુતારા માર્ગ પર સ્વૈચ્છિક દબાણ થઈ રહ્યું જ્યારે કેટલાક દબાણો હજુ યથાવત છે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા સરકારી જમીન અને જાહેર રસ્તાઓ પરના દબાણો હટાવવાના આદેશના ભાગરૂપે, ડાંગ જિલ્લા વહીવટી તંત્રએ પણ સક્રિયતા દાખવી છે. જિલ્લામાં વર્ષોથી મુખ્ય વિસ્તારો જેવા કે આહવા, વઘઈ, સાપુતારા અને સુબીરમાં ભ્રષ્ટ નેતાઓના કારણે દબાણો હટાવવામાં આવ્યાં ન હોવાની લોકચર્ચા હતી. જોકે, હવે કલેક્ટર શાલિની દુહાન, અધિક કલેક્ટર વી.કે. જોશી અને પ્રાંત અધિકારી કાંજલ આંબલિયા સહિત ત્રણ મહિલા અધિકારીઓની પ્રમાણિક કામગીરીથી ડાંગના જાહેર રસ્તાઓ ખુલ્લા થવાની અને આમ જનતાને સુવિધાઓ મળવાની આશા જાગી છે. કલેક્ટર અને અધિક કલેક્ટરના આદેશથી પ્રાંત અધિકારી કાંજલ આંબલિયાએ સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, કાર્યપાલક ઈજનેરો (સ્ટેટ અને જિલ્લા પંચાયત), મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓને દબાણ હટાવવા માટે કડક સૂચનાઓ આપી હતી. તંત્રએ દબાણકર્તાઓને તા. 28-11-2025 થી 1-12-2025 સુધી સ્વયંભૂ દબાણ દૂર કરવા જણાવ્યું હતું, જ્યારે તા. 2-12-2025 થી 6-12-2025 સુધી તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવાની છે. આ દરમિયાન, પ્રાંત અધિકારી કાંજલ આંબલિયા તેમની ટીમ સાથે આહવા ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપથી સાપુતારા ચાર રસ્તા સુધીના દબાણ સ્થળોએ પહોંચ્યા હતા. તેમણે સ્થળ પર જ દુકાનદારો અને લારી-ગલ્લાંવાળાઓને તેમનાં કાચા-પાકાં શેડ્સ અને દબાણો તાત્કાલિક હટાવી લેવા માટે આગ્રહ કર્યો હતો. પ્રાંત અધિકારીની સીધી દરમિયાનગીરીના પગલે, દબાણકર્તાઓ દ્વારા તેમનાં લારી-ગલ્લાં અને શેડ્સ સ્વયંભૂ દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. આહવા માર્ગ પર મોટાભાગનાં દબાણો હટાવી લેવાતાં રસ્તો ખુલ્લો થતો જોવા મળ્યો છે. જોકે, સાંજે હજુ પણ કેટલાક કાચા-પાકા દબાણો માર્ગ પર દેખાયા હતા. હવે પ્રાંત અધિકારી દબાણ હટાવવા માટે આગામી દિવસોમાં શું કડક કાર્યવાહી કરે છે, તે જોવું રહ્યું.




## શતાયુ આયુષ્યઃ કેવી રીતે વધારી શકાય? માનવી ૧૨૫થી ૧૫૦ વર્ષ સુધી જીવી શકે તેમ છે

# ૨૦૩૦ સુધીમાં માનવીનું સરેરાશ આયુષ્ય૧૩૦ વર્ષ ઉપર પહોંચી જશે!



### સાયન્સ કોર્નર

લેખક :દીપક જગતાપ

મનુષ્યની આવરદા ૭૫ વર્ષની થઈ છે પરંતુ રશિયન વૈજ્ઞાનિકોનું,કહેવું છે કે માનવી આથી પણ લાંબુ જીવી શકે. ઈલ્યા મેકનિકૉફ અનેએલેકઝાન્ડર બોગોમોલેટસનું કહેવું છે કે માનવી ૧૨૫થી ૧૫૦ વર્ષ સુધીજીવી શકે તેમ છે. પરંતુ આજના રશિયન વિજ્ઞાની પ્યોત્ર લાઝારેક તો એમર્યાદા આગળ વધારીને કહે છે કે માનવી તેનું જીવન ૧૮૦ વર્ષ સુધીલંબાવી શકે તેમ છે. ઈ. સ. ૨૦૩૦ સુધીમાં માનવીનું સરેરાશ આયુષ્ય૧૩૦ વર્ષ ઉપર પહોંચી જાય તો નવાઈ પામવા જેવું પણ નથી. સદીઓથી મનુષ્યને મૃત્યુનો ડર હંમેશાં સતાવતો આવ્યો છે તેથીમાનવ સદા અજરાઅમર અને યુવાન બનવાનાં સ્વપ્નો પહેલેથી જ સેવતો આવ્યો છે. સમુદ્ર મંથનમાંથી નીકળેલું અમૃત પીવાથી દેવો અમર થઈ ગયા એવી પુરાણોમાં ઉલ્લેખ છે. દાનવોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી જેના બળે તેઓ દેવ-દાનવો વચ્ચેના યુદ્ધમાં મરતા દાનવોને ફરીથી સજીવન કરી શકતા. આમ અમરત્વ પામવાની અને દીર્ઘાયુ રહેવાની લાલસાઆદિકાળથી ચાલતી આવી છે.સતયુગની વાત કરીએ તો સતયુગમાં નક્કી થયેલું આયુષ્ય વર્ષનું હતું. પણ પછી દરેક પાછલા યુગમાં અધર્મનું આચરણ જેમ જેમવધતું ગયું તેમ તેમ મનુષ્યનું આયુષ્ય ઘટતું ગયું. એ રીતે સતયુગમાં ૪00વર્ષ, ત્રેતાયુગમાં ૩૦૦, દ્વાપર યુગમાં ૨૨૫ વર્ષ, અને કળિયુગમાં લગભગ 169 વર્ષ બતાવાયું છે. વેદોમાં અને આયુર્વેદમાં કળિયુગનુંઆયુષ્ય ૧૦૦ વર્ષનું દર્શાવવામાં આવ્યું છે.૧૦૦ વર્ષથી વધુ લાંબું જીવનારાઓના કિસ્સાઓ હવે વધતા જાય છે. આઝરબૈજનના શિરાલી મુસ્લિમો ૧૬૮ વર્ષ જીવ્યો હતો. શિરાલીકરતાંય વધુ જીવનારા આ દુનિયામાં ઘણા છે. આવા દીર્ઘજીવીઓના વિક્રમરૂપ ઉદાહરણ ચીનના લી ચુનગુનનું ગણાય જે ૨૫૨ વર્ષ જીવ્યો હતો. ઈંગ્લેન્ડનો એક ખેડૂત ટોમસ કોર્ટે પોતાના ૨૦૭ વર્ષના જીવનકાળમાં ઈંગ્લેન્ડના ૧૨ શાસકોનું શાસન જોયેલું. જ્યારે સ્કોટલેન્ડનો સંત મંગો૧૮૫ વર્ષ જીવ્યો હતો. તો પાકિસ્તાનનો એક કબાઈલી વડો અફઝલમહમ્મદ ૧૮૦ વર્ષ જીવેલો. જ્યારે રોમન અભિનેત્રી લુસિયા તેની જિંદગીનાં૧૧૨ વર્ષ સુધી મંચ પર અભિનય આપતી રહી. આયુષ્ય વધારવા અંગે વિજ્ઞાનીઓના વિભિન્ન મતો :-મનુષ્ય આટલું લાંબું આયુષ્ય ભોગવી શક્યો છે એ નક્કર હકીકતછે. અને માનવી ધારે તો પોતાનું આયુષ્ય વધારી શકે એ પણ હકીકત છે.આપણું આયુષ્ય કેવી રીતે વધી શકે ? વધુમાં વધુ માનવી કેટલું લાંબુ જીવીશકે ? માનવીને ઘડપણ કેમ વહેલું આવે છે? વૃદ્ધત્વને ઉંમર સાથે શુંસગપણ છે? મનુષ્યના આયુષ્ય સામે "કયાં અવરોધક પરિબળો આવે છે ?'તેને નિવારવા વિજ્ઞાનીઓ કયા પ્રયત્નો કરી રહ્યા છે એ બધા પ્રશ્નોનો જવાબમેળવવા આ લેખ વાંચવો જ વધુ રસપ્રદ રહેશે. સામાન્ય રીતે આપણે માંદગીને ઘડપણ સાથે સાંકળીએ છીએ. પરંતુઘડપણ એ કંઈ માંદગી નથી. રશિયન વિજ્ઞાનીઓ વયની વૃદ્ધિ સાથે શરીરમાંઆ તત્ત્વોના પ્રભાવે દેખા દેતા ફેરફારને રોકી માનવીનું આયુષ્ય વધારવામાટે ભિન્ન ભિન્ન વિટામિનોથી માંડીને એમીનો એસિડના પ્રયોગો કરીરહ્યા છે.. આયુર્વેદ કહે છે કે દવાથી આયુષ્ય વધતું નથી. આહારથી આયુષ્ય વધે છે. છેલ્લાં ૫૦ વર્ષોથી માનવીની ઉંમર વધારવાના પ્રયોગો વિજ્ઞાનીઓ રાતદિવસ કરી રહ્યા છે. દ. કેલિફોર્નિયાના ન્યુરોબાયોલોજીસ્ટ કેલેબ ફિન્ચમોનાના વૈશ્વિક પ્રયોગોતો એટલે સુધી કહે છે કે માનવી પોતાને માટે કેટલીક સાવધાની, રાખીને જીવન જીવે કરે તો તેનો ઉપર 400 વર્ષ સુધી ટકી શકેછે. શરીરવિજ્ઞાન સાથે સંબધીત વિજ્ઞાનીઓ નું માનવું છે કે કોઇ કારણ સર દરેક પ્રાણીના શરીરની કોશિકાઓ એક નિશ્ચિત સમય સુધી કામ કરે છે,જેમ જેમ કોશિકામો દુર્બળ બનતી જાય છે તેમ તેમ પ્રાણી ઘરડું બનતું જાય છે. છેવટે મૃત્યુ પામે છે. ૧૯૫૦માં માનવશરીરની કોશિકાઓ પરરિસર્ચ કરનારા ફિલાડેલ્ફિયાના જીવશાળી લિયોનાર્ડ હલિક માનવી,શરીર ઉપર કેટલાક પ્રયોગો કર્યા. જેમાં તેઓ એ જાણવા. ઈચ્છતા હતા કે આ કોશિકાઓની ઉંમર કેટલી છે ? તેનામાં વધારો થાય છે કે નહિ?નવી કોશિકાઓનો જન્મ થાય છે અથવા તે એક સીમા પર આવીને અટકી.જાય છે ? પરંતુ આ જીવશાસ્ત્રીને - જ્યારે એક સીમા પર આ કોશિકાઓનો વિકાસ અટકી ગયો ત્યારે આશ્ચર્ય થયું.જીવશાસ્ત્ર ઘડીને ન માનનારા વૈજ્ઞાનિકો ઘડપણને બીમારી કહે છે.તેમનું કહેવું છે કે બીમારી દુર્ઘટના તથા અન્ય પ્રાકૃતિક મુસીબતોને કારણે માનવીની શરીરની કોશિકાઓ કમજોર થતી જાય છે પરિણામે માનવી ઘરડો બને છે.કેર દાવા સાથે કહે છે કે માનવીની ઉંમરની કોઈ નિશ્ચિત સીમા નથી.છે. કહે છે કે પ્રયોગો દ્વારા આ બાબત અમે પૂરી રીતે સિદ્ધ નથી કરીછે.પરંતુ એ માટેનો પડકાર અમે ઝીલી લીધો છે. જોકે એ માટે માનવીયબીમારીઓ ઉપર પણ કાબૂ લાવવો પડશે. હાલમાં આ વિજ્ઞાનીઓ કોશીકાઓને ઘરડી અને મૃતપ્રાય બનાવનાર જિન્સને શોધવાના પ્રયત્નો કરીરહ્યા છે, છે, ૧૯૯૦માં અમેરિકાની ઈન્સ્ટિટયૂટ ઑફ હેલ્થના જીવ શાસ્ત્રીએમાનવ કોશિકાઓ પર સંશોધન કરીને શોધ્યું છે કે કોમોસોમફોરની હાજરીમાં કોશિકાઓ નષ્ટ નથી થતી. સંશોધનમાં જણાવ્યું છે કે કોમોસોમફોરની હાજરીમાં માનવીની કોશિકાઓ ની ઉંમર વધી ગયા છે. એનો અર્થ એ થયો કે માનવીની ઉપર વધારનારા તત્વો પણઆ કોશિકાઓ માં મોજૂદ છે. જેને ઓળખવામાં તથા તેનો વધારો કરવામાં વૈજ્ઞાનિકો પ્રયત્નો કરી રહ્યા છે. જો માનવ કોશિકાઓને રાબળ બનાવવામાં સબળ નીવડે તોમાનવીની ઉંમર 100-200 અથવા 400 વર્ષ સુધી લઈ જઈ શકાશે.



ટેક્સાસના ધનાઢ્ય ૮૧ વર્ષના મિલર ક્વોરલ્સ તો વૃદ્ધાવસ્થાનીબીમારીની સારવાર શોધી આપનારને એક લાખ ડોલરનું ઈનામ આપવાનીજાહેરાત કરી છે.માનવકોષોની વધતી જતી ઉંમર અને આ તકલીફ નિવારવા ઉપચારોના મુદ્દે અનેક મતભેદો પ્રવર્તે છે. કેટલાક જીવવિજ્ઞાનીઓ માને છેકે ડી.એન.એ. પ્રોટીન તથા કોષોને વધતી વયે થતું નુકસાન વધતી વયનું પરિણામ છે. માનવશરીરની વિભિન્ન પેશીઓ નવા કોષો જન્માવવા અસમર્થબનવા ઉપરાંત ઘણા બધા જૂના કોષો ભેગા થાય છે. વૃદ્ધાવસ્થાને પાછીપાડવાનો જવાબ જનીન સૂત્રોના ડી.એન.એ.ના બિન સાંકેતિક ટુકડાઓનેનિવારવામાં રહેલો છે.એક પ્રાથમિક માન્યતા એવી છે કે માનવ કોષોની વયવૃદ્ધિ શર્કરાના અણુઓ પ્રોટીન અને અન્ય અણુઓ સાથે ચોંટી જવાનું પરિણામ છે. આ સંજોગોમાં કેલેરીમાં ઘટાડો આ પ્રક્રિયા ધીમી પાડે છે. પરંતુ કોષોને ઊર્જાથીવંચિત રાખવામાં આવે તો ખોરાકના દહનથી પ્રક્રિયા ધીમી પડે. જેનાથીચોક્કસ જનીનો અને એન્ઝાઈમોની પ્રકૃતિ વેગવંતી બને. અણુ-પરમાણ સંબંધિત આવા ફેરફારોને પ્રબળ બનાવી શકે તેવી દવા બનાવવાbજીવવિજ્ઞાનીઓને હજુ વર્ષો લાગે તેમ છે. શરીરવિજ્ઞાનના અભ્યાસુઓ કહે છે કે - મનુષ્યના મૃત્યુનું કારણ તેની ઉંમર નહીં પણ શારીરિક અવયવોને થતી ક્ષતિ છે. જો આ અવયવોનીયોગ્ય રીતે માવજત કરવામાં આવે તો મનુષ્ય પોતાનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી શકે. ડો. સી. વાડ કૌમ્પટનના મતાનુસાર - આજનો માણસ મરતો નથી, પરંતુ ધીરે ધીરે પોતાની આત્મહત્યા કરે છે.દીર્ઘાયુનું રહસ્ય શોધવા અંગે પ્રયત્નશીલ વૈજ્ઞાનિકોનો મત છે.કે માનવજીવનમાં આયુષ્યનું ખાસ મહત્ત્વ નથી. જુદાં જુદાં શારીરિક અંગોને જ વિશેષ મહત્ત્વ આપવું જોઈએ. શારીરિક અંગોને જ જર્જરિત થતાં બચાવવાં જોઈએ.અંગો જર્જરિત કેમ થાય છે ?:- એના જવાબમાં કહેવાયુંછે કે અંગોનું જર્જરિતપણું આપણા ખોરાકમાં જુદાં જુદાં તત્ત્વોનો અભાવકે વધુ પડતો ઉપયોગ જ છે.દીર્ઘાયુનું રહસ્ય સમતુલિત આહાર છે. ભોજનમાં લેવાતાં તત્ત્વો અને એની શરીર પર થતી અસરના સંબંધમાં તપાસ કરતાં એવું જણાયું કે વિટામિન, ખનિજ તત્વ અને કેલરીયુક્ત સંતુલિત ખોરાક આયુષ્યને લગભગ 10 ગણું વધારે છે. યોગ્ય માત્રાથી વધુ ખોરાક લેવાથી આયુષ્ય ઓછું થાય છે, જ્યારે વિટામિન અને ન્યુકિલય આમ્લીય ખોરાક નવજીવન બક્ષે છે. ચરબીનો ઉપયોગ દીર્ઘાયુ માટે પ્રતિકૂળ છે. તેમાં રહેલ કોલેસ્ટોરલ' નામનું દ્રવ્ય ધમનીમાંરુધિરાભિસરણને અવરોધરૂપ છે. વૈજ્ઞાનિકો દઢતાથી કહે છે કે ખોરાકમાં ચરબી સંતુલિત માત્રામાં લેવાથી કોઈ પણ માણસ ૯૦વર્ષ સુધી આરામથી જીવી શકે છે.અધિક આયુ સુધી જીવવાનો એક ઉપાય ઓછું ખાવું અને વિટામિનતથા ખનિજોથી સભર ખાદ્ય પદાર્થોનું વધુ માત્રામાં સેવન કરવું તે છે. દિલ્હીમાંતાજેતરમાં સંપન્ન થયેલી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના અધિવેશનમાં વિજ્ઞાન અને સમાજ પર આયોજિત વાર્તાલાપમાં આ વિષય ઉપર ચર્ચા વિમર્શ થયાં હતાં. વાર્તાલાપના સંયોજક પ્રો. અમિષકુમાર બેનર્જીએ કહ્યું કે અનેક વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો મનુષ્ય બીમારીથી બચતો રહે, તો તે ૧૨૫વર્ષ સુધી સામાન્ય જીવનના આનંદનો ઉપભોગ કરી શકે છે. પ્રો. બેનર્જીએ કહ્યું કે ઑક્સિજન સર્વ જીવોના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. પરંતુ એ રોગીઅને ઘડપણ માટે મુખ્ય કારણરૂપ છે. કેટલાક વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આહારમાં વિટામિન-ઈ નો ઉપયોગ વધારવાથી ઘડપણની પ્રક્રિયાને ધીમીકરી શકાય છે. રોજિંદા આહારમાં વિટામિન-ઈ નો વપરાશ વધારવાથીઘડપણ માટે કારણભૂત મસ્તિષ્ક તથા સફેદ રક્તકણ કોશિકાઓમાં થતાં પરિવર્તનો અને રોગો ઉપર અંકુશ રાખી શકાય છે. હવે તો સાબિત થઈચૂકયું છે કે ઓછો આહાર લેવાથી દીર્ઘાયુ બની શકાય છે ત્યારે ભવિષ્યમાં વપરાશમાં આવનાર આહાર ઉપર વધુ વિચારવિમર્શ થશે. તે ભવિષ્યમાં જે આહાર હશે તેમાં ઓછું પ્રોટીન, ખાંડ, તથા સ્ટાર્ચ તેમજ વધુ પ્રમાણમાં વિટામિન અને ખનિજ તત્વો હશે.પ્રો. બેનર્જી લોકોને પોતાના આહારમાં વધુ માત્રામાં લીલું શાક, દ્રાક્ષ જેવાં ફળ, તથા થોડા પ્રમાણમાં લાલ દારૂ લેવાની સલાહ આપે છે. એ ઉપરાંત મીઠાઈઓ અને આલ્કોહોલયુક્ત પીણાંથી દૂર રહેવાની સલાહઆપી છે. રોજ એક-બે ગ્લાસ દૂધ પીવાની સલાહ આપી છે. વળી, એમનીસલાહ એવી પણ છે કે રોજ સવારે નાસ્તા પહેલાં 100 ગ્રામ અંકુરિતઘઉં લેવા જોઈએ તેમ જ સલાડનું નિયમિત સેવન કરવું જોઈએ.આપણે ત્યાં ખોરાક ઋતુ પ્રમાણે લેવાતો નથી. હંમેશાં દાળ, ભાત,રોટલી, રોટલા જ ખાધા કરે છે. શાક અને અથાણાં ખૂબ પકવીને અનેમીઠું મસાલા મેળવીને ખાય છે. અને તે પણ તેમાંથી શરીરને ઉપયોગીતત્ત્વો આપણને બીજા ખોરાકમાંથી મળી શકતાં નથી એ વાતથી લોકો હજીયેઅજાણ્યાં છે. ઋતુઓ બદલાય તેની સાથે વિવિધ ફળો અને મૂળ શા ક પણપરિવર્તન પામતાં રહે છે તેથી બારે માસ સૂકા અન્નમાંથી બનાવેલોઆહાર - દાળ, ભાત, રોટલી-રોટલા વડે જ મનુષ્ય ઉદર પોષણ ન કરવુંજોઈએ, પણ જેમ બને તેમ તાજાં ફળ ફૂલ અને કાચાં ખાઈ શકાય તેવાંશાક અને ઉકાળ્યા વગરનું દૂધ ખાવાની ટેવ પાડવી જોઈએ.એ જ પ્રમાણે અવિધિપૂર્વક બગાડીને અને કટાણે બીજા ખોરાકો સાથેભેળવીને તથા કૃત્રિમ સ્વાદને લીધે જરૂર કરતાં વધારે ખાઈને શરીર રોગને આમંત્રણ આપે છે.આરોગ્ય માટે વધતી જતી જાગૃતિખોરાક ઉપરાંત મનુષ્યને આયુષ્ય વધારવા પ્રદૂષણથી દૂર રહેવાની જરૂર છે. શુદ્ધ હવા મળે તે માટે ઊંડા શ્વાસ, પ્રાણાયામ, યોગાસન, જોગિંગ, મોર્નિંગ વૉક જેવી કસરતો કરવાની પણ જરૂર છે. અમેરિકામાં હવે ઠેરઠેરહેલ્થ સેન્ટરો ખૂલ્યાં છે. રોજ વધુ ને વધુ અમેરિકનો શરીર પ્રત્યે વધુ નેવધુ સભાન બનતા જાય છે. ઠેરઠેર ડાયેટ ક્લિનિક અને હેલ્થ રેસ્ટોરાં છેજેમાં વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે માફકસર કેલરીવાળો ખોરાક અપાયછે. બાફેલાં શાકભાજી અને ફળોનો નારનો અપાય છે.અમેરિકામાં રસ્તા પર જાહેર સ્થળોએ પાટિયાં મારેલાં હોય છે. જેના પર લખ્યું હોય છે : 'તમારે વૃદ્ધાવસ્થાથી ગભરાવું જોઈએ. વૃદ્ધ થશો તો સેકસ જીવન નહિ માણી શકો, તમે કામ નહિ કરી શકો, તેમને માન નહીંમળે. તમને બહેરાશ આવશે, તમારા દાંત પડી જશે અને તમને બધા જહડધૂત કરશે.' આવી જાહેરાતો વાંચીને વધુ ને વધુ લોકો હેલ્થ ક્લબો તરફઆકર્ષાય છે. ફિલ્મ અભિનેત્રી બોડરક પણ વેઈટલિફટીંગ કરે છે અનેતેનો પતિ પણ હેલ્થ ક્લબ ચલાવે છે.આજે દવાઓનો ઉપયોગ દિનપ્રતિદિન આડેધડ વધતો જઈ રહ્યો છે.સસ્તી અને સુલભ બનેલી બજારૂ દવાઓનો પ્રચાર આજે એટલો બધો વધી,ગયો છે કે લોકો એમ જ માનતા થઈ ગયા છે. પ્રત્યેક બીમારીનો ઈલાજ દવાઓ જ છે. હકીકતમાં તો આડેધડ દવાઓનો ઉપયોગ શરીરમાં આંતરિકપ્રદૂષણ ફેલાવીને અનેક રોગો ફેલાવે છે. જૂની પદ્ધતિ શરીરની અંદર બધુંઠાલવવામાં માનતી, આધુનિક પદ્ધતિ શરીરની અંદરનું બધું બહાર કાઢીનેતેને પ્રદૂષણયુક્ત બનાવવામાં માને છે. શરીરનાં નબળાં પડેલાં કિડની અને લિવરના સ્થાને કૃત્રિમ કિડની અને લિવર બેસાડીને શરીરયંત્રને પૂર્વવત્ ચાલુરાખી શકાય છે.વિજ્ઞાને આજે એટલી સિદ્ધિ મેળવી છે કે શરીરના બગાડેલા લોહીને બહાર કાઢીને તેને શુદ્ધ કરીને ફરી તેને શરીરમાં ફરતું બનાવી શકાય છે.હવે તો આએલડીએલનું લોહીમાંથી શોષણ કરીને સંકોચાયેલી નસોને પહોળી કરીને હૃદય અને મગજને પૂરું લોહી પહોંચાડી વીસમી સદીના આઘાતક રોગને કાબૂમાં લેવાના પ્રયોગો પણ સફળતાની લગભગ નજીક પહોંચી ચૂક્યા છે. આ બધા પ્રયોગો માનવીના જીવનનાં સક્રિય વર્ષોવધારવાની દિશામાં છે.એ ઉપરાંત જો મનુષ્ય નિયમબદ્ધ સાર્થક જીવનશૈલી અપનાવે, એટલેકે ખાન-પાનની મર્યાદાઓનું પાલન કરે, આચાર-વ્યવહારના નિયમો પાળવામાં આવે તો મનુષ્ય લાંબું અને સારું આયુષ્ય ભોગવી શકે છે .

# તળાજાના ધો.7 ના વિદ્યાર્થીએ બંધ કારમાં પણ ઓક્સીજન મેન્ટેન કરવા પેટન્ટ વિકસાવી

### પિતાની મદદથી પેટન્ટનો આવિષ્કાર



• તળાજા

તળાજાના પાવઠી ખાતે સરકારી પ્રા.શાળા મા ધો.૭મા અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ફોર વહીલમાં ગૂંગળાઈને પોતાની સાથે અભ્યાસ કરતા બે વિદ્યાર્થીનું મૃત્યુ થતા તેમાંથી બોધપાઠ લઈને ભવિષ્યમાં આ પ્રકારે કોઈનું મૃત્યુ ન થાય તે માટે ખાસ ફોર વહીલ માટે એક ટેકનોલોજી વિકસાવી છે. બ્લોઅરમાંથી ઓક્સિજન મળી રહે અને અલર્ટ પણ કરી શકાય આથી નાની વયે પેટન્ટ વિકસાવતા યાજ્ઞિકે સફળતા મેળવી છે.

પાવઠી ગામની પ્રા.શાળામા ધો.૬ થી ૮ના ગણિત વિજ્ઞાનના શિક્ષક તરીકે મધવભાઈ પંડયા ફરજ બજાવે છે. તેમનો પુત્ર યાજ્ઞિક ધો.૭મા અહીજ અભ્યાસ કરે છે. આજ શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ કારમાં રમતા હતા, કારના તમામ કાચ બંધ હતા ને કાર લોક થઈ ગઈ. ઓક્સિજન વાયુની ઘટ ઉભી થતા બંને બાળકોના ગૂંગળાઈ જવાના કારણે મૃત્યુ થયા હતા. આ ઘટનાએ ધો.૭ના વિદ્યાર્થી યાજ્ઞિકનું હૈયું હચમચાવી દીધું હતું. ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના જાણકાર પિતા માધવભાઈને સાથે રાખી કારનું તાપમાન, ગાડીમા હલન ચલન અને કારની અંદરની એર ક્વોલિટીના આધારે કાર લોક અને બંધ હોવા છતાં ઓટોમેટીક કારનો પંખો, બેલ્ટ શરૂ થઈ જાય. બ્લોઅરમાંથી હવાની અવર જ્વર થવા લાગે અને કારમાંથી જ એલર્ટનું સાયરન વાગવા લાગે અને કાર સાથે જોડાયેલા મોબાઈલમાં નોટિફિકેશન મળે તેવી ટેકનોલોજીની શોધ કરી છે. જેના થકી કારમાં ગૂંગળાઈને કોઈ વ્યક્તિનું મૃત્યું ન થાય. જે ટેકનોલોજી વિકસાવી છે તેના માટે ભારતીય પેટન્ટ ઓફીસમા આ પેટન્ટ યાજ્ઞિક પંડયાના નામે બુક પણ થઈ ગઈ છે. જે ઓનલાઈન વેબસાઈટ પર પણ જોવા મળી શકશે.

તળાજાના યાજ્ઞિક પંડયા દ્વારા કારમાં ગૂંગળામણથી થતા મોતનું સોલ્યુશન શોધવામાં પેટન્ટ વિકસાવી સફળતા મેળવી છે જેની નોંધ લઈ ધારાસભ્ય ગૌતમ ચૌહાણે કેન્દ્ર સરકારના રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગને પત્ર લખી આ દિશામાં સરકાર પક્ષે અકસ્માત અટકાવવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું અને વિદ્યાર્થીની આ સિદ્ધીને બિરદાવી હતી.

**હાશકારો**

### વાલીઓને મોટી રાહત

# ભરૂચ શિક્ષણ વિભાગનો આદેશ, બાળકો હવે મનપસંદ સ્વેટર પહેરીને શાળાએ જઈ શકશે

## કોઈપણ શાળા ચોક્કસ બ્રાન્ડ કે રંગના સ્વેટર માટે દબાણ કરશે તો કાર્યવાહી થશેઃ DEO

• ભરૂચ

ભરૂચ જિલ્લામાં શિયાળાની ઋતુની શરૂઆત થતાં જ જિલ્લા શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના હિતમાં એક મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લીધો છે. હવેથી જિલ્લાની કોઈપણ શાળા વિદ્યાર્થીઓને ચોક્કસ રંગના અથવા શાળા દ્વારા નક્કી કરેલ બ્રાન્ડના જ સ્વેટર પહેરવા માટે દબાણ કરી શકશે નહીં. આ અંગે ભરૂચ જિલ્લા શિક્ષણ વિભાગે તમામ શાળાઓને સત્તાવાર પત્ર જારી કર્યો છે.

જિલ્લા શિક્ષણ અધિકારી સ્વાતિબા રાઓલએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમુક શાળાઓ દ્વારા વાલીઓ પર નિશ્ચિત દુકાનમાંથી જ ગરમ કપડાં ખરીદવા માટે દ બાણ કરવામાં આવતું હતું, જેના કારણે વાલીઓ પર અનાવશ્યક આર્થિક ભારણ વ ધતું હતું. આ પરિસ્થિતિને અંત આપવા માટે શિક્ષણ વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે વિદ્યાર્થીઓ શિયાળામાં પોતાના ઘરેથી લા વેલ મનપસંદ સ્વેટર અથવા અન્ય ગરમ કપડાં શાળામાં પહેરી શકે છે.

શિક્ષણ વિભાગે તમામ શાળાઓને



સ્પષ્ટ ચે તવણી આપતા જણાવ્યું છે કે, કોઈ પ ણ સંજોગોમાં વિદ્યાર્થીને ચોક્કસ પ્રકા ર , બ્રાન્ડ કે રંગના સ્વેટર પહેરવાની ફરજ પા ડી શકાશે નહીં. વાલીઓ પર દબા ણ ન થાય અને બાળકોના આરોગ્યને પ્રા ધા ન્ય મળે તે માટે આ સૂચનાનું કા ય મી ધોરણે પાલન કરવું અનિવાર્ય છે. ઉલ્લંઘન કરનાર શાળા વિરુદ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

# છોટાઉદેપુર 1000 જેટલા ખેડૂતોને સડેલું બિયારણ આપ્યાનો ગંભીર આક્ષેપ

## ખેડૂતો એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે સડેલું બિયારણ આપી અમોને થયેલું નુકસાન ભરપાઈ કરવામાં આવશે કે નહી?

• અંજુમ ખત્રી છોટાઉદેપુર



છોટાઉદેપુર ખાતે આવેલ જીએટીએલ કિસાન સુવિધા કેન્દ્ર (GSFC) દ્વારા આજે ખેડૂતોને સડેલું મકાઈનું બિયારણ આપ્યાનો આક્ષેપ ખેડૂતોએ કર્યો છે. મળતી માહિતી મુજબ સુમારે 1000 જેટલા ખેડૂતોને આ બિયારણનું વિતરણ થયું હોવાનું જાણવા મળે છે, જેને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ભારે રોષ ફેલાયો છે. પાઘરવાટ સહિત આસપાસના ગામોના BPL ખેડૂતો આજે મફત મળતી બિયારણ કીટ લેવા આવ્યા હતા. ખેડૂતોનું કહેવું છે કે 14 નવેમ્બરે આપવામાં આવેલી મકાઈની કીટમાંથી ઘણા ખેડૂતો ઓરણી કરી ચૂક્યા છે, પરંતુ તેમાં 100 માંથી માત્ર 30% જેટલી જ મકાઈ ઉગી છે, બાકીની ઉગી ન આવતા ખેડૂતોને નુકસાન સહન કરવું પડ્યું છે. ખેડૂતોનું કહેવું છે કે નવી મળેલી કીટનું પેકેટ ખોલતા પણ તેમાં સડેલું અને ખરાબ બિયારણ જોવા મળ્યું હતું. આ બાબતે જ્યારે ખેડૂતો સુવિધા કેન્દ્રમાં રજૂઆત કરવા ગયા ત્યારે તેમને જોઈને ઓરણી કરવી જોઈએ એવું કહી પલટવાર કરવામાં આવ્યો હતો. ખેડૂતો દ્વારા ઓરેલી મકાઈ બદલી આપવા પણ માંગ કરવામાં આવી હતી. કમોસમી માવઠાને કારણે પહેલેથી નુકસાન ભોગવતા ખેડૂતોને ફરી એકવાર સડેલા બિયારણથી આઘાત લાગ્યો છે. વિશ્વાસપાત્ર કીટ મળે તેવી આશા રાખીને આવેલા ખેડૂતો બિયારણ સડેલું નીકળતાં ઉગ્ર રોષે ભરાયા હતા અને મીડિયાની સામે ગુસ્સો વ્યક્ત કર્યો છે.

**વિરોધ** — રેલ રોકો બાદ હવે રોડ રોકો, પોલીસની કાર્યવાહી

# જેતપુરમાં ધોરાજી રોડના ફ્લાયઓવર પર ચક્કાજામ, રેલવે ફાટક બંધ થતા સ્થાનિકોમાં રોષ

## ટ્રાફિક જામઃ 53 કરોડના ખર્ચે બનેલા બ્રિજ પર વિરોધ

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાં ધોરાજી રોડ પર નવનિર્મિત રેલવે ઓવરબ્રિજ (Flyover) ખુલ્લો મુકાયા બાદ સર્જાયેલો વિવાદ આજે વધુ ઉગ્ર બન્યો હતો. રેલવે ફાટક કાયમી ધોરણે બંધ કરી દેવાના મુદ્દે રોષે ભરાયેલી સ્થાનિક મહિલાઓએ આજે રેલવે ઓવરબ્રિજ ઉપર ચક્કાજામ કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર અંદાજે 53 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ ફ્લાયઓવરનું નિર્માણ ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે કરવામાં આવ્યું હતું. જોકે, ઓવરબ્રિજ કાર્યરત થતાં જ રેલવે દ્વારા જૂનો ફાટક બંધ કરી દેવાયો છે. ફાટક બંધ થવાના કારણે આસપાસના સાત જેટલા વિસ્તારના રહીશોને લાંબો ફેરો (લગભગ 2 કિલોમીટર) લેવાની ફરજ પડી રહી છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પોતાની સમસ્યાનું નિરાકરણ ન આવતા, આ જ મહિલાઓએ થોડા દિવસો પહેલા રેલવે ટ્રેક ઉપર બેસીને ટ્રેન રોકવાનો (રેલ રોકો) પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ આજે મહિલાઓએ રેલવે ઓવરબ્રિજ પર બેસીને ચક્કાજામ (રોડ રોકો) કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનના પગલે ફ્લાય ઓવરબ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ જેતપુર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલી મહિલાઓને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ મહિલાઓ ન માનતા, પોલીસે અમુક મહિલાઓની અટકાયત કરીને બ્રિજ પરથી રોડ પરનો અવરોધ દૂર કરાવ્યો હતો અને ટ્રાફિકને પૂર્વવત્ કરાવ્યો હતો. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહીવટી તંત્ર દ્વારા આ ફાટકનો પ્રશ્ન તાત્કાલિક ઉકેલવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



અરજદારશ્રી જો આ નિયત મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ( Base Price) ને જપ્ત કરાય છે

# મહીસાગર સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે ટૂ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોના સીરીઝની ઓનલાઈન હરાજી

**ચોઈસ નંબર** — છેલ્લા દિવસે રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતીથી નંબર ફાળવી દેવામાં આવે છે

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

ટૂ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોના નંબર સીરીઝની ઓનલાઈન હરાજી માટે અરજી ૧૦ થી ૧૨ ડીસેમ્બર સુધી આવેદન કરી સકાશે. મહીસાગર સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની અખબારી યાદી જણાવે છે કે, અત્રેની કચેરીમાં 2-wheeler(મોટર સાઈકલ) ના GJ-35-R અને GJ-35-BA ના ગોલ્ડન અને સિલ્વર નંબરનો તથા 4-wheeler (મોટર કાર) ની જૂની સીરીઝ GJ-35-N અને GJ-35-AA સિરીઝમાં ગોલ્ડન. સિલ્વર નંબરોનું Auction શરૂ કરવામાં આવનાર હોવાથી નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઈ ઓનલાઈન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે. વધુમાં મે. વાહન વ્યવહાર કમિશનર કચેરીનાં પત્ર મુજબ દિવયાંગજન ઓનરશિપમાં રજિસ્ટર્ડ થતાં ( વાહનનો પ્રકાર એડેપ્ટેડ હોય કે ન હોય) મોટર વાહન માલિક પણ સંબંધિત કલાસમાં ઓકશનમાં ભાગ લઈ શકશે.

ઈ-ઓકશન પ્રક્રિયા ઓનલાઈન અરજી કરવાની તારીખ ૧૦/૧૨/૨૦૨૫ ૦૪:૦૦ કલાકથી ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૨/૧૨/૨૦૨૫ સાજે ૦૩:૫૯ કલાક સુધી રહેશે.જયારે ઈ-ઓકશન શરૂ તારીખ ૧૨/૧૨/૨૦૨૫ થી અને ઈ-ઓકશન સમાપ્ત તારીખ ૧૪/૧૨/૨૦૨૫ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે http://parivahan.gov.in/fancyપર નોંધણી,યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઈ.ટી/પસંદગીનંબર/ઓનલાઈન ઓક્શન/7421,તા.12/10/2017 Appendix-A (આ સાથે સામેલ છે) ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માથી જે વહેલું હોય તે તારીખથી 7 દિવસની અંદર www.parivahan.gov.in વેબસાઈટ પરથી CNA ફોર્મ ભરી લેવાનું રહેશે. (Process flow સામેલ છે) આવી અરજી કર્યાની તારીખથી 60 દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે 60 દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાથી અરજદારને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહીં. તો અરજી તારીખથી ગણતા 60 દિવસ એટલે કે છેલ્લા દિવસે રજીસ્ટ્રેશન ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતીથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદાર કોઈ વાંધો લઈ શકશે નહીં.

ખાસ સ્પષ્ટતા કરવાની કે, આ 60 દિવસની મર્યાદા અરજદારને માત્ર વધુ ઓકશનમાં ભાગ લેવાની તક આપવાના હેતુથી આપવામાં આવી છે. 60 દિવસની મર્યાદાના કારણે કામચલાઉ નોંધણી પ્રમાણપત્રની 30 દિવસની મર્યાદામાં વધારો કરવાની કોઈ જોગવાઈ નિયમોમાં કરવામાં આવેલ નથી. કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર પૂરું થયા પછી તેમનું વાહન અનરજીસ્ટર્ડ ગણાશે. તેમજ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે , અરજદારે હરાજીની પ્રક્રિયા પૂરી થયાના 5 દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવાના રહેશે. અરજદારશ્રી જો આ નિયત મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ( Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે, જેમાં અરજદાર કોઈ વાંધો લઈ શકશે નહી. ઓનલાઈન ઓક્શન દરમિયાન અરજદારએ આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે , અસફળ અરજદારશ્રીએ રિફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે.

# જેતપુરમાં તિવારી ગેંગનો વધુ એક સાગરીત પાસા હેઠળ મહેસાણા મધ્યસ્થ જેલમાં ધકેલાયો

## રાત્રિના સમયે ગુનાહિત પ્રવેશ અને હત્યાના ઇરાદે ગંભીર મારામારીના ગુના

• સુરેશ ભાલીયા જેતપુર,



રાજકોટ રેન્જ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજની સૂચના હેઠળ ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ અંતર્ગત જેતપુરના એક આરોપીને પાસા હેઠળ મહેસાણા જેલમાં મોકલી દેવાયો છે. આરોપી સાહિલ કાસમભાઈ લાખા, જે જેતપુર, જૂનાગઢ રોડ, દેવ્યાની એપાર્ટમેન્ટ સામેની ગલીનો રહેવાસી છે, તે અપહરણ, લૂંટ, રાત્રિના સમયે ગુનાહિત પ્રવેશ અને હત્યાના ઈરાદે ગંભીર મારામારી જેવા ગુનાઓમાં સક્રિય હતો. તેની સામે ગુનાહિત ટોળકીનો મુખ્ય સાગરીત હોવાનો આરોપ છે. પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર દ્વારા સાહિલ લાખા વિરુદ્ધ પાસા પ્રપોઝલ તૈયાર કરવામાં આવ્યું હતું. આ પ્રપોઝલ રાજકોટના જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર ડો. ઓમપ્રકાશને મોકલવામાં આવ્યું, જેમણે આરોપીની પાસા મંજૂર કરી.

જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ મુજબ, આરોપીને મહેસાણા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કરાયો હતો. એલ.સી.બી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. ઓડેદરા અને પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. ટીમ અને જેતપુર સિટી પોલીસ સ્ટાફે આરોપીને શોધી કાઢી, પાસા અટકાયતના હુકમની બજવણી કરી તેને મહેસાણા જેલ મોકલી આપ્યો.

આ કાર્યવાહી રૂરલ એલસીબીના એ.એસ.આઈ. બાલકળષ્ણભાઈ ત્રીવેદી તથા અમિતસિંહ જાડેજા, જેતપુર સીટી પોલીસના એ.એસ.આઈ. ભાવેશભાઈ ચાવડા, મીલનસિંહ ડોડીયા, પોલીસ હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા, ધવલભાઈ ગાજીપરા, પોલીસ કોન્સ. અમીતભાઈ સિધ્ધપરા, પ્રદિપભાઈ આગરીયા, ભગીરથસિંહ જાડેજા તથા શક્તિસિંહ ઝાલા તથા લાખુભા રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# મહીસાગર જિલ્લા સેવા સદન અને સરકારી કચેરીઓ નજીક રેલી-ધરણા પર પ્રતિબંધ

## ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચારથી વધુ વ્યક્તિ ભેગા થવા પર મનાઈ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી વી લટાએ જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લા ના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યાકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૧૭/૧૨/૨૦૨૫ સુધી મનાઈ ફરમાવી છે. આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને, જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સાઓ તરીકે પરવાનગી આપવામાં આવી હોય અને સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન તેઓને લાગુ પડશે નહીં.આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે.

# મહીસાગર જિલ્લાના ખેડૂતો માટે મીની ટ્રેક્ટર અને આનુષંગિક સાધનોની ખરીદી પર સહાય યોજના માટે અરજીઓ માંગવામાં આવી

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

ગુજરાત સરકારના બાગાયત ખાતા દ્વારા કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લાના ખેડૂતો માટે એક મહત્વની યોજના શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે સામાન્ય જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે મીની ટ્રેક્ટર (૨૦ PTO HP સુધી), મીની રોટાવેટર, મીની કલ્ટીવેટર, મીની ટ્રેલર અને મીની પાણીનું ટેન્કર જેવા આવશ્યક કૃષિ સાધનોની ખરીદી પર સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોને આધુનિક સાધનોની મદદથી ખેતીની કાર્યક્ષમતા વધારવામાં મદદ કરવાનો છે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક મહીસાગર જિલ્લાના ખેડૂતમિત્રોએ રાજ્યના નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ (https://ikhedut.gujarat.gov.in) પર તાત્કાલિક અરજી કરવાની રહેશે. પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા તા. ૦૧/૧૨/૨૦૨૫ થી તા. ૧૦/૧૨/૨૦૨૫ સુધીની છે. ખેડૂતોએ પોર્ટલ પર જ અરજીમાં જણાવ્યા મુજબના જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને અરજી કન્ફર્મ કરવાની રહેશે. કન્ફર્મ થયા બાદ અરજીની પ્રિન્ટ કાઢીને ખેડૂતોએ પોતાની પાસે સુરક્ષિત રાખવાની રહેશે. અરજીની મંજૂરી મળ્યા બાદ, સહાયની રકમ (ક્લેઈમ) મેળવવા માટે ખેડૂતોએ આ અરજીની નકલ, સહી સાથેના જરૂરી સાધનિક કાગળો સહિત, નાયબ બાગાયત નિયામકની કચેરી, બ્લોક નંબર-૧૪, પહેલો માળ, સરદાર પટેલ વિદ્યાલયની બાજુમાં, ચાર કોશિયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા, જી. મહીસાગર ખાતે રૂબરૂ જમા કરાવવાની રહેશે. મહીસાગર જિલ્લાના સર્વે ખેડૂતોને વિનંતી છે કે આ સમયમર્યાદાનું ધ્યાન રાખીને વહેલી તકે યોજનાનો લાભ લેવા માટે અરજી કરે.

મહીસાગર જિલ્લા મથકને વિરપુર થી જોડતા

# મુખ્ય માર્ગ ઉપર આવેલ પ્રાચીન ધરોહર સમો પ્રવેશદ્વાર જર્જરીત

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લા મથકને વિરપુર થી જોડતા મુખ્ય માર્ગ ઉપર આવેલ પ્રાચીન ધરોહર પ્રવેશદ્વાર જર્જરીત બનતા તેની મરામત અને રંગરોગાન માટે ગ્રામજનો ની માંગ ઉઠી છે.વિરપુર નગર માં રાજાશાહી શાસન સમય ના એક માત્ર તેવા પ્રાચીન ધરોહર સમાન વિરપુર ગામ માં પ્રવેશતા એક પછી એક તેવા 3 પ્રવેશ દ્વાર મોટા દરવાજા જે વિરપુર ની આન બાન અને શાન માં વૃદ્ધિ કરતા હતા. જેમાંથી એક પ્રવેશ દ્વાર તંત્રની નિષ્કાળજી કે બેદરકારીના ભોગે તેની સમયસર મરામત ન થતા જર્જરીત થઈ તૂટી પડ્યું છે. જ્યારે હાલ ના સમય 2 પ્રવેશ દ્વાર સરકારી દવાખાનની પાસે આજે પણ અડીખમ ઊભા તો છે. પણ આવનાર સમયમાં તેની જરૂરી મરામત અને રંગ રોગાન નહીં થાય તો તે પણ પોતાનું અસ્તિત્વ ટકાવી નહીં શકે. જે બાબતે વિરપુર નગર જનો ચિતિંત છે નગર જનો ના જણાવ્યા પ્રમાણે આજે પણ તે બંને પ્રવેશ દ્વાર કાગડોડે જીર્ણોધાર કે તેની મરામત માટે તરસતા અડીખમ ઊભા છે. રાજાશાહી સમય ના પ્રાચીન સમય કાળથી વિરપુર ની શાન ગણાવી શકાય તે પ્રવેશ દ્વાર આજે અસ્ત થવાની આરે છે. ત્યારે વિરપુર ની પ્રજા તેની મરામત ઈચ્છી રહી છે અને વિરપુર ની વિરાસત ને જીવંત બનાવવાની પ્રબળ માંગ ઉઠાવી રહી છે. તંત્ર દ્વારા વહેલી તકે જર્જરીત બનવા જઈ રહેલ પ્રાચીન ઈમારતને સજાવવામાં આવે તેની મરામત કરી તેના પર રંગ રોગન કરવામાં આવે તો વિરપુર ની શાન અને ગૌરવ વધી શકે તેમ છે તેમ ગ્રામજનો નું કહેવું છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### રશ્મિકા મંદાનાએ સોશ્યલ મીડિયામાં સ્ત્રી-ઊર્જા વિશે વાત કરતાં કહ્યું કે કોમળતામાં પણ બહુ શક્તિ હોય છે

# મહિલાઓ જ્યારે એકબીજાને સહારો આપે છે ત્યારે એક જાદુ સર્જાય છે



રશ્મિકા મન્દાના મોટાભાગે તેની ફિલ્મો અને રિલેશનશિપને કારણે ચર્ચામાં રહેતી હોય છે, પરંતુ હાલમાં તેણે સોશ્યલ મીડિયા પર સ્ત્રી-ઊર્જા વિશે એક લાંબી પોસ્ટ લખી છે. આ પોસ્ટમાં રશ્મિકાએ સાચી સ્ત્રી-ઊર્જાની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે જો કોઈ મહિલા પોતાના આંતરિક અવાજને અનુસરે તો તેની અંદર અનેક પરિવર્તન આવે છે.પોતાની આ પોસ્ટમાં રશ્મિકાએ લખ્યું છે, “સ્ત્રી-ઊર્જામાં એક ખાસ જાદુ હોય છે. જ્યારે તમે પોતાની સાથે જોડાઈ જાઓ છો ત્યારે તમે વસ્તુઓને સારી રીતે જોવાનું શરૂ કરો છો. લોકોને ઓળખવા લાગો છો અને પરિસ્થિતિઓને પહેલાંથી વધારે સારી રીતે સમજી શકો છો. ઘણી વાર લાગે છે કે કંઈક ખોટું થવાનું છે. મન તમને ચેતવણી આપે છે, પરંતુ આપણે એને અવગણીએ છીએ, કારણ કે જીવન ખૂબ જટિલ છે.”આ મુદ્દે રશ્મિકાએ વિશેષમાં લખ્યું છે, “મહિલાઓ જ્યારે એકબીજાને સહારો આપે છે અને ફક્ત એટલું કહે છે કે હું તારી સાથે છું ત્યારે એક જુદો જ જાદુ સર્જાય છે. એ કોમળતામાં પણ બહુ શક્તિ છુપાયેલી છે. સ્ત્રી-શક્તિ નબળી નથી, તે કોમળ છે પરંતુ મજબૂત અને પ્રેમથી ભરેલી છે. જ્યારે મહિલાઓ આવી ઊર્જા સાથે એક થાય છે ત્યારે તેમને કોઈ રોકી શકતું નથી. હું જોઈ રહી છું કે ઘણી મહિલાઓમાં આ શક્તિ છે. જેમને હજી સમજ નથી તેઓ જલદી જ એને સમજશે અને અનુભવશે. જલદી એને પ્રાપ્ત કરીને મજબૂત સ્ત્રી-ઊર્જા બની જશે.”રશ્મિકાના આ વિચારોને સોશિયલ મીડિયા પર અનેક પ્રશંસકો અને મહિલાઓએ પસંદ કર્યા છે. તેની પોસ્ટ વાયરલ થતા ઘણા લોકોએ લખ્યું કે આ શબ્દો દરેક મહિલાને પોતાની અંદર ઝાંખી કરવા પ્રેરિત કરે છે. કેટલાક યુઝર્સે લખ્યું કે રશ્મિકાએ પોતાના અનુભવોમાંથી બોલ્યું છે, જ્યારે અન્યોએ તેને આધુનિક સ્ત્રી માટે પ્રેરણાસ્ત્રોત ગણાવી છે.રશ્મિકાની પોસ્ટ માત્ર ભાવનાત્મક સંદેશ નથી, પરંતુ આજના સમયમાં મહિલાઓ માટે માર્ગદર્શક વિચારો પણ છે. આજના વ્યસ્ત જીવનમાં ઘણી મહિલાઓ પોતાના અસ્તિત્વ અને આંતરિક અવાજથી દૂર થતી જાય છે. કારકિર્દી, પરિવાર, અને સમાજના દબાણ વચ્ચે તેઓ પોતાનો સમય ગુમાવી બેસે છે. રશ્મિકા કહે છે કે જો મહિલાઓ પોતાને સાંભળે, પોતાના અંતરનાં સ્વર પર વિશ્વાસ રાખે, તો જીવનમાં ચમત્કારિક બદલાવ આવે છે.સ્ત્રી-ઊર્જા એ માત્ર નારીવાદી વિચાર નથી, પરંતુ એ માનવીય સંતુલનનો આધાર છે. રશ્મિકાના શબ્દોમાં આ ઊર્જા માત્ર સંવેદનાની નથી, પરંતુ એક શક્તિ છે જે દુનિયાને પ્રેમ અને સહાનુભૂતિથી બદલવાની ક્ષમતા ધરાવે છે.સિનેમા જગતમાં પણ રશ્મિકા પોતાના કાર્ય દ્વારા એ જ ભાવના વ્યક્ત કરતી દેખાય છે. “પુષ્પા”, “ગીતા ગોવિંદમ”, અને “મિશન મજનુ” જેવી ફિલ્મોમાં તેના પાત્રો મજબૂત, સ્વતંત્ર અને સહાનુભૂતિથી ભરેલા છે. રશ્મિકા કહે છે કે તેણી પોતાના દરેક પાત્રમાં સ્ત્રીની આંતરિક શક્તિને પ્રદર્શિત કરવાનો પ્રયત્ન કરે છે.આ પોસ્ટથી રશ્મિકાએ સ્પષ્ટ કર્યું છે કે સેલિબ્રિટી તરીકે તે માત્ર ગ્લેમર સુધી સીમિત નથી રહેવા માંગતી, પરંતુ સ્ત્રીત્વ વિશે પણ ચર્ચા કરવા તૈયાર છે. આજના સમયમાં જ્યાં સોશિયલ મીડિયા પર ઘણી વાર નકારાત્મકતા અને હેટ સ્પીચ ફેલાય છે, ત્યાં રશ્મિકાનો આ પ્રકારનો સંદેશ સમાજને સકારાત્મક દિશામાં વિચારવા પ્રેરિત કરે છે.તેની પોસ્ટના અંતમાં રશ્મિકા લખે છે – “તમારું હૃદય જે કહે છે તે સાંભળો. સ્ત્રી તરીકે તમારી અંદર એક પ્રકાશ છે, જે દુનિયા બદલી શકે છે. તમે કોમળ છો, પરંતુ તમારી અંદર અસીમ શક્તિ છે. તમારું સ્વરૂપ જ શક્તિ છે.”રશ્મિકાનો આ સંદેશ આજની દરેક સ્ત્રી માટે એક પ્રેરણા સમાન છે – જે કહે છે કે નબળાઈ એ સ્ત્રીનું લક્ષણ નથી, પરંતુ કોમળતા અને પ્રેમ એ તેની સૌથી મોટી શક્તિ છે.

# કલ્કી 2માં દીપિકાની જગ્યાએ પ્રિયંકા ચોપરાને લેવામાં આવશે?

### કલ્કી 2898 AD ની સિક્વલમાં દીપિકા પાદુકોણની જગ્યાએ પ્રિયંકા ચોપરાનો વિચાર

મુંબઈ: કલ્કી 2898 એડી સિક્વલમાંથી દીપિકા પાદુકોણ નીકળી ગઈ હોવાથી તે ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે તેની પાછળનું કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. અમુક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે દીપિકાની 8 કલાકની વર્ક શિફટની માંગ તેનું એક કારણ છે.

બીજી બાજુ લોકો એ વાત જાણવા માટે પણ ઉત્સુક છે કે ફિલ્મમાં દીપિકાની જગ્યાએ કોણ આવશે?કેટલાક અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ અનુસાર, નિર્માતાઓ પ્રભાસ અભિનીત ફિલ્મમાં દીપિકાની જગ્યાએ પ્રિયંકા ચોપરાને લેવાનું વિચારી રહ્યા છે.

નેટીઝન્સે ચર્ચા શરૂ કરી દીધી છે કે દીપિકા જગ્યાએ પ્રિયંકા સારી રિપ્લેસમેન્ટ છે કે નહીં. એક રેડિટ યુઝરે ટિપ્પણી કરી છે કે “કાશીબાઈ આખરે મસ્તાનીને રિપ્લેસ કરી રહી છે. તો બીજા એક નેટીઝને લખ્યું હતું કે આ ખરેખર એક અપગ્રેડ છે .. અન્ય કોઈ પણ ડાઉનગ્રેડ જેવું લાગત.

અન્ય એક યુઝરે ટિપ્પણી કરી હતી કે તેઓ સ્ટોરીમાં બદલાવ કેવી રીતે દશાવશે? તેઓ દીપિકાની ગેરહાજરીનું કારણ તેના પાત્રનું મૃત્યુ અથવા તે ક્યાંક ખોવાઈ ગઈ અથવા ગમે તે સમજાવી શકે છે!

આ વર્ષે સપ્ટેમ્બરમાં નિર્માતાઓએ ટ્વીટ કર્યું હતું કે અમે સત્તાવાર રીતે જાહેરાત કરીએ છીએ કે દીપિકા @deepikapadukone ★Kalki2898ADની આગામી



સિક્વલનો ભાગ નથી. ઘણી બધી વિચારણા કર્યા પછી અમે અલગ થવાનો નિર્ણય લીધો છે. પહેલી ફિલ્મ બનાવવાની લાંબી સફર છતાં, અમે ફરી સાથે કામ ન કરી શક્યા. અને @Kalki2898AD જેવી ફિલ્મ તે પ્રતિબદ્ધતા અને ઘણું બધું મેળવવાને પાત્ર છે. અમે દીપિકાને તેના ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવીએ છીએ.

દીપિકાના ફિલ્મ છોડ્યા પછી ફિલ્મમાં તેની જગ્યાએ કઈ અભિનેત્રી આવશે તે અંગે અનેક અહેવાલો આવ્યા હતા. કેટલાક અહેવાલો મુજબ નિર્માતાઓ અનુષ્કા શેટ્ટી અથવા સાઈ પલ્લવી પર વિચાર કરી રહ્યા છે, અને હવે, તાજેતરના અહેવાલો મુજબ પ્રિયંકા ચોપરા હોઈ શકે છે.

# અભિનેતા શાહરૂખ ખાનની કોલેજની માર્કશીટ થઈ વાઈરલ

બોલીવૂડના કિંગ શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ માત્ર ભારત જ નહીં પણ દેશભરમાં છે, પરંતુ શું તમને ખબર છે કે આજે બધા ભલે શાહરૂખને ઓળખતા હોય પણ એક સમય એવો હતોબોલીવૂડના કિંગ શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ માત્ર ભારત જ નહીં પણ દેશભરમાં છે, પરંતુ શું તમને ખબર છે કે આજે બધા ભલે શાહરૂખને ઓળખતા હોય પણ એક સમય એવો હતો કે જ્યારે એસઆરકે એક નોર્મલ કોલેજ સ્ટુડન્ટ હતો? શાહરૂખને પણ તમે અનેક વખત એવું કહેતાં સાંભળ્યો હશે કે તે સ્કુલ ડેઝમાં બ્રાઈટ સ્ટુડન્ટ હતો.

અભ્યાસમાં તેને ખાસ રસ હતો અને હવે આ વાતની સાબિતી પણ મળી ગઈ છે. સોશિયલ મીડિયા પર કિંગ ખાનની માર્કશીટ વાઈરલ થઈ રહી છે અને તેમાં તેનું એકેડેમિક પર્ફોર્મન્સ જોવા મળી રહ્યું છે. ચાલો જોઈએ શું છે ખાસ શાહરૂખની માર્કશીટમાંસોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી માર્કશીટ શાહરૂખ ખાનના કોલેજના દિવસોની છે. આ માર્કશીટ 1985-88ની હોવાનું કહેવાઈ રહ્યું છે અને આ માર્કશીટમાં જોવા મળે છે કે શાહરૂખ ખાન પોતાના એક ઈલેક્ટિવ સબ્જેક્ટ અર્થશાસ્ત્રમાં 92 ગુણ મેળવ્યા હતા, જ્યારે અંગ્રેજીમાં 51 અને ફિઝિક્સમાં 78 માર્ક્સ મળ્યા હતા. આ માર્ક્સ જોતાં જ ખ્યાલ આવે છે કે શાહરૂખ ખાન એક અવ્વલ સ્ટુડન્ટ હતો.

શાહરૂખ ખાન બાળપણથી જ એક ફોક્સ્ડ ચાઈલ્ડ રહ્યો છે. તે જે પણ કામ કરે છે તે પૂરા ધ્યાનથી કરે છે અને તેણે પોતાના દરેક કામને ગંભીરતાથી લઈને સારી રીતે પૂરું કર્યું છેકિંગખાને હંસરાજ કોલેજમાંથી ઈકોનોમિક્સની ડિગ્રી પૂરી કરીને તેણે જામિયા મિલિયા ઈસ્લામિયામાં અભ્યાસ કર્યો. પરંકુ થિયેટર અને ટીવીમાં વધતા રસને કારેમ અભ્યાસ છુટી ગયો અને એક્ટિંગની દુનિયામાં પગ મૂક્યો.

### રણવીરે જણાવ્યું હતું કે મેં કાંતારાઃ ચેપ્ટર વન થિયેટરમાં જોઈ અને ઋષભે ખૂબ જ શાનદાર અભિનય કર્યો છે

# રણવીર સિંહે એવો ભાંગરો વાટ્યો કે સ્ટોરી પોસ્ટ કરીને માંગવી પડી માફી

### કાંતારા 1ના સીન પર વિવાદ બાદ રણવીર સિંહે માફી માંગી, IFFI 2025 ક્લોઝિંગ સેરેમની

એક્ટર રણવીર સિંહ પોતાની અજીબો-ગરીબ આઉટફિટ અને હરકતોને કારણે ચર્ચામાં રહેતો હોય છે. પરંતુ હાલમાં ગોવા ખાતે યોજાઈ રહેલાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) 2025ની ક્લોઝિંગ સેરેમની ઋષભ શેટ્ટીની ફિલ્મ કાંતાર: ચેપ્ટર વનના સીનને લઈને કંઈક એવી પ્રતિક્રિયા આપી હતી કે હવે રણવીર સિંહે માફી માંગવાનો વારો આવ્યો છે.

આ વિવાદ એટલો આગળ વધી ગયો હતો કે સોશિયલ મીડિયા પર રણવીરને ટ્રોલ કરવામાં આવ્યો હતો. ચાલો જોઈએ શું છે આરી સ્ટોરી

વાત જાણે એમ છે કે સોશિયલ મીડિયા પર રણવીક સિંહનો ઈફીની ક્લોઝિંગ સેરેમનીનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો હતો. આ વીડિયોમાં તે ફિલ્મ કાંતારા: ચેપ્ટર વનના એક્ટર ઋષભ શેટ્ટીની એક્ટિંગના વખાણ કરે છે. આ વખાણ કરતાં રણવીર એક ખાસ સીનનો ઉલ્લેખ કરે છે અને તે એ સીનની મિમીક્રી કરે છે.

એટલું જ નહીં તે દેવતાઓને ભૂત પણ કહે છે અને વિવાદ હદથી આગળ વધી ગયો. આ સમયે ઋષભ ઓડિયન્સમાં હાજર હોય છે. જોકે, કેટલાક લોકોને રણવીર સિંહનું આ રીતે મિમીક્રી કરવાનું પસંદ નથી આવ્યું અને તેમણે એને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે.

આજે મંગળવારે સવારે રણવીર સિંહે આ વિવાદને જોતા ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરીને ફેન્સની માફી માંગી હતી. રણવીરે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે મારો ઈરાદો ખાલી ઋષભની એક્ટિંગ સ્કિલને હાઈલાઈટ કરવાનો હતો.

દરેક એક્ટર એ વાત જાણે છે કે જે





રીતે ઋષભે આ સીન કર્યો છે તેમાં કેટલી મહેનત લાગે છે. હું એના માટે તેના ખૂબ જ વખાણ કરું છું. હું હંમેશા દરેક દરેક કલ્ચર, પરંપાર, વિશ્વાસ અને સંસ્કૃતિનો આદર કરે છે. જો મારે કારણે કોઈની લાગણી દુભાઈ હોય તો હું એના માટે દિલથી માફી માંગું છું.

રણવીર સિંહે આ સ્ટેટમેન્ટથી પોતાની ભૂલ તો સ્વીકારી જ છે પણ એની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સમ્માન પણ પ્રગટ કર્યું છે. આ ઘટના ત્યારે બની જની જ્યારે રણવીરે સ્ટેજ પર કાંતારાઃ ચેપ્ટર વનના કલાઈમેક્સ સીનને ફરી રીપ્લે કર્યો.


રણવીરે જણાવ્યું હતું કે મેં કાંતારાઃ ચેપ્ટર વન થિયેટરમાં જોઈ અને ઋષભે ખૂબ જ શાનદાર અભિનય કર્યો છે અને એમાં પણ ખાસ કરીને જ્યારે મહિલા ભૂત (ચામંડી દેવ) તમારા શરીરમાં પ્રવેશ કરે છે એ સીન અદ્ભૂત હતો.

બસ રણવીરની આ હરકત યુઝર્સને પસંદ નહીં આવી અને તેમણે એક્ટરને ભગવાનને ભૂત કહેવા માટે ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. આ મામલે રણવીર સામે દેવી-દેવતાઓનું અપમાન કરવા માટે એફઆઈઆર પણ નોંધાવવામાં આવ્યો છે. રણવીરે પણ વાત વધારે વણસે એ પહેલાં જ સ્ટેટમેન્ટ આપીને આખી વાતને ખૂબ જ સારી રીતે સંભાળી લીધી હતી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો હાલમાં રણવીર સિંહ પોતાની આગામી ફિલ્મ ધૂરંધરને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મમાં રણવીર સિંહનો લૂક ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે.

## મેજર મોહિત શર્મા સાથે કોઈ સંબંધ નથી

# ધુરંધરઃ નવી સમીક્ષા પછી CBFC એ રણવીર સિંહની ફિલ્મને મંજૂરી



• મુંબઈ

ગયા અઠવાડિયે ફિલ્મ ધુરંધર કાનૂની મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી જ્યારે અશોક ચક્ર પુરસ્કાર વિજેતા સ્વર્ગસ્થ મેજર મોહિત શર્માના માતા-પિતાએ દિલ્હી હાઈકોર્ટમાં ફિલ્મની રિલીઝ પર તાત્કાલિક રોક લગાવવાની વિનંતી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે આદિત્ય ધરની ફિલ્મ તેમના પુત્રના જીવન, વ્યક્તિત્વ, ગુપ્ત કામગીરી અને શહાદતથી "સીધી પ્રેરિત લાગે છે". મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ મેજર શર્માના પરિવારે અહેવાલ આપ્યો હતો કે ધુરંધર તેમની સંમતિ વિના બનાવવામાં આવ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) ને અશોક ચક્ર પુરસ્કાર વિજેતા સ્વર્ગસ્થ મેજર મોહિત શર્માના માતા-પિતા દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો હતો. ફિલ્મ સંસ્થાએ હવે ધુરંધરની નવેસરથી તપાસ પૂર્ણ કરી છે. તેના તાજેતરના સંદેશમાં, CBFC એ સ્પષ્ટ કર્યું છે કે ફિલ્મનો મેજર મોહિત શર્મા સાથે કોઈ સંબંધ નથી. આ પુનઃમૂલ્યાંકન 1 ડિસેમ્બર, 2025 ના રોજ કોર્ટના આદેશનું પાલન કરીને કરવામાં આવ્યું હતું. વાંધાઓનો અભ્યાસ કર્યા પછી, બોર્ડે પરિવારની ચિંતાઓને ફગાવી દીધી, અને કહ્યું કે આ ફિલ્મ મેજર શર્માના જીવન, સેવા અથવા વ્યક્તિગત અનુભવો સાથે કોઈપણ રીતે મળતી નથી અથવા સંદર્ભો આપતી નથી. બીજી સમીક્ષા દરમિયાન, CBFC અધિકારીઓએ મુખ્યત્વે હાઈકોર્ટ દ્વારા ઘડવામાં આવેલા પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કર્યું - શું ધુરંધર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેજર શર્માના જીવનનું ચિત્રણ કરે છે કે તેમાંથી ચિત્રણ કરે છે. બોર્ડે તારણ કાઢ્યું કે આ ફિલ્મ સંપૂર્ણપણે કાલ્પનિક કૃતિ છે અને તેમાં સ્પષ્ટ અસ્વીકરણ પણ છે જેમાં નોંધવામાં આવ્યું છે કે બધા પાત્રો, ઘટનાઓ અને વાર્તાઓ સંપૂર્ણપણે કાલ્પનિક છે અને વાસ્તવિક લોકો પર આધારિત નથી. એક આંતરિક નોંધમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે તપાસ સમિતિએ 28 નવેમ્બર, 2025 ના રોજ ફિલ્મ જોઈ હતી, અને થોડા કાપ અને સુધારાઓ પછી, અલબત્ત, તેને પુખ્ત પ્રમાણપત્ર માટે યોગ્ય માન્યું. હાઈકોર્ટના નિર્દેશને અનુસરીને, અધિકારીઓએ ફિલ્મનું પુનઃમૂલ્યાંકન કર્યું પરંતુ તેમના અગાઉના નિષ્કર્ષ પર ફરીથી વિચાર કરવાનું કોઈ કારણ મળ્યું નહીં. અગાઉ, ફિલ્મ નિર્માતા આદિત્ય ધરે X (પહેલાનું ટ્વિટર) પર જઈને સ્પષ્ટતા કરી હતી કે આ ફિલ્મ મેજર શર્માના જીવન પર આધારિત નથી. "નમસ્તે, સાહેબ - અમારી ફિલ્મ ધુરંધર બહાદુર મેજર મોહિત શર્મા એસી(પી) એસએમના જીવન પર આધારિત નથી. આ એક સત્તાવાર સ્પષ્ટતા છે. હું તમને ખાતરી આપું છું કે, જો અમે ભવિષ્યમાં મોહિત સર પર બાયોપિક બનાવીશું, તો અમે તે સંપૂર્ણ સંમતિથી અને પરિવાર સાથે સંપૂર્ણ પરામર્શથી કરીશું, અને એવી રીતે કે જે રાષ્ટ્ર માટે તેમના બલિદાન અને આપણા બધા માટે તેણે જે વારસો છોડી દીધો છે તેનું ખરેખર સન્માન કરે. જય હિંદ," તેમણે લખ્યું. સુનાવણી દરમિયાન, CBFC નું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ આશિષ દિક્ષિતે કોર્ટને જાણ કરી હતી કે પ્રમાણપત્ર પ્રક્રિયા હજુ પણ ચાલુ છે અને અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓની પહેલાથી જ તપાસ કરવામાં આવી રહી છે. કોર્ટે નોંધ્યું હતું કે CBFC પ્રમાણપત્ર આપતા પહેલા જરૂર પડ્યે ભારતીય સેનાનો સંપર્ક કરી શકે છે. જો કે, બોર્ડે હવે નિષ્કર્ષ કાઢ્યો છે કે આવી પરામર્શ બિનજરૂરી છે, કારણ કે ફિલ્મમાં કોઈ વાસ્તવિક આર્મી અધિકારી અથવા વાસ્તવિક લશ્કરી કામગીરી દર્શાવવામાં આવી નથી. મેજર શર્માના માતા-પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટમાં વ્યાપક દલીલો પછી આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

# ઈન્ડો-કેનેડિયન રંગમંચ વ્યક્તિત્વ રવિ જૈનને કેનેડાના સૌથી પ્રતિષ્ઠિત થિયેટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

• ટોરેન્ટો

ટોરોન્ટોમાં જન્મેલા ઈન્ડો-કેનેડિયન રંગમંચ વ્યક્તિત્વ રવિ જૈનને કેનેડાના સૌથી પ્રતિષ્ઠિત થિયેટર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. સોમવારે, રવિ જૈનને 2025 સિમિનોવિચ પુરસ્કાર વિજેતા તરીકે નામ આપવામાં આવ્યું, જે કેનેડાનું સર્વોચ્ચ થિયેટર સન્માન છે. સિમિનોવિચ થિયેટર ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતો આ પુરસ્કાર તેના 25મા પુનરાવર્તનમાં એનાયત કરવામાં આવ્યો હતો. જૈનને CA$ 100,000 નો રોકડ પુરસ્કાર મળ્યો અને તેમણે સિમિનોવિચ પુરસ્કાર પ્રોટેજી તરીકે મીરિયમ ફર્નાન્ડિસને પસંદ કર્યા. 2023 ની વસંતઋતુમાં, જૈને ભારતીય મહાકાવ્ય, મહાભારતનું પુનઃકલ્પિત સંસ્કરણ દિગ્દર્શન કર્યું હતું. તેમણે મહાકાવ્યનું પુનઃકથન પણ લખ્યું હતું અને તેને મીરિયમ ફર્નાન્ડિસ સાથે રૂપાંતરિત કર્યું હતું. સિમિનોવિચ પુરસ્કાર દર વર્ષે અસાધારણ થિયેટર સર્જકોને એનાયત કરવામાં આવે છે અને "કેનેડિયન થિયેટરનો ઉજવણી અને કલા સ્વરૂપના ભવિષ્યમાં રોકાણ છે", એક અખબારી યાદીમાં નોંધાયું છે. "રવિ જૈન એક અદ્ભુત શ્રેણી અને સાહસિકતાના સર્જક છે, જેમની કારકિર્દીએ સતત કેનેડિયન થિયેટર શું હોઈ શકે છે તે ફરીથી વ્યાખ્યાયિત કર્યું છે. તેમના કાર્યો આત્મીય અને મહાકાવ્યને ફેલાવે છે, છતાં દરેકમાં એક અશાંત જિજ્ઞાસા અને સ્થાપિત સૂત્રોનું પુનરાવર્તન કરવાનો ઈનકારની છાપ છે. જ્યુરીએ જૈનને માત્ર તેજસ્વી કલાકાર તરીકે જ નહીં પરંતુ તેમની આસપાસના ઈકોસિસ્ટમને ફરીથી આકાર આપનારા નિર્માતા તરીકે પણ માન્યતા આપી. તેમના કાર્યો તેમની સમાવેશીતા, જોખમ લેવાની તેમની ભૂખ અને આશ્ચર્યચકિત કરવાની તેમની ક્ષમતા માટે નોંધપાત્ર છે," પુરસ્કારના જ્યુરી અધ્યક્ષ ગિલેર્મો વર્ડેચિયાએ જણાવ્યું હતું. ટોરોન્ટો સ્થિત વ્હાય નોટ થિયેટરના સ્થાપક જૈનનું વર્ણન "તેમની કારકિર્દી થિયેટરની પુનઃકલ્પના કરવામાં અને પ્રેક્ષકો અને કલાકારો બંનેના જીવનને સમૃદ્ધ બનાવવામાં વિતાવી" જ્યારે "નાટ્ય સાહસ અને સામાજિક ચેતના"નું મિશ્રણ કર્યું. "હું જે કરું છું તેના હૃદયમાં એવી પ્રક્રિયાઓ અને કાર્યનું સર્જન છે જે અસ્તિત્વના વૈકલ્પિક દ્રષ્ટિકોણને પ્રેરણા આપે છે. કલા સામાજિક પરિવર્તન માટે એક સાધન છે, પ્રક્રિયા અને કલા બંને કલ્પનાની ક્રાંતિ છે - અને આપણને બધાને વધુ સારા શ્રોતાઓ, અનુભૂતિકર્તાઓ અને લોકો બનવા માટે પ્રેરણા આપવાની રીતો છે," જૈને કહ્યું. મહાભારતની તેમની મહત્વાકાંક્ષી પુનઃકલ્પનાનો પ્રીમિયર 2023 ના વસંતઋતુમાં નાયગ્રા-ઓન-ધ-લેકના મનોહર શહેર શો ફેસ્ટિવલમાં થયો હતો, અને તેનું નિર્માણ લંડનના બાર્બિકન સાથે મળીને કરવામાં આવ્યું હતું. તેની જટિલતાને ધ્યાનમાં રાખીને, પ્રદર્શનને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતુંઃ કર્મ અને ધર્મ. એકસાથે, તેઓએ લગભગ પાંચ કલાકનો સ્ટેજ સમય પસાર કર્યો. તેના પ્રીમિયર પહેલાં, જૈને હિન્દુસ્તાન ટાઈમ્સને કહ્યું, "અમે ખરેખર સામગ્રી સાથે ખૂબ કાળજી રાખવાનો પ્રયાસ કર્યો છે .

# એલોન મસ્કનો દાવોઃ 5 કે વધુમાં વધુ 10 વર્ષમાં 'અનિવાર્ય યુદ્ધ' શરૂ થશે

• વોશિંગ્ટન

X પર એલોન મસ્કની તાજેતરની ટિપ્પણીએ પ્લેટફોર્મ પર ભારે હોબાળો મચાવ્યો છે, ટેક મોગલએ જાહેર કર્યું છે કે એક મોટો વૈશ્વિક સંઘર્ષ હવે દૂરનો ભય નથી પણ એક નિકટવર્તી વાસ્તવિકતા છે. પોતાના સ્પષ્ટ શબ્દો માટે જાણીતા, અબજોપતિએ આગાહી કરવામાં અચકાયા નહીં કે આગામી દાયકામાં યુદ્ધ ફાટી શકે છે. ટેક અબજોપતિ એલોન મસ્કે ચેતવણી આપી છે કે વિશ્વ ટૂંક સમયમાં વૈશ્વિક યુદ્ધમાં ફસાઈ શકે છે. કોઈપણ સમજૂતી વિના આપેલા તેમના સ્પષ્ટ અને ચિંતાજનક નિવેદને ઈન્ટરનેટને ઉન્માદમાં મૂકી દીધું, નેટીઝન્સ તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે તેઓ કયા સંઘર્ષનો ઉલ્લેખ કરી રહ્યા છે. મસ્કે પરમાણુ અવરોધ વૈશ્વિક શાસનને કેવી રીતે આકાર આપે છે તેની ચર્ચા કરતા થ્રેડનો જવાબ આપ્યો. તેમનો જવાબ સ્પષ્ટ હતો; ટેક અબજોપતિએ જાહેર કર્યું કે યુદ્ધ અનિવાર્ય છે, જે સૂચવે છે કે તે 2030 ની શરૂઆતમાં ફાટી શકે છે 'યુદ્ધ અનિવાર્ય છે' "યુદ્ધ અનિવાર્ય છે. વધુમાં વધુ 5 વર્ષ, 10 વર્ષ," મસ્કે કોઈ વધુ સમજૂતી આપ્યા વિના લખ્યું. ટેસ્લાના સીઈઓ વૈશ્વિક શાસન પર પરમાણુ અવરોધની અસરની ચર્ચા કરતી પોસ્ટનો જવાબ આપી રહ્યા હતા. "કદાચ મારો સૌથી ખરાબ અભિપ્રાય (જે મને આશા છે કે ખોટો હશે) એ છે કે સરકારો હવે ખરાબ છે કારણ કે પરમાણુ શસ્ત્રો મોટી શક્તિઓ વચ્ચે યુદ્ધ, અથવા યુદ્ધના વિશ્વસનીય ખતરાને પણ અટકાવે છે. તેથી સરકારો પર ખરાબ ન થવા માટે કોઈ બાહ્ય/ઉત્ક્રાંતિવાદી/બજાર દબાણ નથી," હન્ટર એશ તરીકે ઓળખાવતા વપરાશકર્તાએ X પર લખ્યું. જોકે, એલોન મસ્કે તેમની ટિપ્પણી આપી ન હતી અથવા તેનું વિગતવાર વર્ણન કર્યું ન હતું, જેના કારણે X પરના વપરાશકર્તાઓ આશ્ચર્યચકિત અને ટૂંક સમયમાં શું થઈ શકે છે તે અંગે અંધારામાં હતા "તે ખૂબ જ નિરાશાવાદી છે. તમે સામાન્ય રીતે આ પ્લેટફોર્મ પર મોટા આશાવાદી છો. હવે હું દુઃખી છું," એક વપરાશકર્તાએ લખ્યું. X પરના કેટલાક વપરાશકર્તાઓએ મસ્કના xAI ના AI ચેટબોટ, ગ્રોક પાસેથી સમજૂતી મેળવવાનો પ્રયાસ કર્યો. "એલોને તે પોસ્ટમાં પક્ષો કે કારણોનો ઉલ્લેખ કર્યો નથી. તેમના ભૂતકાળના નિવેદનો પરથી, તેમણે યુરોપ/યુકેમાં મોટા પાયે સ્થળાંતર અને ઓળખની રાજનીતિ, અથવા તાઈવાન પર યુએસ-ચીન જેવા વૈશ્વિક સંઘર્ષો, અથવા યુક્રેન ત્રીજા વિશ્વયુદ્ધમાં વધારો જેવા સંભવિત ગૃહયુદ્ધોની ચેતવણી આપી છે, પરમાણુ અવરોધો છતાં વધતા તણાવનો ઉલ્લેખ કર્યો છે. આ થ્રેડની શાસન ચર્ચા સાથે સુસંગત છે," ગ્રોકે જવાબ આપ્યો. "શું આ પ્રાદેશિક પડોશી યુદ્ધો હશે જેમ કે આપણે યુક્રેન અને પેલેસ્ટાઈનમાં જોયું છે. નાગરિક યુદ્ધોથી દૂર નથી?"

## અલ્હાબાદ હાઈકોર્ટે યુપીને

# ધર્માંતરિત વ્યક્તિઓના SC દરજ્જાની ચકાસણી કરવાનો આદેશ આપ્યો

• લખનૌ

અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એવા કેસોની ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે જ્યાં હિન્દુ, શીખ અથવા બૌદ્ધ ધર્મ સિવાયના ધર્મોમાં ધર્માંતરણ કરનારા વ્યક્તિઓ હજુ પણ અનુસૂચિત જાતિ (SC) લાભોનો દાવો કરી રહ્યા છે. કોર્ટે કહ્યું કે આ પ્રથા "બંધારણ સાથે છેતરપિંડી" સમાન છે અને કહ્યું કે ધર્માંતરણ પછી જાતિના દરજ્જા અંગેના કાયદાને "વાસ્તવિકતા અને ખરા અર્થમાં" લાગુ કરવો જોઈએ. કોર્ટે ગોરખપુરના મહારાજગંજ જિલ્લાના રહેવાસી જિતેન્દ્ર સહાનીની અરજીને ફગાવી દેતા આ ચુકાદો આપ્યો હતો. સહાનીએ ખ્રિસ્તી પ્રાર્થના સભાઓ દરમિયાન હિન્દુ દેવતાઓ વિશે અપમાનજનક ટિપ્પણી કરવા અને ધાર્મિક ધર્માંતરણને પ્રોત્સાહન આપવા બદલ તેમની સામે ફોજદારી કાર્યવાહી રદ કરવાની માંગ કરી હતી. જોકે કોર્ટે ફોજદારી કેસમાં દખલ કરી ન હતી, પરંતુ તેણે ધર્માંતરણ કરનારાઓ દ્વારા ખોટા SC દાવાઓની મોટી સમસ્યાને સંબોધવા માટે તકનો ઉપયોગ કર્યો હતો. સહાનીએ ભારતીય દંડ સંહિતાની કલમ 153A અને 295A હેઠળ કાર્યવાહીને પડકારવા માટે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ 482 હેઠળ અરજી દાખલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે આરોપો પાયાવિહોણા હતા અને કહ્યું હતું કે તેઓ ફક્ત પૂર્વ પરવાનગીથી પ્રાર્થના સભાઓ ચલાવતા હતા. સુનાવણી દરમિયાન, કોર્ટે અવલોકન કર્યું કે હિન્દુ સમુદાયમાં જન્મેલા સહાનીએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો અને પાદરી તરીકે સેવા આપી હતી. છતાં કોર્ટમાં આપેલા સોગંદનામામાં, તેમણે હજુ પણ હિન્દુ તરીકે ઓળખ આપી હતી. બેન્ચે બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશ, 1950 નો ઉલ્લેખ કર્યો હતો, જે જણાવે છે કે હિન્દુ ધર્મ, શીખ ધર્મ અથવા બૌદ્ધ ધર્મ સિવાય અન્ય કોઈ ધર્મનું પાલન કરતી કોઈપણ વ્યક્તિ અનુસૂચિત જાતિનો દરજ્જો જાળવી શકતી નથી. કોર્ટે સુસાઈ, કેપી મનુ અને સી સેલવરાની સહિતના સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ધર્માંતરણ પછી અનુસૂચિત જાતિના લાભોનો દાવો કરવાની મંજૂરી નથી અને તે અનામતના હેતુને નિષ્ફળ બનાવે છે.

## પ્રાડા ગ્રુપે આ વર્ષે તેની સપ્લાય ચેઈનમાં 60 મિલિયન યુરોનું રોકાણ કર્યું છે

# ફેશન હરીફ વર્સાચેને લગભગ $1.4 બિલિયનના સોદામાં પ્રાડા ગ્રૂપ દ્વારા ખરીદવામાં આવ્યું

• નવી દિલ્હી

પ્રાડા ગ્રુપે મંગળવારે જાહેરાત કરી હતી કે તેણે મિલાન ફેશન હરીફ વર્સાચેને 1.25 બિલિયન યુરો (લગભગ $1.4 બિલિયન) ના સોદામાં સત્તાવાર રીતે ખરીદ્યું છે, જે તેના સેક્સી સિલુએટ્સ માટે જાણીતા ફેશન હાઉસને પ્રાડાના "કદરૂપ ચિક" સૌંદર્ય શાસ્ત્ર અને મિયુ મિયુના યુવા-સંચાલિત આકર્ષણની સમાન છત હેઠળ રાખે છે. યુએસ લક્ઝરી ગ્રુપ કેપ્રી હોલ્ડિંગ્સના ભાગ રૂપે રોગચાળા પછીના પ્રદર્શનને મધ્યમ કર્યા પછી, ખૂબ જ અપેક્ષિત સોદો વર્સાચેના નસીબને ફરીથી લોન્ચ કરવાની અપેક્ષા રાખે છે. પ્રાડાએ એક વાક્યના નિવેદનમાં જણાવ્યું હતું કે તમામ નિયમનકારી મંજૂરીઓ પ્રાપ્ત કર્યા પછી સંપાદન પૂર્ણ થયું છે. પ્રાડાના વારસદાર લોરેન્ઝો બર્ટેલી ગ્રુપ માર્કેટિંગ ડિરેક્ટર અને ટકાઉપણું ચીફ તરીકેની ભૂમિકાઓ ઉપરાંત, એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે વર્સાચેના આગામી તબક્કાનું નેતૃત્વ કરશે. સહ-સર્જનાત્મક ડિરેક્ટર મિયુસિયા પ્રાડા અને લાંબા સમયથી પ્રાડા ગ્રુપના ચેરમેન પેટ્રિઝિયો બર્ટેલીના પુત્રએ કહ્યું છે કે તેઓ વર્સાચેમાં કોઈ ઝડપી એક્ઝિક્યુટિવ ફેરફારો કરવાની અપેક્ષા રાખતા નથી. પરંતુ બર્ટેલીએ કહ્યું છે કે કંપની, જે વિશ્વની ટોચની 10 સૌથી વધુ માન્ય બ્રાન્ડ્સમાં સ્થાન ધરાવે છે, તે લાંબા સમયથી બજારમાં નબળું પ્રદર્શન કરી રહી છે. પ્રાડાએ ભાર મૂક્યો છે કે 47 વર્ષ જૂની વર્સાચે બ્રાન્ડ "નોંધપાત્ર, અપ્રચલિત વૃદ્ધિ સંભાવના" પ્રદાન કરે છે. વર્સાચે નવા ડિઝાઈનર, ડારિયો વિટાલેના નેતૃત્વમાં સર્જનાત્મક પુનઃલોન્ચની વચ્ચે છે, જેમણે સપ્ટેમ્બરમાં મિલાન ફેશન વીક દરમિયાન તેમના પ્રથમ સંગ્રહનું પૂર્વાવલોકન કર્યું હતું. તેઓ અગાઉ મિયુ મિયુમાં ડિઝાઈનના વડા હતા, પરંતુ વર્સાચે તેમનું સ્થળાંતર પ્રાડા સોદા સાથે સંબંધિત નહોતું, એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું છે. કેપ્રી હોલ્ડિંગ્સ, જે માઈકલ કોર્સ અને જીમી ચૂના માલિક છે, તેણે 2018 માં વર્સાચે માટે $2 બિલિયન ચૂકવ્યા હતા, પરંતુ "શાંત વૈભવી" ના તાજેતરના યુગમાં વર્સાચેની બોલ્ડ પ્રોફાઈલને સ્થાન આપવા માટે સંઘર્ષ કરી રહી હતી. વર્સાચે કેપ્રી હોલ્ડિંગ્સ 2024 ની 5.2 બિલિયન યુરોની આવકના 20%નું પ્રતિનિધિત્વ કર્યું હતું. પ્રાડા ડીલ માટે વિશ્લેષક પ્રેઝન્ટેશનમાં જણાવાયું હતું કે વર્સાચે પ્રાડા ગ્રુપના પ્રો-ફોર્મા આવકના 13%નું પ્રતિનિધિત્વ કરશે, જેમાં મિઉ મિઉ 22% અને પ્રાડા 64% હિસ્સો ધરાવશે. પ્રાડા ગ્રુપ, જેમાં ચર્ચના ફૂટવેરનો પણ સમાવેશ થાય છે, ગયા વર્ષે આવકમાં 17% વધારો થયો હતો અને તે 5.4 અબજ યુરો થઈ હતી. પ્રાડા ગ્રુપે પહેલાથી જ ક્રોસટાઉન હરીફ વર્સાચેને તેની ઈટાલિયન ઉત્પાદન પ્રણાલીમાં સામેલ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જે જૂથ માટે ગર્વની વાત છે. "એક અથવા બીજી બ્રાન્ડ માટે બેગ બનાવતી વખતે, જ્ઞાન એકસરખું હોય છે," બર્ટેલીએ ગયા અઠવાડિયે ગ્રુપની સ્કેન્ડિકી લેધર ગુડ્સ ફેક્ટરીમાં પત્રકારોને જણાવ્યું હતું, જે પહેલાથી જ પ્રાડા અને મિયુ મિયુ બ્રાન્ડ માટે બેગ બનાવે છે અને ટૂંક સમયમાં વર્સાચે ઉમેરશે. પ્રાડા ગ્રુપે આ વર્ષે તેની સપ્લાય ચેઈનમાં 60 મિલિયન યુરોનું રોકાણ કર્યું છે, જેમાં સિએના નજીક એક નવી લેધર ગુડ્સ ફેક્ટરી, પેરુગિયા નજીક એક નવી નીટવેર ફેક્ટરી તેમજ બ્રિટનમાં તેની ફેક્ટરી ચર્ચની ફૂટવેર ફેક્ટરીમાં ઉત્પાદન વધારવાનો અને બીજી ટસ્કન ફેક્ટરીનો વિસ્તાર કરવાનો સમાવેશ થાય છે. તે 2019-24 થી રોકાણમાં 200 મિલિયન યુરોથી ઉપર છે.

## બરોડાએ શક્તિશાળી પંજાબને હરાવવામાં મદદ કરી

# ઈજામાંથી વાપસી કરતી વખતે હાર્દિક પંડ્યાએ વિસ્ફોટક ઈનિંગ રમી

• હૈદરાબાદ

બરોડા અને મહારાષ્ટ્રે ઘરેલુ સર્કિટમાં વ્યક્તિગત વાપસી, બ્રેકઆઉટ પ્રદર્શન અને ઉચ્ચ સ્કોરિંગ દબાણ ચેઝ દ્વારા ચિહ્નિત દિવસે વિરોધાભાસી પરંતુ સમાન ઘટનાપૂર્ણ વિજય મેળવ્યા. પંજાબ સામે બરોડાની મેચમાં, હાર્દિક પંડ્યાએ એશિયા કપ 2025 દરમિયાન લેફ્ટ-ક્વાડ્રિસેપ ઈજા પછી તેની પ્રથમ સ્પર્ધાત્મક આઉટિંગ બનાવી. પોતાની ફિટનેસ અને ફોર્મની આસપાસ તપાસ કરતી મેચમાં પ્રવેશતા, તેણે 42 બોલમાં 77 રન બનાવીને અણનમ રહીને બરોડાને 223 રનનો પીછો કરવામાં મદદ કરી. શિવાલિક શર્મા સાથે ત્રીજી વિકેટ માટે 101 રનની ભાગીદારી દરમિયાન તેના પ્રયાસને વધુ ટેકો મળ્યો. એક વ્યૂહાત્મક કોલમાં જેણે ઈનિંગ્સનો ટેમ્પો બદલી નાખ્યો, શર્મા 32 બોલમાં 47 રન બનાવ્યા પછી નિવૃત્ત થયો, જેનાથી જીતેશ શર્મા માટે છેલ્લી 15 બોલમાં હાર્દિક સાથે જોડાવાનો દરવાજો ખુલ્યો, જ્યારે હજુ 30 રનની જરૂર હતી. આ જોડીએ માત્ર નવ બોલમાં પીછો પૂર્ણ કર્યો, સાત વિકેટથી વિજય મેળવ્યો. દિવસની શરૂઆતમાં, હાર્દિકની બોલિંગે ચાર ઓવરમાં 52 રન આપીને 1 વિકેટ લીધી. અભિષેક શર્માની 18 બોલમાં વિસ્ફોટક અડધી સદીને કારણે પંજાબનો ટોપ ઓર્ડર સારો દેખાવ કરી રહ્યો હતો, પરંતુ તે પછીના બોલ પર પડી ગયો, અને અનમોલપ્રીત સિંહ, જેમણે 32 બોલમાં 69 રન બનાવ્યા અને નમન ધીર, જેમણે 28 બોલમાં 39 રન ઉમેર્યા, તેમના મધ્યમ ઓવરમાં વધારાના યોગદાન આપ્યા. આ યોગદાન છતાં, પંજાબનો કુલ સ્કોર અપૂરતો સાબિત થયો. બરોડા અને પંજાબ બંને હવે ગ્રુપ સીમાં બે-બે જીત સાથે ઉભા છે, જોકે ગુજરાત ચાર મેચમાંથી ત્રણ જીત સાથે ગ્રુપમાં ટોચનું સ્થાન ધરાવે છે. મહારાષ્ટ્ર વિરુદ્ધ બિહાર મુકાબલામાં પૃથ્વી શો, વૈભવ સૂર્યવંશી સ્ટાર છે બીજા મેચમાં, બિહારના વૈભવ સૂર્યવંશીએ એક સીમાચિહ્નરૂપ ઈનિંગ રમી. આગામી અંડર-19 વર્લ્ડ કપમાં ભારત માટે ઓપનિંગ કરવા માટે તૈયાર રહેલા 14 વર્ષીય ખેલાડીએ 61 બોલમાં સાત ચોગ્ગા અને સાત છગ્ગા ફટકારીને અણનમ 108 રન બનાવ્યા. ૨૦૨૫માં તેણે ફટકારેલી ત્રણ સદી આ વર્ષે કોઈપણ ભારતીય ખેલાડી દ્વારા ફટકારવામાં આવેલી સૌથી વધુ સદી છે.

# INS અરિધમન, ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન, ટૂંક સમયમાં કાર્યરત થશેઃ નૌકાદળના વડા

• નવી દિલ્હી

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ મંગળવારે જણાવ્યું હતું કે સ્વદેશી પરમાણુ બેલિસ્ટિક સબમરીન INS અરિધમન ખૂબ જ ટૂંક સમયમાં કાર્યરત થશે. તેમણે દિલ્હીમાં નૌકાદળ દિવસની પત્રકાર પરિષદને સંબોધતા આ નિવેદન આપ્યું હતું. એડમિરલ ત્રિપાઠીએ કહ્યું કે નૌકાદળ ભાગીદાર દેશો સાથે અનેક કવાયતો કરી રહ્યું છે. "અમારા ભાગીદારો સાથે કામ કરવા માટે... અમે ખૂબ જ સક્રિય છીએ. અમે 'મહાસાગર' ના વડા પ્રધાનના વિઝન દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ. અમે ગયા નૌકાદળ દિવસથી 21 દ્વિપક્ષીય, 9 બહુપક્ષીય અને 34 દરિયાઈ ભાગીદારી કવાયતો, 5 કોર્વેટ તૈનાતી અને 13 સંયુક્ત EZT અભિગમો હાથ ધર્યા છે," તેમણે કહ્યું. નૌકાદળના વડાએ મુખ્ય પહેલોની વિગતો શેર કરી નૌકાદળના વડાએ ભારતીય સશસ્ત્ર દળોની દરિયાઈ શાખા દ્વારા શરૂ કરાયેલી મુખ્ય પહેલો વિશે પણ વાત કરી. "હું ગયા વર્ષે ત્રણ પ્રથમ પહેલો પર પણ પ્રકાશ પાડવા માંગુ છું... હિંદ મહાસાગર જહાજ સાગર નૌકાદળ દ્વારા 5 એપ્રિલના રોજ કારવારથી INS સુનયના IOS SAGAR ને રવાના કરવામાં આવ્યું હતું અને નવ IOR દેશોની નૌકાદળો અને કોસ્ટ ગાર્ડના 44 ક્રૂ સાથે એક મહિનાથી વધુ સમય સુધી રોકાયા હતા, પાંચ બંદરોની મુલાકાત લીધી હતી અને બધા ભાગ લેનારા દેશો તરફથી ખૂબ પ્રશંસા મેળવી હતી, તેમજ જ્યારે પણ તેણીએ પોર્ટ કોલ કર્યો હતો. ખુલ્લા ક્ષેત્રમાં આ બધું છે," એડમિરલ ત્રિપાઠીએ કહ્યું. "અમે કરેલી બીજી પહેલ આફ્રિકા-ભારત કી મેરીટાઈમ એંગેજમેન્ટ હતી, જેનો અર્થ સંસ્કૃતમાં એકતા પણ થાય છે.

જ્યાં અમે 9 આફ્રિકન દેશો સાથે ભાગીદારી કરી અને દાર એસ સલામ, તાન્ઝાનિયામાં ભેગા થયા. અમારા સંરક્ષણ પ્રધાન તાંઝાનિયાના સંરક્ષણ પ્રધાન સાથે ત્યાં હાજર હતા, અને અમારી પાસે 9 આફ્રિકન દેશો વચ્ચે ખૂબ જ સારી મિત્રતા અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન હતું," તેમણે ઉમેર્યું. નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ જાહેરાત કરી હતી કે ભારતીય નૌકાદળને 2029 સુધીમાં ચાર રાફેલ ફાઈટર જેટનો પ્રથમ બેચ મળવાની અપેક્ષા છે. આ ઉપરાંત, તેમણે નોંધ્યું હતું કે પ્રોજેક્ટ 75 ઈન્ડિયા - જેમાં છ અત્યાધુનિક સબમરીન ખરીદવાનો સમાવેશ થાય છે - નોંધપાત્ર પ્રગતિ કરી છે અને ટૂંક સમયમાં ઔપચારિક કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી શક્યતા છે. ઓપરેશન સિંદૂરમાં નૌકાદળની સંડોવણીની ચર્ચા કરતા, એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે દળના અડગ વલણ અને મુખ્ય યુદ્ધ જહાજોની તૈનાતીએ પાકિસ્તાનને અસરકારક રીતે અટકાવ્યું, તેમના જહાજોને તેમના બંદરો સુધી મર્યાદિત રાખ્યા. "ઓપ સિંદૂર દરમિયાન આક્રમક વલણ અને તાત્કાલિક કાર્યવાહી, વાહક યુદ્ધ જૂથની તૈનાતીએ પાકિસ્તાન નૌકાદળને તેમના બંદરોની નજીક અથવા મકરાન કિનારાની નજીક રહેવાની ફરજ પાડી," તેમણે કહ્યું.

## કોર્ટે CBI રિમાન્ડનો ઈનકાર કર્યો

# ૧૯૮૯માં મુફ્તી સઈદની પુત્રીના અપહરણના કેસમાં ધરપકડ કરાયેલો વ્યક્તિ મુક્ત



નવી દિલ્હી : ૧૯૮૯માં તત્કાલીન ગૃહમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદની પુત્રીના અપહરણમાં કથિત સંડોવણી બદલ શફાત અહેમદ શાંગલૂ નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ એક દિવસ પછી જમ્મુની એક કોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા દાખલ કરાયેલી કસ્ટડી અરજીને નકારી કાઢતા તેને મુક્ત કરવામાં આવ્યો હતો. સ્પેશિયલ કોર્ટ (સીબીઆઈ/ટાડા કેસ માટે) દ્વારા આપવામાં આવેલા આદેશના વિગતવાર જવાબો તાત્કાલિક ઉપલબ્ધ નહોતા.